اتل مآ اوحي ۲۱ — العنكبوت ۲۹

اُتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ مِنَ الْكِتٰبِ وَاَقِمِ
الصَّلٰوةَ ؕ اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ ؕ
وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تَصْنَعُوْنَ ﴿۴۵﴾ وَلَا
تُجَادِلُوْٓا اَهْلَ الْكِتٰبِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ ۖ اِلَّا الَّذِيْنَ
ظَلَمُوْا مِنْهُمْ وَقُوْلُوْٓا اٰمَنَّا بِالَّذِيْٓ اُنْزِلَ اِلَيْنَا وَاُنْزِلَ
اِلَيْكُمْ وَاِلٰـهُنَا وَاِلٰـهُكُمْ وَاحِدٌ وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿۴۶﴾
وَكَذٰلِكَ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ ؕ فَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ
الْكِتٰبَ يُؤْمِنُوْنَ بِهٖ ۚ وَمِنْ هٰٓؤُلَآءِ مَنْ يُّؤْمِنُ بِهٖ ؕ
وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الْكٰفِرُوْنَ ﴿۴۷﴾ وَمَا كُنْتَ تَتْلُوْا
مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا
لَّارْتَابَ الْمُبْطِلُوْنَ ﴿۴۸﴾ بَلْ هُوَ اٰيٰتٌۢ بَيِّنٰتٌ فِيْ

**અય મહબૂબ ! જે કિતાબ તમારી તરફ વહી કરવામાં આવી છે તે પઢો[1] અને નમાઝ કાયમ ફરમાવો, બેશક ! નમાઝ બેહયાઇ અને બુરી વાતથી રોકે છે[2]. અને બેશક ! અલ્લાહની યાદ બધાથી મોટી[3]. અને તમે જે કરો છો તે અલ્લાહ જાણે છે. (૪૫) અને અય મુસલમાનો ! તમે કિતાબવાળાઓ સાથે ન ઝગડો પણ સર્વોત્તમ રીતે[4], પણ તેમનામાંથી જેમણે જુલ્મ કર્યો[5]. અને કહો[6]; 'અમે ઇમાન લાવ્યા તેના પર જે અમારી તરફ ઉતર્યું અને જે તમારી તરફ ઉતર્યું અને અમારો તમારો મઅબૂદ એક છે અને અમે તેની સમક્ષ ગરદન નમાવેલા છીએ[7] (૪૬) અને અય મહબૂબ ! એવી જ રીતે તમારી તરફ કિતાબ ઉતારી તો તેઓ જેમને અમે કિતાબ આપી[8] (તેઓ) એના પર ઇમાન લાવે છે અને અમુક પેલાઓમાંથી છે[9] જે એના પર ઇમાન લાવે છે. અને અમારી આયતોને નકારતા નથી પણ કાફિરો[10] (૪૭) અને આથી[11] પહેલાં તમે કોઇ કિતાબ પઢતા હતા નહિ અને પોતાના હાથથી કશું લખતા પણ ન હતા, જો આવું હોત[12], તો અસત્યવાળાઓ જરૂર શંકા ઉપસ્થિત કરત[13] (૪૮) બલ્કે તે તો**

૧. અર્થાત કુરઆન શરીફ, કારણ કે એની તિલાવત સવાબ પણ છે અને એનામાં લોકો માટે નસીહત અને શિખામણ પણ છે તેમજ આદેશો અદબ અને સુલક્ષણોની તાલીમ પણ છે.

૨. અર્થાત શરીઅતે મના કરેલી બાબતોથી. માટે જે માણસ નમાઝનો પાબંદ બને છે અને સારી રીતે પઢે છે પરિણામે એક દિવસ એવો આવે છે કે તે એ બધી બુરાઇઓને ત્યજી દે છે, જેમાં તે પહેલાં સપડાએલો હતો.

હઝરત અનસ રદીયલ્લાહુ અન્હૂએ બયાન કર્યું છે કે; એક અન્સારી યુવાન હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે નમાઝ પઢયા કરતો હતો અને ઘણા બધા કબીરા ગુનાહો પણ કરતો હતો. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ને એ બાબત કહેવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું કે; એક દિવસ તેની નમાઝ તેને આ વાતોથી રોકી લેશે. પછી ટૂંકા ગાળામાં જ તેણે એ વાતોથી તવબહ કરી લીધી અને તે સુધરી ગયો.

હઝરત હસન રદીયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું છે કે; જેની નમાઝ તેને નિર્લજ્જતા અને મનાઇ કરેલી બાબતોથી અટકાવે નહિ તે નમાઝ જ નથી.

૩. કારણ કે તે બધી ઇબાદતોમાં સર્વોત્તમ છે. તિરમિઝીની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; 'શું હું તમને એવો અમલ ન દેખાડું જે તમારા બધા આમાલમાં ઉત્તમ અને પરવરદિગાર પાસે ખૂબ સ્વચ્છ ખૂબ ઊંચી કક્ષાનો અને તમારા માટે સોનુ ચાંદી આપવાથી (ખૈરાત કરવાથી) બેહતર અને જિહાદમાં લડવા તેમજ માર્યા જવાથી પણ વધારે સારો છે?' સહાબાએ વિનંતી કરી; 'બેશક યા રસૂલલ્લાહ!' ફરમાવ્યું; 'તે અલ્લાહ તઆલાનું ઝિક્ર છે'.

صُدُورِ الَّذِينَ أُوتُوا الْعِلْمَ ۚ وَمَا يَجْحَدُ بِآيَاتِنَا إِلَّا
الظَّالِمُونَ ﴿٤٩﴾ وَقَالُوا لَوْلَا أُنزِلَ عَلَيْهِ آيَاتٌ مِّن
رَّبِّهِ ۖ قُلْ إِنَّمَا الْآيَاتُ عِندَ اللَّهِ وَإِنَّمَا أَنَا نَذِيرٌ
مُّبِينٌ ﴿٥٠﴾ أَوَلَمْ يَكْفِهِمْ أَنَّا أَنزَلْنَا عَلَيْكَ الْكِتَابَ
يُتْلَىٰ عَلَيْهِمْ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَرَحْمَةً وَذِكْرَىٰ لِقَوْمٍ
يُؤْمِنُونَ ﴿٥١﴾ قُلْ كَفَىٰ بِاللَّهِ بَيْنِي وَبَيْنَكُمْ شَهِيدًا ۖ
يَعْلَمُ مَا فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۗ وَالَّذِينَ آمَنُوا
بِالْبَاطِلِ وَكَفَرُوا بِاللَّهِ أُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ ﴿٥٢﴾
وَيَسْتَعْجِلُونَكَ بِالْعَذَابِ ۚ وَلَوْلَا أَجَلٌ مُّسَمًّى لَّجَاءَهُمُ
الْعَذَابُ وَلَيَأْتِيَنَّهُم بَغْتَةً وَهُمْ لَا يَشْعُرُونَ ﴿٥٣﴾
يَسْتَعْجِلُونَكَ بِالْعَذَابِ وَإِنَّ جَهَنَّمَ لَمُحِيطَةٌ بِالْكَافِرِينَ ﴿٥٤﴾

**સ્પષ્ટ આયતો છે તેમના સીનાઓમાં જેમને ઇલ્મ આપવામાં આવ્યું[14], અને ઝાલિમો સિવાય કોઇ અમારી આયતોનો ઇન્કાર કરતું નથી[15] (૪૯) અને બોલ્યા[16], 'તેમના પર તેમના રબ તરફથી[17] અમુક નિશાનીઓ કેમ ઉતરી નહિ?' તમે કહી આપો; 'નિશાનીઓ તો અલ્લાહ પાસે જ છે[18] અને હું તો આ સ્પષ્ટ ડર સંભળાવનાર છું[19] (૫૦) અને શું એમને એ પુરતું નથી કે અમે ઉતારી તમારા પર કિતાબ જે તેમને પઢી સંભળાવવામાં આવે છે?[20] બેશક ! એમાં ઇમાનવાળાઓ માટે રહમત અને નસીહત છે (૫૧) તમે ફરમાવો; 'મારી તમારી વચ્ચે અલ્લાહ પુરતો ગવાહ છે[21] જે કંઇ આસ્માનો અને જમીનમાં છે તે તે જાણે છે, અને જેઓ અસત્ય પર ઇમાન લાવ્યા અને અલ્લાહને નકારનાર બન્યા તેઓ જ ખોટમાં છે' (૫૨) અને તમારી પાસે અઝાબની ઉતાવળ કરે છે?[22] અને જો એક નક્કી કરેલી મુદત હોત નહિ[23] તો જરૂર તેમના પર અઝાબ આવી જાત[24] અને જરૂર તેમના પર અચાનક આવશે જ્યારે કે તેઓને ખબર (પણ) નહિ હોય (૫૩) તમારી પાસે અઝાબની ઉતાવળ કરે છે? અને બેશક ! જહન્નમે કાફિરોને ઘેરી લીધેલા છે[25] (૫૪)**

તિરમિઝીની બીજી હદીષમાં છે કે સહાબાએ હુઝૂરને પૂછ્યું હતું કે; 'કયામતના દિવસે અલ્લાહ તઆલા પાસે ક્યા બન્દાઓની પદવી શ્રેષ્ઠ હશે?' આપે જવાબ આપ્યો કે; 'અલ્લાહનું વધારે ઝિક્ર કરનારાઓની'. સહાબાએ પૂછ્યું કે; 'અને અલ્લાહના માર્ગમાં જિહાદ કરનાર?' ફરમાવ્યું; 'જો તે પોતાની તલ્વાર વડે કાફિરો અને મુશરિકોને એટલે સુધી મારે કે તલ્વાર ભાંગી જાય અને તે લોહીમાં રંગાઇ જાય તો પણ ઝિક્ર કરનારાઓનો મરતબો જ તેમનાથી મોટો છે.'

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ આ આયતની એક તફસીર એવી બયાન કરી છે કે; અલ્લાહ તઆલાનું પોતાના બન્દાઓને યાદ કરવું એ બધાથી મોટું છે. અને એની તફસીરમાં એક કથન એવું છે કે નિર્લજ્જતા અને બુરી વાતોથી અટકાવવામાં અલ્લાહની યાદ બહુ મહાન છે.

૪. અલ્લાહ તઆલા પ્રતિ તેની આયતો વડે નોંતરીને અને દલીલો જણાવી આપીને.

૫. જુલ્મમાં હદ ઓળંગી ગયા, દુશ્મની આદરી શિખામણ ન સ્વીકારી નરમાશનો લાભ ઉઠાવ્યો નહિ તેમની સાથે સખતાઇપૂર્વક વર્તો. અને એક કથન મુજબ અર્થ એવો છે કે; જે લોકોએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કષ્ટ આપ્યું અથવા જેમણે અલ્લાહ તઆલાનો શરીક કે પુત્ર છે એવું કહ્યું તેમની સાથે સખ્તાઇ કરો. અથવા એ અર્થ છે કે; જિઝયો આપનાર ઝિમ્મીઓ સાથે સર્વોત્તમ રીતે વિવાદ કરો પણ જેમણે જુલ્મ કર્યો અને ઝિમ્મામાંથી નીકળી ગયા અને જિઝયો આપવાનો ઇન્કાર કર્યો તેમની સાથે તલ્વાર વડે વિવાદ થશે.

**મસઅલો :-** આ આયતથી ધાર્મિક બાબતોમાં કાફિરો સાથે મુનાઝિરો કરવાનું જાઇઝ હોવું પુરવાર

થાય છે, અને એવી જ રીત ઇલ્મે કલામ (વિવાદ વિદ્યા) શિખવાનું જાઇઝ હોવું પણ સાબિત થાય છે.

૬. એહલે કિતાબને જ્યારે તેઓ તમારી સામે પોતાની કિતાબોનો કોઇ લેખ વાંચે.

૭. હદીષ શરીફમાં છે કે; એહલે કિતાબ જ્યારે તમારી સામે કોઇ વાત (તેમની કિતાબોની) વર્ણવે ત્યારે તમે તેને ટેકો પણ ન આપો અને જૂઠી પણ ન કહો, એટલું કહી આપો કે અમે અલ્લાહ તઆલા પર અને તેની કિતાબો પર અને તેના રસૂલો પર ઇમાન લાવ્યા. તો જો તે વાત તેમણે જૂઠી કહી હશે તો તેને ટેકો આપવાના ગુનાહથી તમે બચી જશો અને જો વાત ખરી હશે તો તેને ખોટી કહેવાના વબાલમાંથી છુટશો.

૮. અર્થાત જેમને તવરાત આપી જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો.

**ફાયદો** :- આ સૂરત મક્કી છે અને હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો મદીનામાં ઇમાન લાવ્યા હતા પણ અલ્લાહ તઆલાએ ત્યાર પહેલાં જ એની ખબર આપી દીધી જેથી એ ગેબની ખબરો માંથી છે. (જુમલ)

૯. અર્થાત મક્કાવાસીઓમાંથી.

૧૦. જેઓ સખ્તાઇપૂર્વક કુફ્ર પર અડેલા છે. 'જુહૂદ' એવા ઇન્કારને કહે છે જે સત્યને ઓળખી લેવા છતાં કરવામાં આવે અર્થાત જાણી જોઇને ફરી બેસવું. અને હકીકત પણ એવી જ હતી, યહૂદીઓ સારી રીતે જાણતા હતા કે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અલ્લાહના સાચા નબી છે અને કુરઆન સત્ય છે આ બધુ જાણતા હોવા છતાં તેમણે માત્ર અદેખાઇથી ઇન્કાર કર્યો.

૧૧. કુરઆન ઉતરતાં પહેલાં.

૧૨. અર્થાત આપ લખત વાંચત...

૧૩. અર્થાત એહલે કિતાબ એવું કહેત કે અમારી કિતાબોમાં આખરી નબીનો ગુણ એ વર્ણવાયો છે કે તેઓ ઉમ્મી હશે, લખશે વાંચશે નહિ, પરંતુ તેમને એવી શંકા કરવાની તક સાંપડી જ નહિ.

૧૪. "તે" નો નિર્દેશ કુરઆન મજીદ પ્રતિ છે. એ રીતે અર્થ એ થયો કે કુરઆને કરીમ સ્પષ્ટ આયતો છે જે આલિમો અને હાફિઝોના સીનાઓમાં જળવાએલી છે. અને સ્પષ્ટ આયતોનો અર્થ એ કે એ સ્પષ્ટ રીતે ચકિત કરી આપનાર છે, અને ઉપરોક્ત બન્ને બાબતો ખાસ કુરઆન મજીદને જ પ્રાપ્ત છે બીજી કોઇ કિતાબ એવી નથી જે મુઅજિઝો હોય અને એવી પણ કોઇ કિતાબ નથી જે પ્રત્યેક સમયમાં સીનાઓમાં સચવાએલી રહી હોય. અને હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ "તે" નો નિર્દેશ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પ્રતિ છે એવું કહીને આયતનો અર્થ એવો બતાવ્યો છે કે એહલે કિતાબમાંથી આપના વખાણ અને ગુણોનું હકદાર હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ છે. કારણ કે તેઓ પોતાની કિતાબોમાં આપના વખાણ અને ગુણોનું વર્ણન જુએ છે. (ખાઝિન).

૧૫. અર્થાત યહૂદીઓ કે જેઓ જાણી બુઝીને મુઅજિઝાઓ જાહેર થયા પછી માત્ર અદેખાઇના કારણે ઇન્કાર કરે છે.

૧૬. મક્કાના કાફિરો.

૧૭. હઝરત સાલિહની ઉંટણીની જેમ અથવા હઝરત મૂસાની લાકડી અથવા હઝરત ઇસાના થાળ જેવી.

૧૮. હિકમત અનુસાર જે ઇચ્છે તે ઉતારે છે.

જે દિવસે અઝાબ તેમને તેમની ઉપરથી અને તેમના પગોની નીચેથી ઢાંકી લેશે અને કહેશે; 'પોતાના કાર્યોનો સ્વાદ ચાખો'[૨૬] (૫૫) અય મારા બન્દાઓ જેઓ ઇમાન લાવ્યા ! બેશક ! મારી પૃથ્વી વિસ્તૃત છે તો મારી જ બંદગી કરો[૨૭] (૫૬) પ્રત્યેક જીવને મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે[૨૮] પછી અમારી તરફ જ પાછા ફરશો[૨૯] (૫૭) અને બેશક ! જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા, જરૂર અમે તેમને જન્નતના ઝરૂખાઓમાં જગ્યા આપીશું, જેમની નીચે નહેરો વહેતી હશે, હમેશાં તેમાં રહેશે, કેટલો સારો બદલો કામવાળાઓનો[૩૦] (૫૮) તેઓ જેમણે સબર કરી[૩૧] અને પોતાના રબ પર જ વિશ્વાસ ધરાવે છે[૩૨] (૫૯) અને પૃથ્વી પર કેટલાંએ ચાલનારાંઓ છે જે પોતાની રોજી સાથે રાખતાં નથી,[૩૩] અલ્લાહ રોજી આપે છે તેમને અને તમને,[૩૪] અને તે જ સાંભળતો જાણતો છે[૩૫] (૬૦) અને જો તમે તેમને પૂછો;[૩૬] 'આકાશ અને પૃથ્વી કોણે બનાવ્યાં? અને સૂર્ય તેમજ ચંદ્રને કામે કોણે લગાડયા'? ત્યારે અવશ્ય કહેશે; 'અલ્લાહે' તો ક્યાં અવળા જાય છે?[૩૭] (૬૧)



يوم يغشىهم العذاب من فوقهم ومن تحت
ارجلهم ويقول ذوقوا ما كنتم تعملون ﴿٥٥﴾ يعبادي
الذين امنوا ان ارضي واسعة فاياي فاعبدون ﴿٥٦﴾
كل نفس ذائقة الموت ثم الينا ترجعون ﴿٥٧﴾
والذين امنوا وعملوا الصلحت لنبوئنهم من
الجنة غرفا تجري من تحتها الانهر خلدين فيها
نعم اجر العملين ﴿٥٨﴾ الذين صبروا وعلى ربهم
يتوكلون ﴿٥٩﴾ وكاين من دابة لا تحمل رزقها
الله يرزقها واياكم وهو السميع العليم ﴿٦٠﴾
ولئن سالتهم من خلق السموت والارض
وسخر الشمس والقمر ليقولن الله فانى يؤفكون ﴿٦١﴾

૧૯. હુકમ નહિ માનનારાઓને અઝાબનો અને એટલી જ જવાબદારી મારા માથે છે. ત્યાર પછી અલ્લાહ તઆલા મક્કાના કાફિરોની એ વાતનો જવાબ આપે છે;

૨૦. અર્થ એ છે કે કુરઆને કરીમ મુઅજિઝો છે આગલા નબીઓના મુઅજિઝાઓથી પણ વધારે સંપૂર્ણ અને પુરેપુરો અને સત્ય શોધકને બીજી બધી જ નિશાનીઓથી બેપરવાહ કરનાર, કારણ કે જ્યાં સુધી "સમય" છે ત્યાં સુધી કુરઆને કરીમ બાકી અને સલામત રહેશે અને બીજા મુઅજિઝાઓની જેમ પુરો થઇ જશે નહિ.

૨૧. મારી રિસાલતની સત્યતાનો અને તમારા જૂઠાડવાનો, મુઅજિઝાઓ દ્વારા મને ટેકો આપીને.

૨૨. આ આયત નદ્ર બિન હારિસ વિષે ઉતરી જેણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; અમારી ઉપર આકાશમાંથી પથ્થર વર્ષા કરાવો.

૨૩. જે અલ્લાહ તઆલાએ નક્કી કરી છે અને તે મુદ્દત સુધી અઝાબને થોભાવી રાખવો હિકમત અનુસાર છે.

૨૪. અને મોડું થાત નહિ.

૨૫. એનાથી તેમનો કોઇ બચી શકશે નહિ.

૨૬. અર્થાત પોતાના આમાલનો બદલો.

૨૭. જે ધરતી પર સરળતાથી ઇબાદત કરી શકો. અર્થ એ છે કે જ્યારે મુઅમિન માટે કોઇ પ્રદેશમાં પોતાના દીન પર કાયમ રહેવું અને ઇબાદત કરવાનું કપરૂ બની જાય તો તેણે એવા પ્રદેશ તરફ હિજરત

العنكبوت ٢٩ اتل ما اوحی ٢١

اَللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ وَيَقْدِرُ
لَهٗ ۭ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٦٢﴾ وَلَىِٕنْ سَاَلْتَهُمْ مَّنْ
نَّزَّلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَحْيَا بِهِ الْاَرْضَ مِنْ بَعْدِ
مَوْتِهَا لَيَقُوْلُنَّ اللّٰهُ ۭ قُلِ الْحَمْدُ لِلّٰهِ ۭ بَلْ اَكْثَرُهُمْ
لَا يَعْقِلُوْنَ ﴿٦٣﴾ وَمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّلَعِبٌ ۭ
وَاِنَّ الدَّارَ الْاٰخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٦٤﴾
فَاِذَا رَكِبُوْا فِي الْفُلْكِ دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۚ
فَلَمَّا نَجّٰىهُمْ اِلَى الْبَرِّ اِذَا هُمْ يُشْرِكُوْنَ ﴿٦٥﴾ لِيَكْفُرُوْا بِمَآ
اٰتَيْنٰهُمْ ۚ وَلِيَتَمَتَّعُوْا ۪ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿٦٦﴾ اَوَلَمْ يَرَوْا اَنَّا
جَعَلْنَا حَرَمًا اٰمِنًا وَّيُتَخَطَّفُ النَّاسُ مِنْ حَوْلِهِمْ ۭ
اَفَبِالْبَاطِلِ يُؤْمِنُوْنَ وَبِنِعْمَةِ اللّٰهِ يَكْفُرُوْنَ ﴿٦٧﴾

અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેના માટે ઇચ્છે તેના માટે રોજી વિપુલ કરી આપે છે અને જેના માટે ચાહે તેના માટે તંગ કરી આપે છે. બેશક ! અલ્લાહ સર્વ કંઇ જાણે છે (૬૨) અને જો તમે તેમને પૂછો; 'આકાશમાંથી પાણી કોણે ઉતાર્યું તો તેનાથી ધરતીને તેના મૃત્યુ પછી જીવતી કરી આપી'? અવશ્ય કહેશે; 'અલ્લાહે'[૩૮] તમે ફરમાવો; 'બધી ખૂબીઓ અલ્લાહને' બલ્કે એમનામાં ઘણા અક્કલ-હિન છે[૩૯] (૬૩) અને આ દુનિયાનું જીવન તો ખેલકૂદ સિવાય કશું નથી[૪૦] અને બેશક ! આખેરતનું ઘર જરૂર તે જ સાચું જીવન છે[૪૧] જો તેઓ જાણત તો કેટલું સારૂં થાત[૪૨] (૬૪) પછી જ્યારે વહાણમાં બેસે છે[૪૩] અલ્લાહને પોકારે છે માત્ર તેના પર જ શ્રધ્ધા રાખીને[૪૪]. પછી જ્યારે તે તેમને જમીન તરફ ઉગારી લાવે છે[૪૫] કે તરત જ શિર્ક કરવા માંડે છે[૪૬] (૬૫) જેથી અમારી આપેલી નેઅમતની નાશુકરી કરે[૪૭] અને વાપરે, તો હવે હમણા જ જાણી લેશે[૪૮] (૬૬) અને શું તેમણે[૪૯] એ જોયું નહિ કે અમે[૫૦] આબરૂદાર ધરતીને શાંતિસ્થાન બનાવ્યું,[૫૧] અને તેની આજુબાજુના લોકોને ઝડપી લેવામાં આવે છે[૫૨]. તો શું અસત્ય પર ઇમાન લાવે છે?[૫૩] અને અલ્લાહની આપેલી નેઅમત ની[૫૪] નાશુકરી કરે છે ? (૬૭)

કરી જવી જોઇએ જ્યાં સહેલાઇ પૂર્વક ઇબાદત કરી શકે અને ધર્મ પાળવામાં અડચણોનો સામનો કરવો પડે નહિ.

**શાને નુઝૂલ** :- આ આયત મક્કાના અશક્ત મુસ્લિમો વિષે ઉતરી જેમના માટે ત્યાં રહીને ઇસ્લામની જાહેરાત કરવામાં ભય અને તકલીફોનો સામનો કરવો પડે એમ હતું અને ખૂબ ગરીબ હતા તેમને કહેવામાં આવ્યું કે મારી બંદગી તો અનિર્વાય છે અહીં રહીને કરી શકતા ન હોઉ તો મદીના શરીફ હિજરત કરી જાવ તે વિસ્તૃત છે અને ત્યાં શાંતિ છે.

૨૮. અને આ નાશ પામનાર દુનિયાને ત્યજવાની જ છે.

૨૯. સવાબ, અઝાબ અને કર્મોના બદલા માટે તો જરૂરી છે કે પોતાના દીન પર અટલ રહો અને પોતાના દીનની હિફાઝત માટે હિજરત કરો.

૩૦. જે અલ્લાહ તઆલાના હુકમ મુજબ ચાલે.

૩૧. કષ્ટો બદલ અને ગમે તેવી સખ્તાઇ છતાં પોતાના દીનને છોડયો નહિ મુશરિકોની ઇજાઓ વેઠી હિજરત કરીને દીન ખાતર વતનને ત્યાગ્યું.

૩૨. બધી જ બાબતોમાં.

૩૩. **શાને નુઝૂલ** :- મક્કા મુકર્રમામાં મુઅમિનોને મુશરિકો રાત દિવસ જાતજાતની તકલીફો પહોંચાડતા હતા, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ તેમને મદીના શરીફ હિજરત કરી જવાનું કહ્યું ત્યારે તેમાંથી અમુકે કહ્યું કે; અમે મદીના શરીફ કેવી રીતે નાસી જઇએ? ત્યાં અમારૂં ઘર નથી, ન તો ત્યાં

અમારી માલ મિલ્કત છે, કોણ અમને ખવડાવશે પીવડાવશે? ત્યારે આ આયતે કરીમા ઉતરી અને કહેવામાં આવ્યું કે; ઘણા જાનદારો એવાં છે કે પોતાની રોજી સાથે લઇને ફરતાં નથી, એટલી શક્તિ તેમનામાં નથી અને તેઓ બીજા દિવસ માટે પણ કશું ભેગું કરી રાખતાં નથી, જેવાં કે જાનવરો અને પક્ષીઓ.

૩૪. તો તમે જ્યાં જશો ત્યાં તમને રોજી પહોંચાડશે. આ કેવો સવાલ કે કોણ ખવડાવશે કોણ પીવાડશે? બધી જ મખ્લૂકનો અલ્લાહ રાઝિક છે, અશક્ત શક્તિમાન સ્થાયી મુસાફર બધાંને તે જ રોજી આપે છે.

૩૫. તમારી પરિસ્થિતિઓ અને તમારા અંતરની વાતોને. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જો તમે અલ્લાહ તઆલા પર વિશ્વાસ રાખો જેવો કરવો જોઇએ તેવો તો તે તમને એવી રોજી આપે જેવી પક્ષીઓને આપે છે કે તેઓ સવારમાં ભુખ્યાં ખાલી પેટે ઉઠે છે અને સાંજે ધરાઇને પાછાં જાય છે. (તિરમીઝી)

૩૬. મક્કાના કાફિરોને.

૩૭. અને આવા સ્વીકાર છતાં અલ્લાહ તઆલાની તવહીદથી કેવી રીતે ફરી જાય છે?

૩૮. તેનો એકરાર કરે છે.

૩૯. આવા એકરાર છતાં તવહીદનો ઇન્કાર કરે છે.

૪૦. કે જેવી રીતે બાળકો થોડીવાર રમે છે ખેલકૂદમાં હૃદય પરોવે છે પછી એ બધું છોડીને ચાલ્યાં જાય છે એવી જ હાલત દુનિયાની છે ખૂબ જલ્દી નાશ પામનારી છે અને મૃત્યુ એમાંથી એવી રીતે જુદા પાડી દે છે જેવી રીતે કે રમત રમનાર બાળકો ચાલ્યાં જાય છે.

૪૧. કે તે જીવન હમેશાં રહેનાર છે તેમાં મૃત્યુ નથી જીવન કહેવડાવાના લાયક તો તે જ છે.

૪૨. દુનિયા અને આખેરતની હકીકતને. તો નાશવંત દુનિયાને હમેશાં રહેનાર આખેરત કરતાં પ્રથમ પસંદગી આપત નહિ.

૪૩. અને ડૂબી જવાનો અંદેશો હોય છે ત્યારે મૂર્તિઓને પોકારતા નથી બલ્કે પોતાના શિર્ક અને શત્રુતા છતાં......

૪૪. કે આ આફતથી તે જ બચાવશે.

૪૫. અને ડૂબી જવાનો ભય અને પરેશાની ટળી જાય છે શાંતિ પ્રાપ્ત થાય છે......

૪૬. અજ્ઞાનયુગના લોકો દરિયાઇ સફરમાં મૂર્તિઓને દરિયામાં પધરાવી દેતા અને "યા રબ યા રબ" પોકારવા લાગી જતા અને ભયમક્ત થયા પછી પાછા તે જ શિર્ક તરફ પાછા વળી જતા હતાં.

૪૭. અર્થાત એ મુસીબતથી જે છોડવ્યા તેની.

૪૮. પોતાના કરતૂતોનું પરિણામ.

૪૯. અર્થાત મક્કાવાસીઓએ.

૫૦. તેમના શહેર મક્કા મુકર્રમાને....

૫૧. જે તેમાં વસે તેમના માટે.

૫૨. કતલ કરવામાં આવે છે પકડી લેવામાં આવે છે.

૫૩. અર્થાત મૂર્તિઓ પર.

૫૪. અર્થાત સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની, અને ઇસ્લામનો ઇન્કાર કરીને...

૫૫. તેના માટે શરીક ઠેરવે.

અને તેનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ પર જૂઠ મૂકે[૫૫] અથવા સત્યને જૂઠાડે[૫૬] જ્યારે કે તેની પાસે આવે. શું કાફિરોનું ઠેકાણું જહન્નમમાં નથી?[૫૭] (૬૮) અને જેમણે અમારા માર્ગમાં પ્રયત્ન કર્યા, અવશ્ય અમે તેમને અમારા રસ્તા દેખાડીશું.[૫૮] અને બેશક ! અલ્લાહ નેક લોકોની સાથે છે[૫૯] (૬૯)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૬૦]**

અલિફ-લામ-મીમ[૬૧] (૧) રોમવાળા હાર્યા (૨) નજીકના પ્રદેશમાં,[૬૨] અને પોતાના પરાજય પછી ટૂંકમાં જ (પાછા) જીતશે[૬૩] (૩) અમુક વરસોમાં,[૬૪] હુકમ અલ્લાહનો જ છે આગળ અને પાછળ[૬૫], અને તે દિવસે ઇમાનવાળાઓ ખુશ થશે (૪) અલ્લાહની મદદથી[૬૬] જેને ઇચ્છે તેને મદદ કરે છે અને તે જ ઇઝઝતવાળો મહેરબાન છે (૫) અલ્લાહનો વાયદો[૬૭] અલ્લાહ પોતાનો વાયદો ભંગ કરતો નથી પણ ઘણા લોકો જાણતા નથી[૬૮] (૬) આંખો સામેની દુનિયાની જીંદગી[૬૯] જાણે છે અને તેઓ આખેરતથી પુરેપુરા અજાણ

الروم ٣٠ — اتل ما اوحي ٢١

وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِالْحَقِّ
لَمَّا جَآءَهٗ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ۝٦٨ وَالَّذِيْنَ
جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا وَاِنَّ اللّٰهَ لَمَعَ الْمُحْسِنِيْنَ ۝٦٩
سُوْرَةُ الرُّوْمِ مَكِّيَّةٌ وَّهِيَ سِتُّوْنَ اٰيَةً وَّسِتُّ رُكُوْعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
الٓمّٓ ۝١ غُلِبَتِ الرُّوْمُ ۝٢ فِيْٓ اَدْنَى الْاَرْضِ وَهُمْ مِّنْ
بَعْدِ غَلَبِهِمْ سَيَغْلِبُوْنَ ۝٣ فِيْ بِضْعِ سِنِيْنَ ۬ لِلّٰهِ
الْاَمْرُ مِنْ قَبْلُ وَمِنْ بَعْدُ ۭ وَيَوْمَىِٕذٍ يَّفْرَحُ
الْمُؤْمِنُوْنَ ۝٤ بِنَصْرِ اللّٰهِ ۭ يَنْصُرُ مَنْ يَّشَاۗءُ ۭ وَهُوَ
الْعَزِيْزُ الرَّحِيْمُ ۝٥ وَعْدَ اللّٰهِ ۭ لَا يُخْلِفُ اللّٰهُ وَعْدَهٗ
وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ۝٦ يَعْلَمُوْنَ ظَاهِرًا

૫૬. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતને અને કુરઆનને માને નહિ.

૫૭. બેશક ! બધા જ કાફિરોનું ઠેકાણું જહન્નમ જ છે.

૫૮. હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હૂએ એનો અર્થ એ બયાન કર્યો છે કે; જેમણે અમારા રસ્તામાં કોશિશ કરી અમે તેમને સવાબનો રસ્તો આપીશું. હઝરત જુનેદે કહ્યું; જે તવબહમાં પ્રયત્ન કરશે તેને નિખાલસતાનો માર્ગ આપીશું.

૫૯. તેમની મદદ અને સહાય કરે છે.

૬૦. સૂરએ રૂમ મક્કિયહ છે એમાં ૬ રૂકૂઅ ૬૦ આયતો ૮૧૯ શબ્દો અને ૩૫૩૪ અક્ષરો છે.

૬૧. **શાને નુઝૂલ** :- ઇરાન અને રોમ વચ્ચે યુધ્ધ હતું, ઇરાનીઓ અગ્નિપૂજકો હતા એટલે અરબના મુશરિકો તેમનો વિજય ઇચ્છતા હતા, રોમવાળાઓ એહલે કિતાબ હતા એટલે મુસલમાનોને તેમની જીત સારી લાગતી હતી. ઇરાનના રાજા ખુસરૂ પરવેજે રોમવાળાઓ સામે સૈન્ય મોકલ્યું અને રોમન સમ્રાટ કૈસરે (સીઝર) પણ લશ્કર મોકલ્યું, બન્ને લશ્કરોનો સામનો સિરિયાના પ્રદેશમાં થયો, ઇરાનીઓ જીત્યા, મુસલમાનોને એ સમાચાર માઠા લાગ્યા, મક્કાના કાફિરો એનાથી ખુશ થઇને મુસલમાનોને કહેવા લાગ્યા; તમે પણ કિતાબવાળા અને રોમનો પણ કિતાબવાળા અમે પણ ઉમ્મી અને ઇરાનીઓ પણ ઉમ્મી અમારા ભાઇઓ ઇરાનીઓ તમારા ભાઇઓ રોમનો સામે જીત્યા, હવે અમારી તમારી વચ્ચે લડાઇ થશે ત્યારે અમે પણ તમારી સામે જીતીશું. ત્યારે આ આયતો ઉતરી અને ખબર આપવામાં આવી કે અમુક વરસોમાં પાછા રોમવાળાઓ ઇરાનીઓ સામે જીતશે. આ આયતો સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂએ

છે (૭) શું તેમણે પોતાના મનમા વિચાર્યું નહિ કે અલ્લાહે આકાશ અને ધરતી અને જે કંઇ એમની વચમાં છે તે સત્ય(પૂર્વક) બનાવ્યું છે[૭૦] અને એક ચોકકસ સમય મર્યાદા સુધી[૭૧] અને બેશક ! ઘણા લોકો પોતાના રબને મળવાનો ઇન્કાર કરનારા છે (૮) અને શું તેમણે ધરતીમાં સફર કરી નથી. કે જુએ કે તેમના આગલાઓનું શું પરિણામ આવ્યું?[૭૨] તેઓ એમનાથી વધારે જોરાવર હતા. અને જમીન ખેડી અને આબાદ કરી એમની[૭૩] આબાદીથી વધારે, અને તેમના રસૂલો તેમની પાસે સ્પષ્ટ નિશાનીઓ લાવ્યા[૭૪]. તો અલ્લાહને શોભતું નથી કે તેમના પર જુલ્મ કરત,[૭૫] હા ! તેઓ પોતે જ પોતાના પ્રાણો પર જુલ્મ ગુજારતા હતા[૭૬] (૯) પછી જેમણે હદ ઉપરાંત બુરાઇ કરી તેમનું પરિણામ એ આવ્યું કે અલ્લાહની આયતો જૂઠાડવા માંડયા અને તેમની હાંસી ઉડાડવા લાગ્યા (૧૦) અલ્લાહ પ્રથમ બનાવે છે પછી પુન: બનાવશે[૭૭] પછી તેની તરફ પાછા જશો[૭૮] (૧૧)

الروم ٣٠ — اتل ما اوحي ٢١

مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا ۖ وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ ۝٧
اَوَلَمْ يَتَفَكَّرُوْا فِيْٓ اَنْفُسِهِمْ ۗ مَا خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ وَاَجَلٍ مُّسَمًّى ۗ وَاِنَّ
كَثِيْرًا مِّنَ النَّاسِ بِلِقَآئِ رَبِّهِمْ لَكٰفِرُوْنَ ۝٨ اَوَلَمْ
يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ
الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۗ كَانُوْٓا اَشَدَّ مِنْهُمْ قُوَّةً وَّاَثَارُوا
الْاَرْضَ وَعَمَرُوْهَآ اَكْثَرَ مِمَّا عَمَرُوْهَا وَجَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ۗ فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْٓا
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ۝٩ ثُمَّ كَانَ عَاقِبَةَ الَّذِيْنَ اَسَآءُوا
السُّوْٓاٰۤى اَنْ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ وَكَانُوْا بِهَا يَسْتَهْزِءُوْنَ ۝١٠
اَللّٰهُ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ۝١١

કાફિરોમાં જઇને એલાન કરી આપ્યું કે; ખુદાની કસમ ! રોમનો ઇરાનીઓ સામે અચૂક જીતશે. અય મક્કાવાસીઓ ! તમે અત્યારના યુદ્ધ પરિણામથી ખુશ થાવ નહિ. અમને અમારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ખબર આપી છે કે રોમનો જરૂર જીતશે. ત્યારે ઉબય બિન ખલફ કાફિર આપની સ્હામે ઉભો થયો અને આપની તેની વચ્ચે ૧૦૦ ઊંટોની શરત લાગી, જો નવ વરસમાં ઇરાનવાળાઓ જીતે તો સિદ્દીકે અકબર ઉબયને ૧૦૦ ઉંટો આપે અને જો રોમનોનો વિજય થાય તો ઉબય હઝરત સિદ્દીકને ૧૦૦ ઉંટો આપશે. તે સમય સુધી જુગાર હરામ છે એવો હુકમ ઉતર્યો હતો નહિ.

**મસ્અલો :** ઈમામ અબૂ હનીફા અને ઈમામ મુહમ્મદ રહમતુલ્લાહે અલૈહિમાના મંતવ્ય અનુસાર હર્બી કાફિરો (જેમણે ઈસ્લામી રાજયની શરણાગતિ સ્વીકારી ન હોય તેવા કાફિર) સાથે ઉકૂદે ફાસેદા (નાજાઈઝ શરતો), રેબા (વ્યાજ) જાઈઝ છે. અને આ બનાવ જ તેમની દલીલ છે.

ખૈર ! સાત વરસ પછી એ ખબરની સચ્ચાઇ જાહેર થઇ અને હુદૈબિયહ અથવા બદ્રના દિવસે રોમનો ઇરાનીઓ સામે જીત્યા અને રોમનોએ મદયનમાં પોતાના ઘોડાઓ બાંધ્યા અને ઇરાકમાં "રોમયહ" નામના શહેરનો પાયો નાંખ્યો. અને હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂએ શરતના ૧૦૦ ઊંટો ઉબયની ઔલાદ પાસેથી વસૂલ લીધાં કારણ કે તે એ દરમ્યાન મરી ચૂક્યો હતો. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરત સિદ્દીકને હુકમ આપ્યો કે શરતના માલને સદકો કરી નાખો. આ ભવિષ્યવાણી (ગૈબી ખબર) સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતની સત્યતા અને કુરઆન કલામે ઇલાહી હોવાની સ્પષ્ટ દલીલ છે. (ખાઝિન, મદારિક)

અને જે દિવસે કયામત યોજાશે મુજરિમોની આશા પડી ભાગશે[૭૯] (૧૨) અને તેમના શરીક[૮૦] તેમના ભલામણ-કર્તા નહિ બને અને તેઓ પોતાના શરીકોને નકારતા થઇ જશે (૧૩) અને જે દિવસે કયામત યોજાશે તે દિવસે વિખુટા પડી જશે[૮૧] (૧૪) તો તેઓ જે ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા, બગીચાની ક્યારીમાં તેમની ચાકરી થશે[૮૨] (૧૫) અને જેઓ કાફિર થયા અને અમારી આયતો તેમજ આખેરતની મુલાકાતને જૂઠાડયાં[૮૩] તેઓ અઝા-બમાં ઝોકવામાં આવશે[૮૪] (૧૬) તો અલ્લાહની પવિ-ત્રતા બોલો[૮૫] જ્યારે સાંજ કરો[૮૬] અને જ્યારે સવાર થાય[૮૭] (૧૭) અને તેના જ વખાણ છે આકાશોમાં અને પૃથ્વીમાં[૮૮], અને થોડો દિવસ રહે ત્યારે[૮૯] અને જ્યારે તમનેબપોર થાય[૯૦] (ત્યારે અલ્લાહની પવિત્રતા બોલો) (૧૮) તે જીવતાને મૃતમાંથી કાઢે છે[૯૧] અને મૃતને જીવંતમાંથી કાઢે છે[૯૨], અને ધરતીને તેના મૃત્યુ પછી જીવતી કરે છે[૯૩]. અને તમે (પણ) આમ જ કાઢવામાં આવશો[૯૪] (૧૯) અને એ તેની નિશાનીઓમાંથી છે કે તમને

اتل ما اوحي ٢١ — الروم ٣٠

وَيَوْمَ تَقُومُ السَّاعَةُ يُبْلِسُ الْمُجْرِمُونَ ﴿١٢﴾ وَلَمْ يَكُن
لَّهُم مِّن شُرَكَائِهِمْ شُفَعَاءُ وَكَانُوا بِشُرَكَائِهِمْ
كَافِرِينَ ﴿١٣﴾ وَيَوْمَ تَقُومُ السَّاعَةُ يَوْمَئِذٍ يَتَفَرَّقُونَ ﴿١٤﴾
فَأَمَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ فَهُمْ فِي
رَوْضَةٍ يُحْبَرُونَ ﴿١٥﴾ وَأَمَّا الَّذِينَ كَفَرُوا وَكَذَّبُوا
بِآيَاتِنَا وَلِقَاءِ الْآخِرَةِ فَأُولَٰئِكَ فِي الْعَذَابِ
مُحْضَرُونَ ﴿١٦﴾ فَسُبْحَانَ اللَّهِ حِينَ تُمْسُونَ وَحِينَ
تُصْبِحُونَ ﴿١٧﴾ وَلَهُ الْحَمْدُ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ
وَعَشِيًّا وَحِينَ تُظْهِرُونَ ﴿١٨﴾ يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ
وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِي الْأَرْضَ بَعْدَ
مَوْتِهَا وَكَذَٰلِكَ تُخْرَجُونَ ﴿١٩﴾ وَمِنْ آيَاتِهِ أَنْ

૬૨. અર્થાત સિરિયાના તે પ્રદેશમાં જે ઇરાનની નજીક છે.

૬૩. ઇરાનવાળાઓ સામે.

૬૪. જેની મર્યાદા નવ વરસ છે.

૬૫. અર્થાત રોમનોના વિજય પહેલાં પણ અને પછી પણ. હેતુ એ છે કે પ્રથમ ઇરાનીઓનું વિજયી થવું પાછળથી રોમનોનું જીતવું એ બધું અલ્લાહના હુક્મ તેના ઇરાદા અને તેની નક્કી કરેલી તકદીરને આધિન છે.

૬૬. કે તેણે કિતાબવાળાઓને બિન કિતાબવાળાઓ સામે જીતાડયા અને તે જ દિવસે બદ્રમાં મુસલમાનોને મુશરિકો સામે વિજય આપ્યો અને મુસલમાનોની સત્યતા તેમજ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને કુરૂઆનની ખબરની સચ્ચાઇ જાહેર કરી.

૬૭. જે તેણે આપ્યો હતો કે રોમનો અમુક વરસોમાં જીતશે.

૬૮. અર્થાત અજાણ છે.

૬૯. વેપાર ખેતી બાંધકામ વિગેરે દુનિયાના ધંધાઓ. એમાં નિર્દેશ છે કે હકીકત તો દુનિયાની પણ નથી જાણતા તેનું પણ માત્ર જાહેર જ જાણે છે.

૭૦. અર્થાત આકાશ અને ધરતી અને જે કંઇ એની વચમાં છે તે અલ્લાહે વ્યર્થ બનાવ્યું નથી બલ્કે એમના સર્જન પાછળ અગણિત રહસ્યો છે.

૭૧. અર્થાત હમેશાં માટે બનાવ્યું નથી બલ્કે એક મુદ્દત નક્કી કરી રાખી છે, જ્યારે તે મુદ્દત પુરી થઇ

જશે ત્યારે એ ફના થઇ જશે. અને તે મુદ્દત કયામત આવવાનો સમય છે.

૭૨. કે રસૂલોને જૂઠાડવાના પરિણામે હલાક કરી દેવાયા તેમના ઉજ્જડ પ્રદેશો અને તેમની બરબાદીનાં ચિન્હો જોનારાઓ માટે બોધ પાઠ રૂપે છે.

૭૩. મક્કાવાસીઓની.

૭૪. તો તેઓ તેમના પર ઇમાન લાવ્યા નહિ તો અલ્લાહે તેમનો વિનાશ કર્યો.

૭૫. તેમના હક્કો ઓછા કરીને અને તેમને વગર ગુનાહે હલાક કરીને.

૭૬. રસૂલોને જૂઠાડીને પોતાને અઝાબ પાત્ર ઠેરવીને.

૭૭. એટલે કે મૃત્યુ પછી ફરી જીવતા કરશે.

૭૮. ત્યારે કર્મોનું ફળ આપશે.

૭૯. અને કોઇ લાભ કે ભલાઇની આશા બાકી રહેશે નહિ. અમુક તફસીરકારોએ એવો અર્થ કહ્યો છે કે; તેમની વાત કપાઇ જશે તેઓ ચુપ રહી જશે કારણ કે તેમની પાસે રજૂ કરવા લાયક કોઇ દલીલ નહિ હોય. અમુક તફસીરકારોએ એવો અર્થ બયાન કર્યો છે કે; તેઓ અપમાનિત થશે.

૮૦. અર્થાત મૂર્તિઓ જેમને તેઓ પૂજતા હતા.

૮૧. મોઅમિન અને કાફિર, પછી કદી એકત્ર થશે નહિ.

૮૨. અર્થાત જન્નતના બગીચાઓમાં તેમનું સન્માન કરવામાં આવશે, જેમાં તેઓ આનંદિત રહેશે. આ ચાકરી જન્નતની નેઅમતો વડે થશે. એક કથન એવું છે કે; તેમને હર્ષોલ્લાસિત કરનારાં ગીતો સંભળાવવામાં આવશે જેમાં અલ્લાહ તઆલાની તસ્બીહ (પવિત્રતા) વર્ણવવામાં આવી હશે.

૮૩. મૃત્યુ પછીના જીવન અને કયામતમાં ઉઠવાના ઇન્કારી બન્યા.

૮૪. ન તો તે અઝાબમાં હળવાશ કરવામાં આવે ન તેમાંથી કદી નીકળે.

૮૫. પાકી બોલવાનો અર્થ યા તો અલ્લાહ તઆલાની પવિત્રતા અને વખાણ બોલાવાનો છે યા તો એનો મતલબ નમાઝ છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાને પૂછવામાં આવ્યું કે; શું પાંચ વખતની નમાઝોનું બયાન કુરઆનમાં છે ? આપે જવાબ આપ્યો કે; હા ! અને પછી આ આયતો પઢયા અને કહ્યું કે; આમાં પાંચે નમાઝો અને તેમના સમયોનું વર્ણન છે.

૮૬. એમાં મગરિબ અને ઇશાની નમાઝો આવી ગઇ.

૮૭. આ ફજરની નમાઝ થઇ.

૮૮. અર્થાત આસ્માન અને જમીનવાળાઓ માટે તેના વખાણ કરવા અનિર્વાય છે.

૮૯. અર્થાત થોડો દિવસ રહે ત્યારે તેની પવિત્રતા બોલો, આ અસરની નમાઝ થઇ.

૯૦. આ ઝોહરની નમાઝ થઇ.

**રહસ્ય :-** નમાઝ માટે આ પાંચ સમયો નક્કી કરવામાં આવ્યા કારણ કે જે કાયમ થતું રહે તે કાર્ય શ્રેષ્ઠ છે, અને માણસ એવી શક્તિ ધરાવતો નથી કે તેનો બધો જ સમય નમાઝમાં પસાર કરે કારણ કે તેની સાથે ખાવા પીવા તેમજ બીજી જરૂરિયાતો લાગેલી છે, તેથી અલ્લાહ તઆલાએ બન્દા માટે ઇબાદતમાં હળવાશ કરી આપી અને દિવસના આરંભ અંત અને વચમાં તેમજ રાત્રિના આરંભ અંતમાં નમાઝો રાખી જેથી એ સમયોમાં નમાઝમાં મશ્ગૂલ થવું એ તમામ સમય નમાઝમાં લાગેલું રહેવા જેવું ગણાય. (મદારિક, ખાઝિન)

૯૧. જેમ કે પક્ષી ઇંડામાંથી અને માનવીને વિર્ય બુંદમાંથી અને મોઅમિનને કાફિરમાંથી.

خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ اِذَآ اَنْتُمْ بَشَرٌ تَنْتَشِرُوْنَ ﴿٢٠﴾
وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا
لِّتَسْكُنُوْٓا اِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٢١﴾ وَمِنْ
اٰيٰتِهٖ خَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافُ
اَلْسِنَتِكُمْ وَاَلْوَانِكُمْ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ
لِّلْعٰلِمِيْنَ ﴿٢٢﴾ وَمِنْ اٰيٰتِهٖ مَنَامُكُمْ بِالَّيْلِ وَالنَّهَارِ
وَابْتِغَآؤُكُمْ مِّنْ فَضْلِهٖ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ
يَّسْمَعُوْنَ ﴿٢٣﴾ وَمِنْ اٰيٰتِهٖ يُرِيْكُمُ الْبَرْقَ خَوْفًا
وَّطَمَعًا وَّيُنَزِّلُ مِنَ السَّمَآءِ مَآءً فَيُحْيٖ بِهِ الْاَرْضَ
بَعْدَ مَوْتِهَا اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٢٤﴾

માટીમાંથી બનાવ્યા[૯૫] પછી ત્યારે જ તમે જગતમાં ફેલાએલ માનવી છો (૨૦) અને એ તેની નિશાનીઓ-માંથી છે કે તમારા માટે તમારી જાતિમાંથી જોડાંઓ બનાવ્યાં કે તેમના વડે આરામ મેળવો અને તમારામાં પરસ્પર પ્રેમ અને રહમત મૂકયાં.[૯૬] બેશક ! આમાં ચિન્હો છે વિચારનારાઓ માટે (૨૧) અને તેની નિશા-નીઓ પૈકીમાંથી છે આકાશો અને ધરતીનું સર્જન તેમજ તમારી ભાષાઓ અને રંગોનો વિરોધાભાસ[૯૭]. બેશક ! એમાં જાણકારો માટે નિશાનીઓ છે (૨૨) અને તેની નિશાનીઓમાં છે રાત્રિ અને દિવસમાં તમારૂં સૂઇ જવું[૯૮] અને તેની કૃપા ઢુંઢવી[૯૯]. બેશક ! એમાં સાંભળનારાઓ માટે નિશાનીઓ છે[૧૦૦] (૨૩) અને તેની નિશાનીઓ-માંથી છે કે તમને બ્હીવાડતી[૧૦૧] અને આશા અપા-વતી[૧૦૨] વિજળી દેખાડે છે અને આકાશમાંથી પાણી ઉતારે છે તો તેનાથી ધરતીને તેના મૃત્યુ પછી જીવંત કરે છે. બેશક ! એમાં બુધ્ધિમાનો માટે નિશાનીઓ છે[૧૦૩] (૨૪)

૯૨. જેમ કે ઇંડાને પક્ષીમાંથી વિર્યબુંદને માનવીમાંથી અને કાફિરને મોઅમિનમાંથી.

૯૩. અર્થાત સુકાઇ ગયા પછી પાણી વરસાવીને અને ઘાસ ઉગાડીને.

૯૪. કબરોમાંથી હશ્રમાં હિસાબ માટે.

૯૫. તમારા પૂર્વજ અને તમારા મૂળ દાદા આદમને તેનાથી બનાવીને.

૯૬. કોઇ પણ જાતની ઓળખાણ કે સગપણ વગર એકને બીજા સાથે પ્રેમ અને સમભાવ છે.

૯૭. ભાષાઓનો વિરોધાભાસ તો એ કે કોઇ અરબી બોલે છે કોઇ અજમી કોઇ કંઇ બીજી અને રંગોનો વિરોધાભાસ એ કે કોઇ ગોરો છે કોઇ કાળો કોઇ ઘઉવર્ણો. અને આ વિરોધાભાસ આશ્ચર્યજનક છે કારણ કે બધાંનું મૂળ તો એક જ છે અને બધાં જ હઝરત આદમ અલયહિસ્સલામનાં વંશજો છે.

૯૮. જેનાથી થાક દૂર થાય છે અને રાહત મળે છે.

૯૯. કૃપા ઢુંઢવાનો અર્થ રોજી કમાવાનો છે.

૧૦૦. જેઓ સમજદારીના કાને સાંભળે છે.

૧૦૧. પડવા અને નુકસાન કરવાથી.

૧૦૨. વરસાદની.

૧૦૩. જેઓ વિચારે અને અલ્લાહની કુદરત બાબત ચિંતન કરે.

૧૦૪. હઝરત ઇબ્ને અબ્બાસ અને હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હુમે ફરમાવ્યું છે કે; તે બન્ને કોઇ પણ જાતના ટેકા વગર ઉભાં છે.

અને તેની નિશાનીઓમાંથી છે કે ઉભા છે આકાશ અને પૃથ્વી તેના હુકમથી[૧૦૪] પછી જ્યારે તમને જમીનમાં એક પોકાર કરશે[૧૦૫] (ત્યારે) તરત જ તમે નીકળી પડશો[૧૦૬] (૨૫) અને જે કોઇ આકાશો અને ધરતીમાં છે તે તેનાં જ છે, બધાં જ તેના હુકમના તાબે છે (૨૬) અને તે જ છે જે પ્રથમ બનાવે છે પછી એને પુઃન સર્જશે[૧૦૭], અને તમારી સમજ મુજબ એ તેના માટે વધુ સહેલું હોવું જોઇએ[૧૦૮]. અને તેના જ માટે આકાશો અને ધરતીમાં સર્વોચ્ચ શાન છે[૧૦૯] અને તેજ ઇઝઝતવાળો અને હિકમત વાળો છે (૨૭) તમારા માટે[૧૧૦] એક દ્રષ્ટાંત[૧૧૧] વર્ણવે છે તમારી પોતાની હાલતમાંનું; શું તમારા માટે તમારા હાથોની મિલ્કત ગુલામોમાંથી કોઇ ભાગીદાર છે[૧૧૨] તેમાં જે અમે તમને રોજી આપી[૧૧૩]? એવી રીતે કે તમે બધા એમાં સરખા હોય[૧૧૪]? તમે તેમનાથી બ્હીઓ[૧૧૫] જેવી રીતે કે પરસ્પર એકબીજાથી બ્હીઓ છો[૧૧૬]. અને અમે બુધ્ધિમાનો માટે આવી વિગતવાર નિશાનીઓ વર્ણવીએ છીએ (૨૮) બલ્કે જાલિમો[૧૧૭] જાણ્યા વગર પોતાની મનેચ્છાઓની પાછળ ચાલે છે[૧૧૮]. તો જેને ખુદાએ ભટકાવ્યો તેને કોણ હિદાયત કરે[૧૧૯]? અને તેમનો કોઇ મદદગાર નથી[૧૨૦] (૨૯) તો અલ્લાહના આજ્ઞાપાલન



وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ تَقُوْمَ السَّمَآءُ وَالْاَرْضُ بِاَمْرِهٖ ؕ ثُمَّ
اِذَا دَعَاكُمْ دَعْوَةً ۖۗ مِّنَ الْاَرْضِ ۖۗ اِذَآ اَنْتُمْ تَخْرُجُوْنَ ﴿۲۵﴾
وَلَهٗ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿۲۶﴾
وَهُوَ الَّذِىْ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ وَهُوَ اَهْوَنُ
عَلَيْهِ ؕ وَلَهُ الْمَثَلُ الْاَعْلٰى فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ
وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۲۷﴾ ضَرَبَ لَكُمْ مَّثَلًا مِّنْ اَنْفُسِكُمْ ؕ
هَلْ لَّكُمْ مِّنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ شُرَكَآءَ فِىْ مَا
رَزَقْنٰكُمْ فَاَنْتُمْ فِيْهِ سَوَآءٌ تَخَافُوْنَهُمْ كَخِيْفَتِكُمْ
اَنْفُسَكُمْ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿۲۸﴾
بَلِ اتَّبَعَ الَّذِيْنَ ظَلَمُوْٓا اَهْوَآءَهُمْ بِغَيْرِ عِلْمٍ ۚ فَمَنْ يَّهْدِىْ
مَنْ اَضَلَّ اللّٰهُ ؕ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿۲۹﴾ فَاَقِمْ وَجْهَكَ

૧૦૫. અર્થાત તમને કબરોમાંથી બોલાવશે એવી રીતે કે હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામ કબરવાળાઓને ઉઠાડવા સૂર ફૂંકશે તો આગલા પાછલાઓમાં કોઇ એવું રહેશે નહિ જે ઉઠે નહિ જેમકે એના પછી ફરમાવે છે.

૧૦૬. અર્થાત કબરોમાંથી જીવતા થઇને.

૧૦૭. નાશ પામ્યા પછી.

૧૦૮. કારણ કે માણસોનો અનુભવ અને તેમનો અભિપ્રાય એવું જ કહે છે કે વસ્તુનું પુનઃસર્જન તેના પ્રથમ સર્જન કરતાં સહેલું હોય છે. અને અલ્લાહ તઆલા માટે તો કશું અઘરૂં છે જ નહિ.

૧૦૯. કે તેના જેવું કોઇ નથી તે સાચો મઅબૂદ છે તેના સિવાય કોઇ ઇબાદતને પાત્ર નથી.

૧૧૦. અય મુશરિકો !

૧૧૧. તે દ્રષ્ટાંત આ છે કે;

૧૧૨. એટલે કે શું તમારા ગુલામો તમારા ભાગીદારો છે ?

૧૧૩. માલ દોલત વિગેરે.

૧૧૪. અર્થાત માલિક અને ગુલામને તે માલ દોલતમાં સરખો હક્ક હોય એવો કે.....

૧૧૫. પોતાનો માલ મિલ્કત તે ગુલામોની પરવાનગી વગર વાપરવાથી.

૧૧૬. કહેવાનો હેતુ એ છે કે તમે કોઇ પણ રીતે પોતાના ગુલામોને પોતાના ભાગીયાઓ બનાવવાનું ચલાવી લો નહિ,તો પછી કેટલો જુલ્મ કહેવાય કે અલ્લાહ તઆલાના બંદાઓને તેના ભાગીદાર બનાવો.

માટે પોતાનું મોઢું સીધું કરો એક માત્ર તેના જ બનીને[૧૨૧]. અલ્લાહે નાખેલો પાયો જેના પર લોકોને સર્જ્યા[૧૨૨], અલ્લાહની સર્જેલી વસ્તુ બદલવી નહિ[૧૨૩] આજ સીધો દીન છે પણ ઘણા લોકો જાણતા નથી[૧૨૪] (૩૦) તેની તરફ કેન્દ્રિત થઇને[૧૨૫], અને તેનાથી ડરો અને નમાઝ કાયમ રાખો અને મુશરિકોમાં ન બનો (૩૧) તેમનામાં જેમણે પોતાના ધર્મને ટુકડે ટુકડા કરી નાખ્યો[૧૨૬] અને જુદા જુદા જુથોમાં વહેંચાઇ ગયા પ્રત્યેક જુથ જે તેના પાસે છે તેનાથી ખુશ છે[૧૨૭] (૩૨) અને જ્યારે લોકોને કષ્ટ લાધે છે[૧૨૮] ત્યારે પોતાના રબને પોકારે છે તેના તરફ કેન્દ્રિત થઇને, પછી જ્યારે તે તેમને પોતાની પાસેથી મહેરબાનીનો સ્વાદ ચખાડે છે[૧૨૯] ત્યારે તરત જ તેમનામાંનું એક જુથ પોતાના રબના ભાગીદારો ઠેરવવા માંડે છે (૩૩) જેથી અમારાં આપેલાનો ઉપકાર માને નહિ, તો વાપરી લો[૧૩૦] હવે ટૂંકમાં જ જાણી લેશો[૧૩૧] (૩૪) અથવા અમે તેમના પર કોઇ આધાર ઉતાર્યો[૧૩૨] કે તે તેમને અમારા શરીક કહી રહ્યા છે[૧૩૩]? (૩૫) અને જ્યારે અમે લોકોને મહેરબાનીનો સ્વાદ આપીએ છીએ[૧૩૪] (ત્યારે લોકો) તેનાથી ખુશ થઇ જાય છે[૧૩૫] અને જો તેમને કોઇ કષ્ટ લાધે[૧૩૬] જે તેમના હાથોએ મોકલ્યું તેનો બદલો[૧૩૭], તો તરત જ તેઓ નિરાશ થઇ જાય છે[૧૩૮] (૩૬)



للدين حنيفا فطرت الله التي فطر الناس عليها
لا تبديل لخلق الله ذلك الدين القيم ولكن
أكثر الناس لا يعلمون ﴿٣٠﴾ منيبين إليه واتقوه وأقيموا
الصلوة ولا تكونوا من المشركين ﴿٣١﴾ من الذين
فرقوا دينهم وكانوا شيعا كل حزب بما لديهم
فرحون ﴿٣٢﴾ وإذا مس الناس ضر دعوا ربهم منيبين
إليه ثم إذا أذاقهم منه رحمة إذا فريق منهم بربهم
يشركون ﴿٣٣﴾ ليكفروا بما آتيناهم فتمتعوا فسوف
تعلمون ﴿٣٤﴾ أم أنزلنا عليهم سلطانا فهو يتكلم بما كانوا
به يشركون ﴿٣٥﴾ وإذا أذقنا الناس رحمة فرحوا بها
وإن تصبهم سيئة بما قدمت أيديهم إذا هم يقنطون ﴿٣٦﴾

અય મુશરિકો ! તમે જેમને અલ્લાહના ભાગીદારો (શરીક) ઠેરવો છો તે અલ્લાહના ગુલામો છે.

૧૧૭. જેમણે શિર્ક કરીને પોતાના પ્રાણો પર મહા જુલ્મ કર્યો.

૧૧૮. અજ્ઞાનતાના કારણે.

૧૧૯. અર્થાત કોઇ તેમને હિદાયત કરનાર નથી.

૧૨૦. જે તેમને અલ્લાહના અઝાબમાંથી બચાવી શકે.

૧૨૧. અર્થાત નિખાલસતાપૂર્વક અલ્લાહના દીન પર અટલ અને અડગપગે જામેલા રહો.

૧૨૨. 'ફિતરત'નો મતલબ દીને ઇસ્લામ છે. અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ મખ્લૂકને ઇમાન પર સર્જી જેવું કે બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે; દરેક બાળક 'ફિતરત' પર પેદા કરવામાં આવે છે એટલે કે તે વચન પર જે "અલસ્તુ બિરબ્બેકુમ" (શું હું તમારો રબ નથી?) ફરમાવીને લેવામાં આવ્યું છે. બુખારી શરીફની હદીષમાં છે કે; પછી તેનાં માં-બાપ તેને યહૂદી અથવા ખ્રિસ્તી અથવા અગ્નિપૂજક બનાવી કાઢે છે.

૧૨૩. આ આયતમાં હુકમ આપવામાં આવ્યો કે ખુદાઇ દીન પર અટલ રહો જેના પર અલ્લાહ તઆલાએ મખ્લુકનું સર્જન કર્યું છે.

૧૨૪. એની હકીકતને, તો આ દીન પર કાયમ રહો.

૧૨૫. અર્થાત અલ્લાહ તઆલા પ્રતિ તવબહ અને ફરમાંબરદારી સાથે.

૧૨૬. મઅબૂદ વિષે મતભેદ કરીને.

આ શું તેમણે જોયું નહિ કે અલ્લાહ જેના માટે ચાહે (તેના માટે) રોજી વિસ્તૃત કરે છે અને જેના માટે ઇચ્છે (તેના માટે) તંગી કરે છે. બેશક ! એમાં ઇમાનવાળાઓ માટે ચિન્હો (૩૭) તો સગાંઓને તેમનો હક્ક આપો[૧૩૯] અને મિસ્કીન અને મુસાફરને[૧૪૦], જેઓ અલ્લાહની ખુશી ઇચ્છે છે તેમના માટે આ સારૂં છે[૧૪૧] અને (હકીકત એ છે કે) તેમનું જ કામ સીધું થયું (૩૮) અને તમે જે વસ્તુ વધારે લેવાના ઇરાદે આપો કે (એનાથી) આપનારના માલ (દોલત) વધે પણ તે અલ્લાહને ત્યાં નહિ વધે[૧૪૨]. અને તમે જે ખેરાત આપો અલ્લાહની ખુશી ઇચ્છતા[૧૪૩] તો તેમના જ બમણા છે[૧૪૪] (૩૯) અલ્લાહ(જ) છે જેણે તમને બનાવ્યા પછી તમને રોજી આપી ફરી તમને મોત આપશે પાછા તમને જીવાડશે[૧૪૫] ! શું તમારા શરીકોમાં પણ કોઇ એવું છે જે આ કામોમાંથી અમુક કરે[૧૪૬] ? તેને તેમના શિર્કથી પવિત્રતા અને બરતરી છે (૪૦) પૃથ્વી અને સમુદ્રમાં અનિષ્ટ વ્યાપી ગયુ[૧૪૭] તે ખરાબીઓના કારણે જે લોકોના હાથોએ કમાણી કરી

اتل ما اوحي ٢١ — الروم ٣٠

أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ يَبْسُطُ الرِّزْقَ لِمَن يَشَاءُ وَيَقْدِرُ
إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّقَوْمٍ يُؤْمِنُونَ ﴿٣٧﴾ فَآتِ ذَا الْقُرْبَىٰ
حَقَّهُ وَالْمِسْكِينَ وَابْنَ السَّبِيلِ ذَٰلِكَ خَيْرٌ لِّلَّذِينَ
يُرِيدُونَ وَجْهَ اللَّهِ وَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ ﴿٣٨﴾ وَمَا
آتَيْتُم مِّن رِّبًا لِّيَرْبُوَ فِي أَمْوَالِ النَّاسِ فَلَا يَرْبُو عِندَ
اللَّهِ وَمَا آتَيْتُم مِّن زَكَاةٍ تُرِيدُونَ وَجْهَ اللَّهِ فَأُولَٰئِكَ
هُمُ الْمُضْعِفُونَ ﴿٣٩﴾ اللَّهُ الَّذِي خَلَقَكُمْ ثُمَّ رَزَقَكُمْ
ثُمَّ يُمِيتُكُمْ ثُمَّ يُحْيِيكُمْ هَلْ مِن شُرَكَائِكُم مَّن
يَفْعَلُ مِن ذَٰلِكُم مِّن شَيْءٍ سُبْحَانَهُ وَتَعَالَىٰ عَمَّا
يُشْرِكُونَ ﴿٤٠﴾ ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ
أَيْدِي النَّاسِ لِيُذِيقَهُم بَعْضَ الَّذِي عَمِلُوا لَعَلَّهُمْ

૧૨૭. અને પોતાના અસત્યને સત્ય સમજે છે.

૧૨૮. બીમારીનું અથવા દુકાળનું અથવા એ સિવાય બીજું.

૧૨૯. તે કષ્ટમાંથી છુટકારો આપે છે અને રાહત આપે છે.

૧૩૦. દુનિયાની નેઅમતોને થોડા દિવસો સુધી.

૧૩૧. કે આખેરતમાં તમારી કેવી દશા થાય છે અને આ દુનિયાની તલબનું પરિણામ કેવું આવે છે.

૧૩૨. કોઇ દલીલ અથવા કોઇ કિતાબ.

૧૩૩. અને શિર્ક કરવાનો હુકમ આપે છે ? એવું તો નથી ન તો કોઇ આધાર છે ન કોઇ દલીલ.

૧૩૪. અર્થાત તંદુરસ્તી અને બહોળી રોજીનો.

૧૩૫. અને ઇતરાઇ જાય છે.

૧૩૬. દુકાળ અથવા ભય અથવા બીજી કોઇ આફત.

૧૩૭. અર્થાત તેમની નાફરમાનીઓ અને તેમના ગુનાહોનો.

૧૩૮. અલ્લાહ તઆલાની રહેમતથી. અને આ વાત મોઅમિનને શોભતી નથી કારણ કે મોઅમિનની હાલત એવી હોય છે કે જ્યારે તેને નેઅમત મળે છે ત્યારે શુકર કરે છે અને જ્યારે સખ્તાઇ આવી પડે છે ત્યારે અલ્લાહ તઆલાની રહમતનો ઉમેદવાર રહે છે.

૧૩૯. તેમની સાથે સદવર્તન અને ઉપકારથી કામ લો.

૧૪૦. તેમના હક્ક આપો સદકાઓ આપીને અને મેહમાન નવાઝી કરીને.

**જેથી તેમને તેમના અમુક કર્મોનો સ્વાદ ચખાડે કે કયાંક તેઓ રોકાઈ જાય[૧૪૮] (૪૧) તમે ફર્માવો; પૃથ્વીમાં હરીફરીને જુઓ ! આગલાઓનું પરિણામ કેવું આવ્યું. તેમનામાં ઘણા મુશ્રિક હતા[૧૪૯(અ)]. (૪૨) તો પોતાનું મોઢું ઈબાદત માટે સીધું કર[૧૪૯(બ)] તે દિવસ આવતાં પહેલાં જેને અલ્લાહ તરફથી (નક્કી થયા મુજબ) પાછું ફરવાનું નથી [૧૫૦] તે દિવસે ફાંટા પડી જશે[૧૫૧] (૪૩) જે કુફ્ર કરે તેના કુફ્રનો વબાલ તેના પર જ છે અને જેઓ સારાં કર્મો કરે તેઓ પોતાની ખાતર જ તૈયારી કરી રહ્યા છે[૧૫૨] (૪૪) જેથી બદલો આપે[૧૫૩] તેમને જેઓ ઈમાન લાવ્યા અને સારાં કર્મો કર્યાં પોતાની કૃપાથી, બેશક ! તે કાફિરોને મિત્ર બનાવતો નથી (૪૫) અને તેની નિશાનીઓમાંથી છે કે પવનો ચલાવે છે ખુશખબર સંભળાવતા[૧૫૪] અને એટલા માટે કે તમને પોતાની રહમત ચખાડે અને એટલા માટે કે વહાણ[૧૫૫] તેના હુકમથી ચાલે અને એટલા માટે કે તમે તેની કૃપા ઢુંઢો[૧૫૬] અને એટલા માટે કે તમે હક્ક સ્વીકારો[૧૫૭] (૪૬) અને બેશક ! અમે તમારી પહેલાં કેટલાએ રસૂલો તેમની કૌમ તરફ મોકલ્યા તો તેઓ તેમની પાસે ખુલ્લી નિશાનીઓ લાવ્યા[૧૫૮] પછી અમે**

الروم ٣٠ — اتل ما اوحي ٢١

يَرْجِعُونَ ﴿٤١﴾ قُلْ سِيرُوا فِي الْأَرْضِ فَانظُرُوا كَيْفَ
كَانَ عَاقِبَةُ الَّذِينَ مِن قَبْلُ ۚ كَانَ أَكْثَرُهُم مُّشْرِكِينَ ﴿٤٢﴾
فَأَقِمْ وَجْهَكَ لِلدِّينِ الْقَيِّمِ مِن قَبْلِ أَن يَأْتِيَ يَوْمٌ
لَّا مَرَدَّ لَهُ مِنَ اللَّهِ ۖ يَوْمَئِذٍ يَصَّدَّعُونَ ﴿٤٣﴾ مَن كَفَرَ
فَعَلَيْهِ كُفْرُهُ ۖ وَمَنْ عَمِلَ صَالِحًا فَلِأَنفُسِهِمْ
يَمْهَدُونَ ﴿٤٤﴾ لِيَجْزِيَ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ
مِن فَضْلِهِ ۚ إِنَّهُ لَا يُحِبُّ الْكَافِرِينَ ﴿٤٥﴾ وَمِنْ آيَاتِهِ أَن
يُرْسِلَ الرِّيَاحَ مُبَشِّرَاتٍ وَلِيُذِيقَكُم مِّن رَّحْمَتِهِ
وَلِتَجْرِيَ الْفُلْكُ بِأَمْرِهِ وَلِتَبْتَغُوا مِن فَضْلِهِ وَلَعَلَّكُمْ تَشْكُرُونَ ﴿٤٦﴾
وَلَقَدْ أَرْسَلْنَا مِن قَبْلِكَ رُسُلًا إِلَىٰ قَوْمِهِمْ فَجَاءُوهُم
بِالْبَيِّنَاتِ فَانتَقَمْنَا مِنَ الَّذِينَ أَجْرَمُوا ۖ وَكَانَ حَقًّا عَلَيْنَا

**મસઅલો** :- આ આયતથી પોતાના ઘરનાઓની ખાધા ખોરાકી વિગેરેનો ખર્ચ આપવાનું વાજિબ હોવું સાબિત થાય છે. (મદારિક).

૧૪૧. અને જેઓ અલ્લાહ પાસેથી સવાબ ઇચ્છે તેમના માટે.

૧૪૨. લોકોમાં એવો રિવાજ હતો કે (અત્યારે પણ અમુક લોકોમાં અમુક બાબતોમાં એવો રિવાજ છે) તેઓ મિત્રો સંબંધીઓ અને ઓળખીતાઓ અથવા બીજા કોઇને એવી નિય્યતથી ભેટો આપતા હતા કે તેઓ એમને એનાથી વધારે પાછું આપશે. એવું કરવું જાઇઝ તો છે પણ એનાથી સવાબ નહિ મળે અને એમાં બરકત નહિ થાય, કારણ કે એ કામ નિખાલસતા પૂર્વક અલ્લાહ ખાતર થયું નથી.

૧૪૩. એનાથી બદલો મેળવવાની આશા અથવા નામ કાઢવાનો ઇરાદો ન હોય.

૧૪૪. તેમનો સવાબ વધશે એક નેકીનો બદલો હશે ઘણો આપવામાં આવશે.

૧૪૫. સર્જન કરવું રોજી આપવી મોત આપવું એ બધાં કામો અલ્લાહ તઆલાનાં જ છે.

૧૪૬. અર્થાત મૂર્તિઓમાં જેમને તમે અલ્લાહની શરીક ઠેરવો છો.

૧૪૭. શિર્ક અને ગુનાઓના કારણે દુકાળ અને વરસાદ રોકાય જવો, ખેતીની ઉપજ ઓછી થવી, ખેતીની બરબાદી, વેપારોમાં ખોટ તેમજ માનવીઓ અને જાનવરોમાં મૃત્યુ દરનો વધારો અને આગ લાગવી, ડૂબી જવું અને દરેક વસ્તુમાંથી બરકત ઉઠી જવી (વિગેરે). ૧૪૮. કુફ્ર અને ગુનાઓથી અને તૌબા કરે.

૧૪૯ (અ). પોતાના શિર્કના કારણે તબાહ કરવામાં આવ્યા તેમનાં રહેઠાણો અને ગામો વેરાન પડેલાં છે તેને જોઈને બોધ ગ્રહણ કરો. ૧૪૯ (બ). અર્થાત દીને ઈસ્લામ પર અટલપણે કાયમ થઈ જાવ.

نصر المؤمنين ﴿٤٧﴾ الله الذي يرسل الريح فتثير سحابا
فيبسطه في السماء كيف يشاء ويجعله كسفا فترى
الودق يخرج من خلله فاذا اصاب به من يشاء
من عباده اذا هم يستبشرون ﴿٤٨﴾ وان كانوا من قبل
ان ينزل عليهم من قبله لمبلسين ﴿٤٩﴾ فانظر الى اثر
رحمت الله كيف يحي الارض بعد موتها ان ذلك
لمحي الموتى وهو على كل شيء قدير ﴿٥٠﴾ ولئن ارسلنا
ريحا فراوه مصفرا لظلوا من بعده يكفرون ﴿٥١﴾
فانك لا تسمع الموتى ولا تسمع الصم الدعاء
اذا ولوا مدبرين ﴿٥٢﴾ وما انت بهد العمي عن
ضللتهم ان تسمع الا من يؤمن بايتنا فهم

બંડખોરો પાસેથી બદલો લીધો[૧૫૯] અને મુસલમાનોની મદદ કરવી એ અમારી મહેરબાનીની જવાબદારી છે[૧૬૦] (૪૭) અલ્લાહ (જ) છે જે પવનો મોકલે, જે વાદળોને ઉઠાવે છે, પછી તેને આકાશમાં જેમ ઇચ્છે તેમ ફેલાવી આપે છે[૧૬૧] અને તેને ટુકડા ટુકડા કરે છે[૧૬૨] તો તુ જુએ (છે) કે તેની વચમાંથી વરસાદ વરસી રહ્યો છે. પછી જ્યારે તેને પોતાના બન્દાઓમાં પહોંચાડે છે[૧૬૩] જેની તરફ ચાહે તેની તરફ તો તરત જ તેઓ હર્ષોલ્લાસ કરે છે (૪૮) જો કે તેના ઉતારતાં પહેલાં તેઓએ આશા મૂકી દીધી હતી (૪૯) તો અલ્લાહની રહમતનો અસર જુઓ[૧૬૪]. જમીનને તેના મૃત્યુ પછી કેવી રીતે જીવાડે છે,[૧૬૫] બેશક ! તે મડદાંઓને જીવંત કરશે અને તે સર્વ કંઇ કરી શકે છે (૫૦) અને જો અમે કોઇ (એવી) હવા મોકલીએ[૧૬૬] જેનાથી તેઓ (પોતાની) ખેતી પીળી (થઇ ગએલી) જુએ[૧૬૭] તો ત્યાર પછી જરૂર નુંગરાપણું કરવા માંડે[૧૬૮] (૫૧) એટલા માટે કે તમે મડદાઓને સંભળાવતા નથી[૧૬૯] અને ન તો બહેરાઓને પોકાર સંભળાવો જ્યારે કે તેઓ પીઠ ફેરવીને નાસે[૧૭૦] (૫૨) અને ન તમે આંધળાઓને[૧૭૧] તેમની ગુમરાહીમાંથી રસ્તા પર લાવો, તો તમે તેમને જ

૧૫૦. અર્થાત કયામતનો દિવસ.

૧૫૧. અર્થાત હિસાબ પછી જુદા જુદા થઇ જશે જન્નતી જન્નત તરફ જશે અને દોઝખી દોઝખ તરફ.

૧૫૨. કે જેથી જન્નતના ઘરોમાં રાહત અને આરામ મેળવે.

૧૫૩. અને અલ્લાહ તઆલા સવાબ આપે.

૧૫૪. વરસાદ અને સારા પાકની.

૧૫૫. સમુદ્રમાં એ પવન દ્વારા...

૧૫૬. અર્થાત દરિયાઇ વેપાર દ્વારા રોજી કમાવ.

૧૫૭. એ નેઅમતોનો અને અલ્લાહનું એક હોવું માનો.

૧૫૮. જે તે રસૂલોની રિસાલત સત્ય હોવા બાબત સ્પષ્ટ દલીલો હતી. તો તે કોમોમાંથી અમુક ઇમાન લાવ્યા અને અમુકે કુફ્ર કર્યું.

૧૫૯. કે દુનિયામાં તેમને અઝાબ વડે તબાહ કરી દીધા.

૧૬૦. અર્થાત તેમને ઉગારવા અને કાફિરોનો વિનાશ કરવો એ તેની કૃપાના શિરે છે. આમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આખેરતની સફળતાની અને આપના શત્રુઓ સામે આપની જીત થવાની તેમજ (કુદરતી) સહાયની ખુશખબર આપવામાં આવી છે. તિરમિઝીની હદીષમાં છે કે; જે મુસલમાન પોતાના ભાઇ (મુસલમાન) ની આબરૂ બચાવશે તેને કયામતના દિવસે અલ્લાહ તઆલા દોઝખની આગથી બચાવશે, એવું કહીને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આ આયત તિલાવત કરી; "વ કા-ન હક્કન

اتل مآ أوحي ٢١ — الروم ٣٠

مُسْلِمُونَ ۝ اللَّهُ الَّذِي خَلَقَكُم مِّن ضَعْفٍ ثُمَّ
جَعَلَ مِن بَعْدِ ضَعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِن بَعْدِ
قُوَّةٍ ضَعْفًا وَشَيْبَةً يَخْلُقُ مَا يَشَاءُ وَهُوَ الْعَلِيمُ
الْقَدِيرُ ۝ وَيَوْمَ تَقُومُ السَّاعَةُ يُقْسِمُ الْمُجْرِمُونَ
مَا لَبِثُوا غَيْرَ سَاعَةٍ كَذَٰلِكَ كَانُوا يُؤْفَكُونَ ۝ وَقَالَ
الَّذِينَ أُوتُوا الْعِلْمَ وَالْإِيمَانَ لَقَدْ لَبِثْتُمْ فِي كِتَابِ
اللَّهِ إِلَىٰ يَوْمِ الْبَعْثِ فَهَٰذَا يَوْمُ الْبَعْثِ وَلَٰكِنَّكُمْ
كُنتُمْ لَا تَعْلَمُونَ ۝ فَيَوْمَئِذٍ لَّا يَنفَعُ الَّذِينَ ظَلَمُوا
مَعْذِرَتُهُمْ وَلَا هُمْ يُسْتَعْتَبُونَ ۝ وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ
فِي هَٰذَا الْقُرْآنِ مِن كُلِّ مَثَلٍ وَلَئِن جِئْتَهُم بِآيَةٍ
لَّيَقُولَنَّ الَّذِينَ كَفَرُوا إِنْ أَنتُمْ إِلَّا مُبْطِلُونَ ۝

સંભળાવો છો જેઓ અમારી આયતો પર ઇમાન લાવ્યા જેથી તેઓ ગરદન નમાવેલા છે (૫૩) અલ્લાહ (જ) છે જેણે તમને આરંભમાં અશક્ત બનાવ્યા[૧૭૨] પછી તમને અશક્તિમાંથી શક્તિ આપી[૧૭૩] ફરી શક્તિ બાદ[૧૭૪] અશક્તિ અને વૃદ્ધાવસ્થા આપી. જે ઇચ્છે તે બનાવે છે[૧૭૫]. અને તેજ ઇલ્મવાળો અને કુદરતવાળો છે (૫૪) અને જે દિવસે કયામત ખડી થશે (ત્યારે) મુજરિમો કસમ ખાશે કે (તેઓ દુનિયામાં) એક પળથી (વધારે) રહ્યા નથી[૧૭૬] તેઓ એવા જ અવળા જતા હતા[૧૭૭] (૫૫) અને જેમને ઇલ્મ અને ઇમાન મળ્યું તેઓ બોલ્યા[૧૭૮]; 'બેશક ! તમે અલ્લાહના લખાણ મુજબ રહ્યા[૧૭૯] ઉઠવાના દિવસ સુધી, તો આ જ તે ઉઠવાનો દિવસ છે[૧૮૦] પણ તમે જાણતા ન હતા[૧૮૧], (૫૬) તો તે દિવસે જાલિમોને તેમની બહાના-બાજી કશો લાભ નહિ આપે અને ન તેમની પાસે કોઇ (અલ્લાહને) રાજી કરવાની માંગણી કરે[૧૮૨] (૫૭) અને બેશક ! અમે લોકો માટે આ કુરઆનમાં દરેક જાતનું દ્રષ્ટાંત વર્ણવ્યું[૧૮૩]. અને જો તમે તેમની પાસે કોઇ નિશાની લાવો તો કાફિરો અવશ્ય કહેશે કે; તમે તો અસત્ય પર જ છો' (૫૮)

અલયના..."

૧૬૧. થોડાં અથવા વધારે.

૧૬૨. અર્થાત કદી તો અલ્લાહ ચોમેર ઘેરી વળેલું વાદળ મોકલે છે જે આખા આકાશ પર છવાએલું દેખાય છે અને કદી છુટા છવાયા ટુકડાઓ રૂપે મોકલે છે.

૧૬૩. એટલે કે વરસાદને.

૧૬૪. અર્થાત વરસાદનો અસર જે માલમ પડે છે કે એનાથી જમીન તૃપ્ત બને છે તેમાંથી વનસ્પતિ ઉગે છે વનસ્પતિમાંથી ફળો નીકળે છે, ફળોમાં ખોરાકનાં તત્વો હોય છે જેનાથી સજીવોનાં શરીરને બળ પ્રાપ્ત થાય છે. અને જુઓ કે અલ્લાહ તઆલા આ વનસ્પતિ અને ફળફળાદી બનાવીને.....

૧૬૫. અને સુકા મેદાનોને લીલાંછમ બનાવી દે છે જેની શક્તિ આવી છે..... ૧૬૬. જે ખેતી માટે નુકસાનકારક હોય.

૧૬૬. જે ખેતી માટે નુકસાનકારક હોય.

૧૬૭. અને ત્યાર પહેલાં તે લીલીછમ હતી.

૧૬૮. અર્થાત ખેતી પીળી પડી ગયા પછી નાશુકરી કરવા માંડે અને આગલી નેઅમતને પણ ભૂલી જાય. કહેવાનો હેતુ એ છે કે એમની પરિસ્થિતિ એવી છે કે જ્યારે એમને નેઅમત મળે છે રોજી સાંપડે છે ત્યારે ખુશ થઇ જાય છે અને જ્યારે કોઇ કષ્ટ લાધે છે, ખેતી ખરાબ થઇ જાય છે ત્યારે આગલી નેઅમતોને પણ વિસારે પાડે છે. તેમને કરવું તો એ જોઇતું હતું કે અલ્લાહ તઆલા પર વિશ્વાસ રાખત અને જ્યારે

નેઅમત મળત ત્યારે આભાર માનત અને જ્યારે મુસીબત પડત ત્યારે ધીરજ ધરત અને દુઆ તેમજ ઇસ્તિગફાર કરત.

ત્યાર પછી અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તસલ્લી આપે છે કે આપ એ લોકોના (હિદાયતથી) વંચિત રહી જવા બદલ અને તેમના ઇમાન નહિ લાવવાના કારણે અફસોસ કરો નહિ...

૧૬૯. અર્થાત જેમનાં દિલો મરી પરવાર્યાં અને તેમનાથી કોઇ પણ રીતે સત્ય સ્વીકારવાની આશા રહી નહિ.

૧૭૦. અર્થાત સત્ય સાંભળવાથી બહેરા હોય અને બહેરા પણ એવા કે પીઠ ફેરવીને ભાગ્યા તેમની પાસેથી કોઇ પણ રીતે સમજવાની આશા નથી.

૧૭૧. અહીં પણ આંધળાઓનો અર્થ "દિલના આંધળા" છે. આ આયત દ્વારા અમુક લોકોએ એવી દલીલ કરી છે કે મૃત્યુ પામેલાઓ સાંભળતા નથી. પણ એવી દલીલ કરવી ખરી નથી, કારણ કે અહિં મડદાંઓનો અર્થ કાફિરો છે જેઓ દુનિયાનું જીવન તો ધરાવે છે પણ નસીહત અને શિખામણથી લાભ મેળવતા નથી, એંટલા માટે તેમને મરેલાઓ સાથે સરખાવવામાં આવ્યા છે તેઓ દારૂલ અમલ(દુનિયા)માંથી પસાર થયા અને નસીહત શિખામણથી લાભ ન ઉઠાવ્યો. માટે આયતથી મરેલાઓના નહિ સાંભળવા બાબત આધાર પકડવો દુરૂસ્ત નથી. અને ઘણી બધી હદીષોથી મુર્દાઓનું સાંભળવું અને તેમની કબરો પર જનારાઓને તેઓ ઓળખે છે એવું સાબિત છે.

૧૭૨. આમાં માનવીની પરિસ્થિતિઓ તરફ નિર્દેશ કરાયો છે કે પ્રથમ તે માંના પેટમાં ગર્ભ હતો પછી બાળક બનીને અવતર્યો અને દૂધ પીતો રહ્યો. આ પરિસ્થિતિઓ અતિશય અશક્તિની છે.

૧૭૩. અર્થાત બાળપણની અશક્તિ પછી યુવાનીની તાકાત આપી.

૧૭૪. અર્થાત યુવાનીની તાકાત પછી...

૧૭૫. કમજોરી અને તાકાત યુવાની અને વૃધ્ધાવસ્થા એ બધું અલ્લાહનું જ બનાવેલું છે.

૧૭૬. અર્થાત આખેરતને દેખીને તેમને દુનિયામાં અથવા કબરોમાં રહેવાની મુદ્દત ખૂબ ઓછી લાગશે એટલા માટે તેઓ એ મુદ્દતને એક પળ જેટલી કહેશે.

૧૭૭. અર્થાત આવી જ રીતે દુનિયામાં પણ ખોટી અને અસત્ય વાતો પર જામી જતા હતા અને સત્યથી ફરી બેસતા હતા અને ઉઠવાનો ઇન્કાર કરતા હતા જેમકે હવે દુનિયા અથવા કબરમાં રહેવાની મુદ્દતને કસમ ખાઇને એક પળ જેટલી કહી રહ્યા છે. તેમની એ કસમ દ્વારા અલ્લાહ તઆલા તેમને સમગ્ર મેહશરવાળાઓ સામે ફજેત કરશે અને બધા જ જોશે કે આટલા મોટા સમુદાય સામે કસમ ખાઇને આવું ઉઘાડું જૂઠ બોલી રહ્યા છે.

૧૭૮. અર્થાત નબીઓ ફરિશ્તાઓ અને મોમિનો તેમને રદિયો આપશે અને કહેશે કે તમે જૂઠ બોલી રહ્યા છો...

૧૭૯. અર્થાત અલ્લાહ તઆલાએ પોતાના ઇલ્મ મુજબ જે લવહે મહફૂઝમાં લખ્યું તે મુજબ જ તમે કબરોમાં (અથવા દુનિયામાં) રહ્યા.

૧૮૦. જેનો તમે દુનિયામાં ઇન્કાર કરતા હતા.

૧૮૧. દુનિયામાં કે તે સત્ય છે જરૂર આવશે હવે તમે જાણયું કે તે દિવસ આવી લાગ્યો અને તેનું

كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿٥٩﴾ فَاصْبِرْ اِنَّ
وَعْدَ اللّٰهِ حَقٌّ وَّلَا يَسْتَخِفَّنَّكَ الَّذِيْنَ لَا يُوْقِنُوْنَ ﴿٦٠﴾ ع
سورة لقمان مكية وهي اربع وثلثون اية واربع ركوعات
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
الٓمّٓ ﴿١﴾ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ﴿٢﴾ هُدًى وَّرَحْمَةً
لِّلْمُحْسِنِيْنَ ﴿٣﴾ الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ
الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿٤﴾ اُولٰٓئِكَ
عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٥﴾
وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِيْ لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ
عَنْ سَبِيْلِ اللّٰهِ بِغَيْرِ عِلْمٍ ۖ وَّيَتَّخِذَهَا هُزُوًا ۭ اُولٰٓئِكَ
لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿٦﴾ وَاِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا وَلّٰى

**અલ્લાહ જાલિમોના દિલો પર આવી રીતે જ મહોર મારી દે છે[૧૮૪] (૫૯) તો સબર કરો[૧૮૫] બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે[૧૮૬] અને જેઓ યકીન ધરાવતા નથી તેઓ (ક્યાંક) તમને હલકા પાડે નહિ[૧૮૭] (૬૦)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૮૮]**

**આ હિકમતવાળી કિતાબની આયતો છે (૨) નેક લોકો માટે હિદાયત અને રહમત છે (૩) જેઓ નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે અને આખેરત પર યકીન રાખે (૪) તેઓ જ પોતાના રબની હિદાયત પર છે અને તેમનું જ કામ બન્યું (૫) અને અમુક લોકો રમતની વાતો ખરીદે છે[૧૮૯] કે (જેનાથી) સમજ્યા વગર અલ્લાહના માર્ગથી વિખુટા પાડી દે[૧૯૦] અને તેને ઠઠ્ઠો મશ્કરી બનાવે. તેમના માટે અપમાનિત કરનાર અઝાબ છે (૬) અને જ્યારે તેની સમક્ષ અમારી આયતો પઢવામાં આવે ત્યારે ઘમંડ કરતો કરતો પાછો ફરી જાય[૧૯૧] જાણે કે તેણે**

આવવું તો સત્ય હતું જ તો હવે અત્યારનું જાણવું તમને કશો લાભ નહિ આપે.

૧૮૨. અર્થાત તેમને એવું કહેવામાં નહિ આવે કે; તમે તવબહ કરીને પોતાના રબને રાજી કરી લો, જેવી રીતે કે દુનિયામાં તેમને તવબહ કરવાનું કહેવામાં આવતું હતું.

૧૮૩. જેથી તેમને સૂચના અને ચેતવણી થાય અને ચેતવણી પરિપૂર્ણ થાય પરંતુ તેમણે પોતાના હૃદયની કાળાશ અને સખ્તાઇના કારણે કશો લાભ ઉઠાવ્યો નહિ, બલ્કે જ્યારે પણ કોઇ કુરઆનની આયત આવી ત્યારે તેને જૂઠાડી અને તેનો ઇન્કાર કર્યો.

૧૮૪. જેમના વિષે જાણે છે કે તેઓ ગુમરાહી સિવાય બીજુ કશું ધારણ કરવાના નથી અને સત્યવાળાઓને અસત્ય પર જ કહેશે.

૧૮૫. તેમની ઇજા અને અદાવત બદલ.

૧૮૬. આપની મદદ કરવાનો અને દીને ઇસ્લામને બધા ધર્મો પર વિજય આપવાનો.

૧૮૭. અર્થાત તે લોકો જેમને આખેરતનું યકીન નથી અને કયામતમાં ઉઠવાને અને હિસાબને નકારનારાઓ છે તેમની સખ્તાઇ તેમનો ઇન્કાર અને તેમની નાલાયક વાતો તમારા માટે ઉશ્કેરાટ અને દુ:ખનું કારણ બને નહિ અને એવું ન થાય કે તમે તેમના માટે અઝાબની દુઆ કરવામાં ઉતાવળ કરી નાખો.

૧૮૮. સૂરએ લુકમાન મક્કીય્યહ છે બે આયતો સિવાય જે ''વલવ અન્ન મા ફીલ અરદે'' થી શરૂ થાય છે. આ સૂરતમાં ૪ રૂકૂઅ ૩૪ આયતો ૫૪૮ શબ્દો ૨૧૧૦ અક્ષરો છે.

૧૮૯. 'લહ્વ' એહલે રમત. (લહવ) દરેક તે વસ્તુને કહે છે જે માણસને નેકી અને કામની વાતોથી

مُسْتَكْبِرًا كَأَنْ لَمْ يَسْمَعْهَا كَأَنَّ فِي أُذُنَيْهِ وَقْرًا
فَبَشِّرْهُ بِعَذَابٍ أَلِيمٍ ۝٧ إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا
الصَّالِحَاتِ لَهُمْ جَنَّاتُ النَّعِيمِ ۝٨ خَالِدِينَ فِيهَا وَعْدَ
اللَّهِ حَقًّا وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ ۝٩ خَلَقَ السَّمَاوَاتِ بِغَيْرِ
عَمَدٍ تَرَوْنَهَا وَأَلْقَىٰ فِي الْأَرْضِ رَوَاسِيَ أَنْ تَمِيدَ
بِكُمْ وَبَثَّ فِيهَا مِنْ كُلِّ دَابَّةٍ وَأَنْزَلْنَا مِنَ السَّمَاءِ
مَاءً فَأَنْبَتْنَا فِيهَا مِنْ كُلِّ زَوْجٍ كَرِيمٍ ۝١٠ هَٰذَا خَلْقُ
اللَّهِ فَأَرُونِي مَاذَا خَلَقَ الَّذِينَ مِنْ دُونِهِ بَلِ
الظَّالِمُونَ فِي ضَلَالٍ مُبِينٍ ۝١١ وَلَقَدْ آتَيْنَا لُقْمَانَ
الْحِكْمَةَ أَنِ اشْكُرْ لِلَّهِ وَمَنْ يَشْكُرْ فَإِنَّمَا يَشْكُرُ
لِنَفْسِهِ وَمَنْ كَفَرَ فَإِنَّ اللَّهَ غَنِيٌّ حَمِيدٌ ۝١٢ وَإِذْ

**સાંભળી જ નથી જાણે કે તેના કાનોમાં પુંમડાં છે[૧૯૨] તો તેને દુ:ખદાયક અઝાબના શુભ સમાચાર આપો (૭) બેશક ! જેઓ ઇમાન લાવ્યા અને સારાં કર્મો કર્યા તેમના માટે રાહતના બગીચાઓ છે (૮) હમેશાં તેમાં રહેશે અલ્લાહનો વાયદો સત્ય છે અને તે જ ઇજ્જત અને હિકમતવાળો છે (૯) તેણે આકાશો બનાવ્યાં એવા થાંભલાઓ વગર જે તમને દેખાય[૧૯૩] અને પૃથ્વીમાં લંગર નાખ્યા[૧૯૪] કે જેથી તમને લઇને હાલક ડોલક થાય નહિ અને તેમાં દરેક જાતનાં જાનવરો ફેલાવી દીધાં, અને અમે આકાશમાંથી પાણી ઉતાર્યું[૧૯૫] તો (તેનાથી) જમીનમાં દરેક સરસ જોડું ઉગાડયું[૧૯૬] (૧૦) આ (બધું) તો અલ્લાહનું સર્જેલું છે[૧૯૭] (હવે તમે) મને તે દેખાડો[૧૯૮] જે તેના સિવાય બીજાઓએ બનાવ્યું હોય[૧૯૯] (એવું કશું છે જ નથી) બલ્કે જુલ્મીઓ ખુલ્લી ગુમરાહીમાં છે (૧૧) અને બેશક ! અમે લુકમાનને હિકમત આપી[૨૦૦] કે અલ્લાહનો આભાર માન[૨૦૧] અને જે આભાર માને છે[૨૦૨] તે પોતાના હિત ખાતર આભાર માને છે અને જે કોઇ નગુણો બને છે, તો બેશક ! અલ્લાહ (તેનાથી) બેપરવાહ છે (અને તે) બધી જ ખૂબીઓથી વખણાએલો (છે) (૧૨) અને યાદ કરો જ્યારે લુકમાને પોતાના**

રોકી રાખે, વાર્તાઓ અને નવલકથાઓનો પણ એમાં સમાવેશ થઇ જાય છે.

**શાને નુઝૂલ :-** આ આયત નદ્ર બિન હારિસ બિન કલ્દહ વિષે ઉતરી જે વેપાર માટે બીજા દેશોનો પ્રવાસ કર્યા કરતો હતો તેણે અજમી લોકોની અમુક એવી ચોપડીઓ (પુસ્તકો) ખરીદી જેમાં વાર્તાઓ અને કિસ્સાઓ લખાએલા હતા. તે વાર્તાઓ તે કુરેશને સંભળાવતો અને કહેતો કે; મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) તમને આદ અને ષમૂદ (આગલી ઉમ્મતો)ની વાતો સંભળાવે છે અને હું રૂસ્તમ ઇસ્ફન્દયાર તેમજ ઇરાનના રાજાઓની વાર્તાઓ સંભળાવું છું (બન્નેમાં શું ફેર છે?) અમુક લોકો તેની વાર્તાઓમાં મગ્ન બની ગયા અને કુરઆન પાક સાંભળવાથી વંચિત રહી ગયા. ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૧૯૦. અર્થાત અજ્ઞાનતાના કારણે લોકોને ઇસ્લામમાં પ્રવેશતાં અને કુરઆને કરીમ સાંભળતાં અટકાવે છે અને અલ્લાહની આયતોની ઠઠ્ઠા મશ્કરી કરે છે.

૧૯૧. અને તેની તરફ ધ્યાન આપે નહિ.

૧૯૨. અને તે બહેરો છે.

૧૯૩. અર્થાત તમારી પોતાની દ્રષ્ટિ એ વાતની સાક્ષી છે કે એમાં કોઇ થાંભલા નથી.

૧૯૪. ઊંચા પર્વતોના.

૧૯૫. પોતાની કૃપાથી વરસાદ વરસાવ્યો.

૧૯૬. ઉત્તમ પ્રકારની વનસ્પતિ ઉગાડી.

قَالَ لُقْمٰنُ لِابْنِهٖ وَهُوَ يَعِظُهٗ يٰبُنَيَّ لَا تُشْرِكْ
بِاللّٰهِ ۚ اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ ﴿۱۳﴾ وَوَصَّيْنَا الْاِنْسَانَ
بِوَالِدَيْهِ ۚ حَمَلَتْهُ اُمُّهٗ وَهْنًا عَلٰى وَهْنٍ وَّفِصٰلُهٗ
فِيْ عَامَيْنِ اَنِ اشْكُرْ لِيْ وَلِوَالِدَيْكَ ۚ اِلَيَّ الْمَصِيْرُ ﴿۱۴﴾
وَاِنْ جَاهَدٰكَ عَلٰٓى اَنْ تُشْرِكَ بِيْ مَا لَيْسَ لَكَ بِهٖ
عِلْمٌ ۙ فَلَا تُطِعْهُمَا وَصَاحِبْهُمَا فِي الدُّنْيَا مَعْرُوْفًا ۖ
وَّاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَيَّ ۚ ثُمَّ اِلَيَّ مَرْجِعُكُمْ
فَاُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۱۵﴾ يٰبُنَيَّ اِنَّهَآ اِنْ تَكُ
مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ فَتَكُنْ فِيْ صَخْرَةٍ اَوْ
فِي السَّمٰوٰتِ اَوْ فِي الْاَرْضِ يَاْتِ بِهَا اللّٰهُ ۗ اِنَّ
اللّٰهَ لَطِيْفٌ خَبِيْرٌ ﴿۱۶﴾ يٰبُنَيَّ اَقِمِ الصَّلٰوةَ وَاْمُرْ

وقف النبي صلى الله عليه وسلم — النصف — منزل ٥

દીકરાને કહ્યું અને તે શિખામણ આપતો હતો;[૨૦૩] 'અય મારા દીકરા ! કોઇને અલ્લાહનો શરીક બનાવીશ નહિ. બેશક ! શિર્ક મહાન જુલ્મ છે[૨૦૪] (૧૩) અને અમે માણસને તેના માં-બાપ વિષે (સદવર્તનની) તાકીદ કરી, તેની માંએ અશક્તિ પર અશક્તિ વેઠીને તેને પેટમાં રાખ્યો[૨૦૫], અને તેનું દૂધ બે વરસમાં છૂટે છે. એ કે હક્ક માન મારો અને પોતાનાં માંબાપનો[૨૦૬] છેવટે મારી તરફ જ આવવાનું છે (૧૪) અને જો તે બન્ને તારી પાસે એવા પ્રયત્નો કરે કે તુ મારો શરીક ઠેરવે એવી વસ્તુને જેની જાણ તને નથી[૨૦૭] તો તેમનું કહેવું માનીશ નહિ[૨૦૮] અને દુનિયામાં સારી રીતે તેમનો સાથ આપ[૨૦૯] અને તેના માર્ગે ચાલ જે મારી તરફ કેન્દ્રિત થયો[૨૧૦]. પછી મારી તરફ જ તમારે આવવાનું છે તો તમે જે કરતા હતા તે હું તમને દેખાડીશ. (૧૫) અય મારા પુત્ર ! બુરાઇ જો રાઇના દાણા જેટલી પણ હોય પછી તે પથ્થરની ચટ્ટાનમાં અથવા આકાશોમાં અથવા ધરતીમાં ગમે ત્યાં હોય[૨૧૧] અલ્લાહ તેને લઇ આવશે[૨૧૨]. બેશક ! અલ્લાહ પ્રત્યેક બારીકીને જાણનાર ખબરદાર છે[૨૧૩] (૧૬) અય મારા દીકરા !

૧૯૭. જે તમે જોઇ રહ્યા છો.

૧૯૮. અય મુશરિકો !

૧૯૯. અર્થાત મૂર્તિઓએ જેમને તમે ઇબાદત કરવા લાયક સમજો છો.

૨૦૦. મોહંમદ બિન ઇસ્હાકે લુકમાનની વંશાવળી આ મુજબ કહેલી છે; લુકમાન બિન બાઉર બિન નાહુર બિન તારૂખ. વહબનું કહેવું છે કે લુકમાન હઝરત અય્યૂબ અલયહિસ્સલામના ભાણિયા હતા. મકાતિલે કહ્યું છે કે તેઓ હઝરત અય્યૂબ અલયહિસ્સલામની માસીના પુત્ર હતા. વાકેદીએ કહ્યું છે કે બની ઇસરાઇલના કાઝી હતા. એવું પણ કહેવાયું છે કે આપ એક હજાર વરસ જીવ્યા હતા અને હઝરત દાવૂદ અલયહિસ્સલામનો સમય મેળવ્યો હતો અને તેમની પાસેથી ઇલ્મ મેળવ્યું હતું અને પહેલાં ફત્વા આપતા હોવા છતાં તેમના સમયમાં ફત્વા આપવાનું છોડી દીધું હતું. આપની નબુવ્વત બાબત મતભેદ છે, વધારે આલિમોના મત મુજબ આપ 'હકીમ' હતા 'નબી' ન હતા.

હિકમત બુધ્ધિ અને સમજદારીને કહે છે. અને કહેવાયું છે કે જે ઇલ્મ પર અમલ કરાતો હોય તે હિકમત છે. અમુકે કહ્યું છે કે વસ્તુઓની વાસ્તવિક પિછાણ અને તળીયા સુધી પહોંચી જનાર સમજદારીને હિકમત કહે છે. અને એવું પણ કહેવાયું છે કે હિકમત તે વસ્તુ છે કે જેના દિલમાં અલ્લાહ તઆલા એ મૂકે છે તેના દિલને એ પ્રકાશિત કરી આપે છે.

૨૦૧. એ નેઅમત બદલ કે અલ્લાહ તઆલાએ (તને) હિકમત આપી છે.

૨૦૨. કારણ કે આભાર માનવાથી નેઅમત વધે છે અને સવાબ મળે છે.

اتل ما اوحي ٢١ — لقمان ٣١

بالمعروف وانه عن المنكر واصبر على ما
اصابك ان ذلك من عزم الامور ﴿١٧﴾ ولا تصعر
خدك للناس ولا تمش في الارض مرحا ان
الله لا يحب كل مختال فخور ﴿١٨﴾ واقصد في مشيك
واغضض من صوتك ان انكر الاصوات
لصوت الحمير ﴿١٩﴾ الم تروا ان الله سخر لكم ما في
السموت وما في الارض واسبغ عليكم نعمه ظاهرة
وباطنة ومن الناس من يجادل في الله بغير علم
ولا هدى ولا كتب منير ﴿٢٠﴾ واذا قيل لهم اتبعوا
ما انزل الله قالوا بل نتبع ما وجدنا عليه اباءنا
اولو كان الشيطن يدعوهم الى عذاب السعير ﴿٢١﴾

નમાઝ કાયમ રાખ અને સારી વાતનો ઉપદેશ આપ અને ખરાબ વાતથી અટકાવ અને જે આફત તારા પર આવી પડે[૨૧૪] તે બદલ સબર કર, બેશક ! આ હિમ્મતનાં કામો છે[૨૧૫] (૧૭) અને કોઇની સાથે વાત કરતી વખતે[૨૧૬] પોતાના ગાલ વાંકા ન કર[૨૧૭] અને જમીનમાં ઇતરાઇને ન ચાલ, બેશક ! અલ્લાહને કોઇ પણ ઇતરાઇ જનાર ઘમંડી ગમતો નથી (૧૮) અને વચગાળાની ચાલે ચાલ[૨૧૮] અને પોતાનો અવાજ જરા ધીમે કર[૨૧૯] બેશક ! બધા અવાજોમાં બુરો અવાજ ગધેડાનો અવાજ (છે)[૨૨૦] (૧૯) શું તમે જોયું નહિ કે અલ્લાહે તમારા માટે જે કંઇ આકાશો અને ધરતીમાં છે[૨૨૧] તેને કામે લગાડયાં અને તમને પોતાની જાહેરી અને છુપી[૨૨૨] નેઅમતો પુરેપુરી આપી અને અમુક (લોકો) અલ્લાહ વિષે ઝઘડે છે એવી રીતે કે (તેમની પાસે) ન ઇલ્મ ન બુધ્ધિ ન તો કોઇ સ્પષ્ટ કિતાબ (છે)[૨૨૩] (૨૦) અને જ્યારે તેમને કહેવામાં આવે કે; 'જે અલ્લાહે ઉતાર્યું તેને અનુસરો' ત્યારે કહે છે કે; 'અમે તો તેને અનુસરીશું જેના પર અમે અમારા બાપ-દાદાઓને જોયા[૨૨૪]' શું શયતાન તેમને દોઝખના અઝાબ તરફ બોલાવતો હોય તો પણ[૨૨૫] ? (૨૧)

૨૦૩. હઝરત લુકમાનના તે પુત્રનું નામ અનૂઅમ અથવા અશકમ હતું. માણસનો ઉચ્ચ મરતબો એ છે કે તે પોતે પણ સંપૂર્ણ બને અને બીજાને પણ સંપૂર્ણ બનાવે, હઝરત લુકમાનનું સંપૂર્ણ હોવું તો "વલકદ આતયના લુકમાન લ હિકમત" માં વર્ણવવામાં આવ્યું અને બીજાને સંપૂર્ણ કરવાની વાત "વહુવ યઇઝુહુ"માં વર્ણવવામાં આવી. અને શિખામણ પોતાના પુત્રને આપી જેથી જાહેર થાય કે શિખામણ પ્રથમ પોતાના ઘરવાળાઓ અને નજીકના લોકોને આપવી જોઇએ. અને શિખામણની શરૂઆત શિર્કની મનાઇથી કરી જેનાથી જણાયું કે એ વાત ખાસ મહત્વની છે.

૨૦૪. કારણ કે એમાં એવાને ઇબાદતને પાત્ર ઠેરવાય છે જે ઇબાદતને લાયક નથી અને ઇબાદતને તેના અસ્થાને ગોઠવાય છે તેથી એ બન્ને વાતો મહાન જુલમ છે.

૨૦૫. અર્થાત તેણીની અશક્તિ દરેક પળે પ્રગતિ પર હોય છે ગર્ભ જેટલો મોટો થતો જાય છે અશક્તિ તેટલી વધતી ચાલે છે, ગર્ભવતી થયા પછી સ્ત્રીની અશક્તિ થાક અને કષ્ટ વધતાં જાય છે, ગર્ભ પોતે જ અશક્ત બનાવી દેનાર હોય છે અને તેના પર પ્રસુતિ વેદના એ અશક્તિ પર અશક્તિ છે અને પ્રસુતિ તેના પર વધારે મુસીબત અને ધાવણ આપવું એના પર એક વધારે બોજ હોય છે.

૨૦૬. આ એ તાકીદ છે જેનું વર્ણન ઉપર થયું હતું. સુફયાન બિન ઉયૈયનાએ આ આયતની તફસીરમાં કહ્યું છે કે; જેણે પાંચે સમયની નમાઝો અદા કરી તેણે અલ્લાહનો શુકર કર્યો અને જેણે પાંચે નમાઝો પછી પોતાના મા-બાપ માટે દુઆ કરી તેણે માં-બાપ નો શુકર કર્યો.

૨૦૭. અર્થાત ઇલ્મ વડે તો કોઇને મારો શરીક ઠેરવી શકાતુ જ નથી કારણ કે મારો શરીક અશક્ય

وَمَن يُسْلِمْ وَجْهَهُ إِلَى اللَّهِ وَهُوَ مُحْسِنٌ فَقَدِ اسْتَمْسَكَ
بِالْعُرْوَةِ الْوُثْقَىٰ وَإِلَى اللَّهِ عَاقِبَةُ الْأُمُورِ ﴿٢٢﴾ وَمَن
كَفَرَ فَلَا يَحْزُنكَ كُفْرُهُ إِلَيْنَا مَرْجِعُهُمْ فَنُنَبِّئُهُم بِمَا
عَمِلُوا إِنَّ اللَّهَ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٢٣﴾ نُمَتِّعُهُمْ
قَلِيلًا ثُمَّ نَضْطَرُّهُمْ إِلَىٰ عَذَابٍ غَلِيظٍ ﴿٢٤﴾ وَلَئِن
سَأَلْتَهُم مَّنْ خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ لَيَقُولُنَّ اللَّهُ
قُلِ الْحَمْدُ لِلَّهِ بَلْ أَكْثَرُهُمْ لَا يَعْلَمُونَ ﴿٢٥﴾ لِلَّهِ مَا فِي
السَّمَاوَاتِ وَالْأَرْضِ إِنَّ اللَّهَ هُوَ الْغَنِيُّ الْحَمِيدُ ﴿٢٦﴾
وَلَوْ أَنَّمَا فِي الْأَرْضِ مِن شَجَرَةٍ أَقْلَامٌ وَالْبَحْرُ
يَمُدُّهُ مِن بَعْدِهِ سَبْعَةُ أَبْحُرٍ مَّا نَفِدَتْ كَلِمَاتُ
اللَّهِ إِنَّ اللَّهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٢٧﴾ مَّا خَلْقُكُمْ وَلَا بَعْثُكُمْ

ع

તો જે નમાવી દે પોતાનું મોઢું અલ્લાહ તરફ[૨૨૬] અને હોય તે નેક તો બેશક ! તેણે મજબૂત ગાંઠ પકડી લીધી. અને બધા કામોનો અંત અલ્લાહ તરફ જ છે (૨૨) અને જે કુફ્ર કરે તો તમે[૨૨૭] તેના કુફ્રની ચિંતા કરો નહિ, તેમને અમારી તરફ પાછુ ફરવાનું છે (ત્યારે) તેઓ જે કરતાહતા તે અમે તેમને દેખાડી આપીશું.[૨૨૮] બેશક ! અલ્લાહ દિલોની વાત જાણે છે (૨૩) અમે તેમને થોડું વાપરવા દઇશું[૨૨૯] પછી તેમને લાચાર કરીને સખ્ત અઝાબ તરફ લઇ જઇશું[૨૩૦] (૨૪) અને જો તમે તેમને પૂછો કે; 'આકાશો અને પૃથ્વી કોણે બનાવ્યાં?' તો જરૂર કહેશે કે; 'અલ્લાહે' તમે ફરમાવો; 'બધી ખૂબીઓ અલ્લાહને'[૨૩૧] બલ્કે તેમાંના ઘણા જાણતા નથી (૨૫) જે કંઇ આસ્માનો અને જમીનમાં છે તે (બધું) અલ્લાહનું જ છે[૨૩૨] બેશક ! અલ્લાહ જ બેનિયાઝ છે બધી ખૂબીઓથી વખણાએલો (૨૬) અને જો પૃથ્વી પર જેટલાં ઝાડો છે તે બધાં કલમો બની જાય અને સમુદ્ર તેની શાહી થાય તે ઉપરાંત બીજા સાત સમુદ્રો (શાહી બને)[૨૩૩] તો પણ અલ્લાહની વાતો પુરી થાય નહિ[૨૩૪], બેશક ! અલ્લાહ ઇજ્જત અને હિકમતવાળો છે (૨૭) તમને બધાંને જન્માવવાં અને કયામતમાં

છે, હોઇ શકતો જ નથી છતાં જો કોઇ એવું કહેશે (કે કરશે) તે અજ્ઞાનતાના કારણે જ કોઇ વસ્તુને શરીક કરવાનું કહેશે (કે કરશે) આવું જો માં-બાપ પણ કહે.....

૨૦૮. નખઇએ કહ્યું છે કે; માં-બાપનો હુકમ માનવો વાજિબ છે પણ જો તેઓ શિર્ક કરવાનું કહે તો તેમનો હુકમ ન માન, કારણ કે અલ્લાહની આજ્ઞાનું ઉલ્લંઘન થતું હોય એવા કામમાં મખ્લૂકનો હુકમ માનવો જાઇઝ નથી.

૨૦૯. સદવર્તન ઉપકાર અને સહશીલતા વડે.

૨૧૦. અર્થાત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબાના રસ્તે, એને જ એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ કહે છે.

૨૧૧. ગમે તેવી છુપી જગ્યાએ હોય પણ અલ્લાહથી છાની રહી શકતી નથી.

૨૧૨. કયામતના દિવસે અને હિસાબમાં તેની ગણત્રી કરશે.

૨૧૩. અર્થાત દરેક નાની મોટી વસ્તુ તેની જાણકારીના ઘેરામાં છે.

૨૧૪. સારી વાતનો આદેશ અને ખરાબ વાતથી અટકાવવા બદલ.

૨૧૫. એ કરવાં અનિવાર્ય છે. આ આયતથી જણાયું કે નમાઝ અને સારી વાતનો ઉપદેશ આપવો તેમજ બુરી વાતથી અટકાવવું અને આફત બદલ સબર કરવી એ એવી ઇબાદતો છે જેનો હુકમ બધી જ ઉમ્મતોને હતો.

૨૧૬. ઘમંડની રીતે.

૨૧૭. અર્થાત જ્યારે માણસો તારી સાથે વાત કરે ત્યારે ઘમંડ કરીને તેમની સામેથી મોઢું ફેરવી લઇશ નહિ, જેવું કે ઘમંડી લોકો કરતા હોય છે, બલ્કે માલદાર ગરીબ બધાં સાથે નરમાશથી વર્તજે.

૨૧૮. બહું ઉતાવળે પણ નહિ અને ખૂબ ધીરે પણ નહિ, કારણ કે એ બન્ને હાલતો ખરાબ છે એકમાંથી ઘમંડ ટપકે છે એકમાંથી અછકલાપણું. હદીષ શરીફમાં છે કે ખૂબ ઉતાવળે ચાલવું મોઅમિનનો મોભો ખોઇ નાખે છે.

૨૧૯. અર્થાત ઘોંઘાટ મચાવવાથી અને બુમો પાડવાથી છેટો રહે.

૨૨૦. કહેવાનો આશય એ છે કે ઘોંઘાટ મચાવવો અને બુમો પાડવી એ મકરૂહ અને નાપસંદીદા છે અને એમાં કશો સારાસાર નથી, ગધેડાનો અવાજ બહુ બુલંદ હોવા છતાં અણગમતો અને વહેશત ઉપજાવનાર હોય છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ધીમે અવાજે બોલવાનું પસંદ હતું અને કડક અવાજે બોલવાને સારૂ ગણતા ન હતા.

૨૨૧. આકાશોમાં જેવા કે સૂર્ય, ચંદ્ર, તારાઓ જેનાથી તમે લાભ મેળવો છો અને ધરતીમાં જેવા કે નદીઓ, નહેરો, પર્વતો, ખાણો, ઝાડો, ફળો, જાનવરો વિગેરે જેનાથી તમે ફાયદાઓ ઉઠાવો છો.

૨૨૨. જાહેરી નેઅમતો એટલે કે અવયવોનું યોગ્યપણું અને પાંચે ઇન્દ્રીઓ તેમજ શિકલની ખૂબસૂરતી વિગેરે અને છુપી નેઅમતો એટલે ઇલ્મ અલ્લાહની ઓળખ તેમજ સદગુણો વિગેરે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે કે; જાહેરી નેઅમતો એ ઇસ્લામ અને કુરઆન છે અને છુપી નેઅમતો એ કે તમારા ગુનાહો પર પડદો નાખી દીધો તમારો ભેદ જાહેર કર્યો નહિ અને સજા આપવામાં ઉતાવળ કરી નહિ. અમુક તફસીરકારોએ ક્હયું છે કે; જાહેરી નેઅમત એટલે ખૂબસૂરતી અને બાતેની નેઅમત એટલે દિલોના અકીદાઓ. એક કથન એવું છે કે જાહેરી નેઅમત એટલે રોજી અને છુપી નેઅમત એટલે સારી આદતો. એક કથન એવું છે કે જાહેરી નેઅમતો એટલે શરીઅતના હુકમનું (બીજી ઉમ્મતો કરતાં) હળવું હોવું અને છુપી નેઅમત શફાઅત. એક કથન એવું છે કે જાહેરી નેઅમત એટલે ઇસ્લામનું વિજયી થવું અને શત્રુઓ સામે જીતવું અને બાતેની નેઅમત એટલે ફરિશ્તાઓનું (બદ્રના મેદાનમાં) ઇમદાદ માટે આવવું. એક કથન એવું છે કે જાહેરી નેઅમત રસૂલની આજ્ઞાનું પાલન અને છુપી નેઅમત આપની મોહબ્બત છે.

૨૨૩. તેથી જે કંઇ કહેશે તે અજ્ઞાનતા અને મૂર્ખાઇ જ હશે અને અલ્લાહ બાબતે આવી હિમ્મત અને બકવાસ કરવી તદ્દન અસ્થાને અને ગુમરાહી છે.

**શાને નુઝૂલ** :- આ આયત નદ્ર બન હારિસ અને ઉબય બિન ખલફ વિષે ઉતરી જેઓ જાહિલ હોવા છતાં સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે અલ્લાહ જલ્લ શાનુહૂ ની ઝાત અને સિફાત વિષે વાદવિવાદ કરતા હતા.

૨૨૪. અર્થાત અમારા પૂર્વજોના તરીકા પર જ રહીશું. તે બાબત અલ્લાહ તઆલા ફરમાવે છે...

૨૨૫. તેઓ પોતાના બાપ-દાદાઓને જ અનુસર્યા કરશે?

૨૨૬. તેના માટે નિખાલસતા પૂર્વક દીન સ્વીકારે તેની ઇબાદતમાં મગ્ન બને પોતાનાં કામો તેને હવાલે કરી આપે અને તેનામાં જ વિશ્વાસ રાખે.

૨૨૭. અય સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૨૨૮. અર્થાત અમે તેમને તેમના કર્મોની સજા આપીશું.

૨૨૯. અર્થાત થોડી મહેતલ આપીશું કે જેથી દુનિયામાં મજા કરી લે.

إِلَّا كَنَفْسٍ وَّاحِدَةٍ ۗ إِنَّ اللَّهَ سَمِيعٌ بَصِيرٌ ﴿٢٨﴾ أَلَمْ تَرَ
أَنَّ اللَّهَ يُولِجُ اللَّيْلَ فِي النَّهَارِ وَيُولِجُ النَّهَارَ فِي
اللَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ كُلٌّ يَجْرِي إِلَىٰ
أَجَلٍ مُّسَمًّى وَأَنَّ اللَّهَ بِمَا تَعْمَلُونَ خَبِيرٌ ﴿٢٩﴾ ذَٰلِكَ
بِأَنَّ اللَّهَ هُوَ الْحَقُّ وَأَنَّ مَا يَدْعُونَ مِن دُونِهِ
الْبَاطِلُ وَأَنَّ اللَّهَ هُوَ الْعَلِيُّ الْكَبِيرُ ﴿٣٠﴾ أَلَمْ تَرَ أَنَّ الْفُلْكَ
تَجْرِي فِي الْبَحْرِ بِنِعْمَتِ اللَّهِ لِيُرِيَكُم مِّنْ آيَاتِهِ
إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُورٍ ﴿٣١﴾ وَإِذَا
غَشِيَهُم مَّوْجٌ كَالظُّلَلِ دَعَوُا اللَّهَ مُخْلِصِينَ لَهُ
الدِّينَ فَلَمَّا نَجَّاهُمْ إِلَى الْبَرِّ فَمِنْهُم مُّقْتَصِدٌ
وَمَا يَجْحَدُ بِآيَاتِنَا إِلَّا كُلُّ خَتَّارٍ كَفُورٍ ﴿٣٢﴾

ઉઠાડવાં (તેના માટે) એવું જ છે જાણે એક જીવને (જન્માવવો અને ઉઠાડવો)[૨૩૫]. બેશક ! અલ્લાહ જોતો સાંભળતો છે (૨૮) અય સાંભળનાર ! શું તેં જોયું નહિ કે અલ્લાહ દિવસના ભાગમાં રાતને લાવે છે અને કરે છે દિવસને રાતના ભાગમાં[૨૩૬] અને તેણે સૂર્ય તેમજ ચંદ્ર કામે લગાડયા,[૨૩૭] દરેક એક નક્કી કરેલી મુદત સુધી ચાલે છે[૨૩૮]. અને એ કે અલ્લાહ તમારા કામોથી ખબરદાર છે (૨૯) આ એટલા માટે કે અલ્લાહ જ સત્ય છે[૨૩૯] અને તેના સિવાય જેમને પૂજે છે તે સર્વે અસત્ય છે.[૨૪૦] અને એટલા માટે કે અલ્લાહ જ બુલંદ મોટાઇવાળો છે (૩૦) શું તેં જોયું નહિ કે વહાણ સમુદ્રનાં (માત્ર) અલ્લાહની કૃપાથી જ ચાલે છે[૨૪૧]? જેથી તે તમને પોતાની[૨૪૨] અમુક નિશાનીઓ દેખાડે. બેશક ! એમાં દરેક મહાન સબર કરનાર શુકર ગુજારનાર માટે નિશાનીઓ છે[૨૪૩] (૩૧) અને જ્યારે તેમના ઉપર[૨૪૪] પર્વત જેવું કોઇ મોજું આવી ચઢે છે ત્યારે અલ્લાહને પોકારે છે માત્ર તેના પર શ્રધ્ધા રાખીને[૨૪૫] પછી જ્યારે તેમને ઉગારી લાવે છે જમીન તરફ ત્યારે તેમાંથી અમુક (જ) અટલ રહે છે[૨૪૬]. અને અમારી આયતોનો ઇન્કાર નહિ કરે પણ દરેક મહા બેવફા નગુણો (૩૨)

૨૩૦. આખેરતમાં, અને તે અઝાબ દોઝખનો છે જેમાંથી કદી પણ છૂટશે નહીં.

૨૩૧. તેમના સ્વીકાર પછી આ તેમને વળતો જવાબ છે કે જેણે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યું તે અલ્લાહ વહદહૂ લા શરીક લહૂ છે તો જરૂરી ઠર્યું કે તેના વખાણ કરવામાં આવે તેનો શુક્ર કરવામાં આવે અને તેના સિવાય કોઈ બીજાની ઈબાદત કરવામાં ન આવે.

૨૩૨. બધા જ તેના બંદાઓ માલિકીની મખ્લૂક છે તેથી તેના સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી.

૨૩૩. અને સમગ્ર મખ્લૂક અલ્લાહના કલેમાઓ લખવા બેસે અને તે તમામ કલમો અને સમુદ્રોની શાહી પૂરી થઈ જાય...... ૨૩૪. કારણ કે અલ્લાહની જાણકારી અસીમ અને અનંત છે.

**શાને નુઝૂલ :–** જયારે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ હિજરત કરીને મદીના શરીફ પધાર્યા ત્યારે યહૂદીઓના ધર્મગુરૂઓએ આપની પાસે આવીને કહ્યુ; 'અમે સાંભળ્યું છે કે તમે એમ કહો છો કે; "વમા ઉતીતુમ મિનલ ઈલ્મે ઈલ્લા ક઼લીલા" (કુર્આન) અર્થાત તમને થોડુંક જ ઈલ્મ આપવામાં આવ્યું છે તો એનાથી તમારો હેતુ અમને કહેવાનો છે કે પછી માત્ર તમારી ક઼ૌમને ? આપે ફર્માવ્યું કે બધા જ લોકો એમાં સમાવિષ્ટ છે. પેલાઓએ કહ્યું; 'શું તમારી કિતાબમાં એવું નથી કે અમને તવરાત આપવામાં આવી જેમાં દરેક વસ્તુનું બયાન છે ?' હુઝૂરે ફર્માવ્યું; દરેક વસ્તુનું બયાન પણ અલ્લાહના ઈલ્મ સામે થોડુક જ છે, અને તમને તો અલ્લાહ તઆલાએ (માત્ર) એટલું જ ઈલ્મ આપ્યું છે કે જો તેના પર અમલ કરો તો ફાયદો મેળવો. પેલાઓએ કહ્યું; 'તમે આ કેવી રીતે વિચારો છો ? તમે પોતે તો કહો છો કે જેને હિકમત આપવામાં આવી તેને ઘણી ભલાઈ આપવામાં આવી તો પછી ઈલ્મ, થોડું અને હિકમત વધારે એવું કેવી રીતે બની શકે ?' ત્યારે આ આયતે કરીમા ઉતરી. આ રીતે આ આયત મદની ગણાશે.

اتل ما اوحي ٢١ السجدة ٣٢

يَاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمْ وَاخْشَوْا يَوْمًا لَّا
يَجْزِيْ وَالِدٌ عَنْ وَّلَدِهٖ وَلَا مَوْلُوْدٌ هُوَ جَازٍ
عَنْ وَّالِدِهٖ شَيْـًٔا اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَلَا
تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَلَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ ۝٣٣
اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ وَيُنَزِّلُ الْغَيْثَ
وَيَعْلَمُ مَا فِى الْاَرْحَامِ وَمَا تَدْرِيْ نَفْسٌ مَّاذَا
تَكْسِبُ غَدًا وَمَا تَدْرِيْ نَفْسٌ بِاَيِّ اَرْضٍ
تَمُوْتُ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ۝٣٤

سُوْرَةُ السَّجْدَةِ مَكِّيَّةٌ وَهِيَ ثَلٰثُوْنَ اٰيَةً وَّثَلٰثُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ۝١ تَنْزِيْلُ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ مِنْ رَّبِّ الْعٰلَمِيْنَ ۝٢

અય લોકો ![૨૪૭] પોતાના રબથી ડરો અને તે દિવસનો ખોફ રાખો જેમાં કોઇ બાપ પોતાના પુત્રને કામ નહિ લાગે અને ન કોઇ કામગરો છોકરો પોતાના બાપને કંઇ લાભ આપે[૨૪૮]. બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે[૨૪૯], તો દુનિયાનું જીવન તમને જરા પણ ફરેબ આપે નહિ[૨૫૦] અને તમને અલ્લાહની દરગુજર બાબત પેલો મહાફરેબી ધોકબાજીમાં નાખે નહીં[૨૫૧] (૩૩) બેશક! અલ્લાહ પાસે છે કયામતનું ઈલ્મ[૨૫૨] અને ઉતારે છે વરસાદ અને જે કંઈ માતાઓના પેટમાં છે તે જાણે અને કોઈ જીવ જાણતો નથી કે કાલે (તે) શું કમાશે અને કોઈ જીવ જાણતો નથી કે કઈ ધરતીમાં મરશે, બેશક ! અલ્લાહ જાણનાર કહેનાર છે[૨૫૩] (૩૪)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૫૪]**

કિતાબનું ઉતારવું બેશક ! પરવરદિગારે આલમ તરફથી (૨)

એક કથન એવું છે કે યહૂદીઓએ કુરેશીઓને કહ્યું હતું કે; મક્કા જઇને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ઉપર મુજબ પૂછે.

એક કથન એવું છે કે મુશરિકોએ કહ્યું હતું કે નજીકમાં જ કુરઆન અને જે કંઇ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ લાવે (સંભળાવે) છે તે પુરૂં થઇ જશે એટલે વાત પતી જશે. તે બાબત અલ્લાહે આ આયત ઉતારી.

૨૩૫ અલ્લાહ માટે કશું અઘરૂં નથી તેની કુદરત તો એવી છે કે એક 'કુન' વડે બધું સર્જાવી દે.

૨૩૬. એટલે કે એકને ટૂંકાવીને અને બીજાને લંબાવીને અને જે સમય એકમાંથી ટૂંકાવે છે તે બીજામાં વધારી આપે છે.

૨૩૭. બન્દાઓનાં કામો માટે.

૨૩૮. અર્થાત કયામતના દિવસ સુધી અથવા પોતપોતાના નક્કી થએલા સમયો સુધી સૂર્ય વરસના અંત સુધી અને ચંદ્ર મહીનાના અંત સુધી.

૨૩૯. તેજ આ મજકુર બાબતો કરવા શક્તિમાન છે માટે તે જ ઇબાદતને લાયક છે.

૨૪૦. નાશવંત તેમાંથી કોઇ પણ ઇબાદતને પાત્ર ઠરી શકતું નથી.

૨૪૧. તેની મહેરબાની અને તેના એહસાનથી.

૨૪૨. કુદરતની અજબ અજબ.....

૨૪૩. જે મુસીબતો પર સબર કરે અને અલ્લાહ તઆલાની નેઅમતોનો શુક્રગુજાર બને. સબર અને

શુકર એ બન્ને મોઅમિનના ગુણો છે.

૨૪૪. અર્થાત કાફિરો પર.

૨૪૫. અને તેની સમક્ષ આજેજી કરે અને કરગરે છે અને તેની પાસે જ દુઆ અને વિનવણીઓ કરે છે તે સમયે તેના સિવાય બધાંને વિસરી જાય છે.

૨૪૬. પોતાના ઇમાન અને નિખાલસપણા પર કાયમ રહે છે, કુફ્ર તરફ પલ્ટી જતો નથી.

**શાને નુઝૂલ** :- કહેવામાં આવ્યું છે કે આ આયત ઇકરમા ઇબ્ને અબૂજહલ બાબત ઉતરી. જે વરસે મક્કા મુકર્રમા જીતાયું ત્યારે તેઓ સમુદ્ર તરફ ભાગી છુટયા ત્યાં તેમને વિરોધી હવા એ પકડયા અને ભયમાં મુકાયા ત્યારે ઇકરમાએ કહ્યું કે; જો અલ્લાહ તઆલા આપણને આ ભયમાંથી મુક્ત કરશે તો હું અવશ્ય મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઇને આપના હાથમાં હાથ આપી દઇશ (મુસલમાન બની જઇશ) અલ્લાહ તઆલાએ કૃપા કરી પવન બંધ પડયો અને ઇકરમા મક્કા મુકર્રમા પાછા આવ્યા અને ઇસ્લામ સ્વીકાર્યો અને ખૂબ નિખાલસતાપૂર્વક મુસલમાન થયા. અને તેમના સાથીદારોમાં અમુક એવા હતા જેઓ પોતાના વચન પર અટલ રહ્યા નહિ તેમની બાબત આગલા વાક્યમાં ફરમાવવામાં આવે છે.....

૨૪૭. અર્થાત મક્કાવાસીઓ !

૨૪૮. કયામતના દિવસે દરેક માણસ પોતપોતાની ફિકરમાં ફરતો હશે અને પિતા પુત્રને અને પુત્ર પિતાને કંઇ ખપ લાગશે નહિ કાફિરોની મુસલમાન ઔલાદ પણ તેમને કશા કામ લાગશે નહિ અને ન તો મુસલમાન માં-બાપ પોતાની કાફિર ઔલાદને કંઇ ફાયદો કરી શકશે.

૨૪૯. એવો દિવસ અચૂક આવવાનો છે અને મૃત્યુ પછી જીવતા થઇ ઉઠવાનો હિસાબ તેમજ બદલાનો વાયદો અવશ્ય પુરો થશે.

૨૫૦. જેની તમામ નેઅમતો અને લિઝઝતો નાશ પામનારી છે તેથી ક્યાંક તેના પર લટ્ટુ બનીને ઇમાનની દોલતથી વંચિત ન બની જંશો.

૨૫૧. એટલે કે શયતાન દૂરદરાઝની આશાઓમાં સંડોવીને ગુનાહોમાં ડૂબાડી આપે નહિ.

૨૫૨. **શાને નુઝૂલ** :- આ આયત હારિસ બિન અમ્ર વિષે ઉતરી જેમણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ની સેવામાં ઉપસ્થિત થઇને કયામતનો સમય પૂછયો હતો અને પૂછયું હતું કે; મેં ખેતીનું વાવેતર કર્યું છે તેથી કહો કે વરસાદ ક્યારે પડશે? અને મારી પત્ની ગર્ભવતી છે, તો કહો કે તેના ગર્ભમાં છોકરો છે કે છોકરી? મેં કાલે શું કર્યું તેની તો મને ખબર છે પણ આવતી કાલે હું શું કરીશ તેની મને માહિતી આપો, અને હું ક્યાં જન્મ્યો હતો તેની પણ મને જાણ છે, હવે હું ક્યાં મરીશ તેની ખબર મને આપો. તેના જવાબમાં આ આયતે કરીમા ઉતરી.

૨૫૩. પોતાના પ્રિય બન્દાઓ અને અવલિયાઓમાંથી જેને ઇચ્છે તેને એની જાણકારી આપે. આ આયતમાં જે પાંચ વાતોની વિશેષતા અલ્લાહ સાથે વર્ણવવામાં આવી છે તેના જ સંબંધે સૂરએ જિનમાં ફરમાવ્યું છે કે 'આલિમુલ ગૈબે ફલા યુઝહિરો અલા ગૈબિહી અહદુન ઇલ્લા મનિર તદા મિન રસૂલિન" (અલ્લાહ આલિમુલ ગૈબ પોતાના ચૂંટેલા રસૂલો સિવાય બીજા કોઇને ગૈબનું ઇલ્મ આપતો નથી) મતલબ એ કે અલ્લાહના જણાવ્યા વગર એ વાતોનું ઇલ્મ કોઇને નથી અને અલ્લાહ પોતાના પ્રિય બન્દાઓમાંથી જેને ઇચ્છે તેને આપે અને પોતાના પસંદીદા રસૂલોને એ ઇલ્મ આપવાની જાહેરાત સૂરએ જિનમાં તે પોતે જ કરી ચૂક્યો છે. ખુલાસો એ કે ઇલ્મે ગૈબ અલ્લાહ સાથે ખાસ છે અને અમ્બિયા અવલિયાને ગૈબનું ઇલ્મ અલ્લાહ

શું કહે છે[૨૫૫], એમની બનાવી કાઢેલી છે?[૨૫૬] બલ્કે તે સત્ય છે તમારા રબ તરફથી જેથી તમે એવા લોકોને ડરાવો જેમની પાસે તમારાથી પહેલાં કોઇ ડરાવનાર આવ્યો નથી[૨૫૭], એ આશાએ કે તેઓ માર્ગ મેળવે (૩) અલ્લાહ (જ) છે જેણે આકાશો અને પૃથ્વી અને જે કંઇ તેમની વચમાં છે તે બધું છ દિવસોમાં બનાવ્યું પછી ઇસ્તેવા ફરમાવ્યો અર્શ પર[૨૫૮]. તેને છોડીને તમારો કોઇ તરફેણ કરનાર કે ભલામણ કરનાર નથી[૨૫૯] તો શું તમે ધ્યાન આપતા નથી? (૪) આકાશથી પૃથ્વી સુધી કામની તદબીર કરે છે[૨૬૦] પછી તેની તરફ જ પાછું જશે[૨૬૧] તે દિવસે કે જેનું માપ તમારી ગણત્રી મુજબ હજાર વરસનું છે[૨૬૨] (૫) આ[૨૬૩] છે (અલ્લાહ) પ્રત્યેક જાહરે છુપાને જાણનાર ઇજ્જત અને રહમતવાળો (૬) તે જેણે જે વસ્તુ (પણ) બનાવી તે સરસ બનાવી[૨૬૪] અને માનવીની પેદાઇશની શરૂઆત માટીથી કરી[૨૬૫] (૭) પછી એક તુચ્છ પાણીના ઉભરાથી તેનો વંશ ચલાવ્યો[૨૬૬] (૮)

اتل ما اوحي ٢١ — السجدة ٣٢

أَمْ يَقُولُونَ افْتَرَاهُ ۚ بَلْ هُوَ الْحَقُّ مِن رَّبِّكَ لِتُنذِرَ
قَوْمًا مَّا أَتَاهُم مِّن نَّذِيرٍ مِّن قَبْلِكَ لَعَلَّهُمْ
يَهْتَدُونَ ۝٣ اللَّهُ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَ
الْأَرْضَ وَمَا بَيْنَهُمَا فِي سِتَّةِ أَيَّامٍ ثُمَّ اسْتَوَىٰ
عَلَى الْعَرْشِ ۖ مَا لَكُم مِّن دُونِهِ مِن وَلِيٍّ وَلَا
شَفِيعٍ ۚ أَفَلَا تَتَذَكَّرُونَ ۝٤ يُدَبِّرُ الْأَمْرَ مِنَ
السَّمَاءِ إِلَى الْأَرْضِ ثُمَّ يَعْرُجُ إِلَيْهِ فِي يَوْمٍ كَانَ
مِقْدَارُهُ أَلْفَ سَنَةٍ مِّمَّا تَعُدُّونَ ۝٥ ذَٰلِكَ عَالِمُ
الْغَيْبِ وَالشَّهَادَةِ الْعَزِيزُ الرَّحِيمُ ۝٦ الَّذِي
أَحْسَنَ كُلَّ شَيْءٍ خَلَقَهُ ۖ وَبَدَأَ خَلْقَ الْإِنسَانِ مِن
طِينٍ ۝٧ ثُمَّ جَعَلَ نَسْلَهُ مِن سُلَالَةٍ مِّن مَّاءٍ مَّهِينٍ ۝٨

તઆલાના આપવાથી મુઅજિઝા અને કરામત તરીકે હાંસલ થએલું હોય છે આ તે વિશેષતાની વિરૂધ્ધ નથી અને ઘણી બધી આયતો અને હદીષો એ પ્રત્યે નિર્દેશ કરે છે. વરસાદનો સમય અને હમલમાં શું છે અને કાલે શું કરશે તેમજ ક્યાં મૃત્યુ પામશે એ બાબતોની ખબર ઘણા બધા અમ્બિયા અવલિયાએ આપેલી છે અને કુરઆન હદીષથી સાબિત છે. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને ફરિશ્તાઓએ હઝરત ઇસ્હાક અલયહિસ્સલામના જન્મની અને હઝરત ઝકરિયા અલયહિસ્સલામને હઝરત યહયા અલયહિસ્સલામના જન્મની તેમજ હઝરત મરયમને હઝરત ઇસા અલયહિસ્સલામની પેદાઇશની ખબરો આપી તો તે ફરિશ્તાઓને પણ અગાઉથી જાણ હતી કે ગર્ભોમાં શું છે, અને જેમને ફરિશ્તાઓએ ખબર આપી હતી તેમને પણ એ વાતની જાણ હતી, અને એ બધાંનું અગાઉથી જાણવું કુરઆનથી સાબિત છે. તો ખાતરી પૂર્વક આ આયતનો અર્થ એ જ થયો કે અલ્લાહના કહ્યા વગર કોઇ જાણતું નથી. એનો એવો અર્થ કરવો કે અલ્લાહના કહેવાથી પણ કોઇ જાણતું નથી એ તદ્દન ખોટું અને કેટલીએ આયતો અને હદીષોની વિરૂધ છે. (ખાઝિન, બયઝાવી, રૂહુલ બયાન વિ.)

૨૫૪. સૂરએ સિજદહ મક્કીયહ છે ત્રણ આયતો સિવાય જે "ફમન કાન મુઅમિનન" થી શરૂ થાય છે. આ સૂરહમાં ૩૦ આયતો અને ૩૮૦ શબ્દો અને ૧૫૧૮ અક્ષરો છે.

૨૫૫. મુશરિકો કે આ પવિત્ર કિતાબ.

૨૫૬. એટલે કે સય્યિદે અમ્બિયા મોહંમદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની?

૨૫૭. એ લોકો એટલે કે રસૂલ નબી વગરના સમયવાળા લોકો જે હઝરત ઇસા અલયહિસ્સલામ

પછી તેને મુનાસિબ કર્યો અને તેમાં પોતાના તરફથી રૂહ ફૂંકી[૨૬૭] અને તમને કાન અને આંખો અને દિલ આપ્યાં[૨૬૮] (છતાં) કેટલો થોડો આભાર માનો છો (૯) અને બોલ્યા[૨૬૯]; 'શું જ્યારે અમે માટીમાં ભળી જઇશું[૨૭૦] તો શું પાછા નવસર્જિત થઇશું?' બલ્કે તેઓ પોતાના રબ સમક્ષ હાજર થવાનો ઇન્કાર કરનારાઓ છે[૨૭૧] (૧૦) તમે ફરમાવો; 'તમને મૃત્યુ આપે છે મોતનો ફરિશ્તો જે તમારા પર નિયુક્ત છે[૨૭૨] પછી પોતાના રબ તરફ પાછા જશો[૨૭૩] (૧૧) અને ક્યાંક તમે જુઓ જ્યારે મુજરિમો[૨૭૪] પોતાના રબ પાસે માથું નીચે નાખેલા હશે[૨૭૫]; 'અય અમારા રબ ! અમે જોયું[૨૭૬] અને સાંભળ્યું[૨૭૭] અમને પાછા મોકલ જેથી નેક કામો કરીએ (હવે) અમને ખાત્રી થઇ ગઇ[૨૭૮] (૧૨) અને જો અમે ઇચ્છત તો દરેક જીવ ને તેની હિદાયત આપત[૨૭૯] પણ મારી વાત નક્કી થઇ ચૂકી છે કે અવશ્ય જહન્નમને એ બધા જિન્નાત અને માનવીઓથી ભરી દઇશ[૨૮૦] (૧૩) હવે એનો બદલો ચાખો કે તમે તમારા આ દિવસની હાજરીને ભૂલી બેઠા

السجدة ٣٢ — اتل ما اوحي ٢١

ثُمَّ سَوّٰىهُ وَنَفَخَ فِيهِ مِنْ رُّوحِهِ وَجَعَلَ لَكُمُ السَّمْعَ
وَالْأَبْصَارَ وَالْأَفْئِدَةَ قَلِيلًا مَّا تَشْكُرُونَ ﴿٩﴾ وَقَالُوٓا
ءَإِذَا ضَلَلْنَا فِي الْأَرْضِ ءَإِنَّا لَفِي خَلْقٍ جَدِيدٍ
بَلْ هُمْ بِلِقَآءِ رَبِّهِمْ كٰفِرُونَ ﴿١٠﴾ قُلْ يَتَوَفّٰىكُمْ مَّلَكُ
الْمَوْتِ الَّذِي وُكِّلَ بِكُمْ ثُمَّ إِلٰى رَبِّكُمْ تُرْجَعُونَ ﴿١١﴾
وَلَوْ تَرٰى إِذِ الْمُجْرِمُونَ نَاكِسُوا رُءُوسِهِمْ عِنْدَ رَبِّهِمْ
رَبَّنَآ أَبْصَرْنَا وَسَمِعْنَا فَارْجِعْنَا نَعْمَلْ صٰلِحًا إِنَّا
مُوقِنُونَ ﴿١٢﴾ وَلَوْ شِئْنَا لَاٰتَيْنَا كُلَّ نَفْسٍ هُدٰىهَا
وَلٰكِنْ حَقَّ الْقَوْلُ مِنِّي لَأَمْلَأَنَّ جَهَنَّمَ مِنَ الْجِنَّةِ
وَالنَّاسِ أَجْمَعِينَ ﴿١٣﴾ فَذُوقُوا بِمَا نَسِيتُمْ لِقَآءَ
يَوْمِكُمْ هٰذَا إِنَّا نَسِينٰكُمْ وَذُوقُوا عَذَابَ الْخُلْدِ

પછીથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમના એલાને નબુવ્વત સુધીનો હતો, એ સમય દરમ્યાન અલ્લાહ તઆલા તરફથી કોઇ નબી આવ્યો નથી.

૨૫૮. જેવો ઇસ્તેવા તેની શાનને લાયક છે.

૨૫૯. અર્થાત અય કાફિરો ! જ્યારે તમે અલ્લાહની રઝામંદી હાંસલ કરો નહિ અને ઇમાન ન સ્વીકારો તો તમને કોઇ સહાયક મળી નહિ શકે જે તમારી મદદ કરે અને ન તો કોઇ ભલામણ કરનાર મળે જે તમારી શફાઅત કરે.

૨૬૦. અર્થાત કયામત સુધીનાં દુનિયાનાં કામોની વ્યવસ્થા કરે છે પોતાના હુકમ આદેશ અને પોતાના જ્ઞાન અને મરજી મુજબ.

૨૬૧. કામ અને તદબીર દુનિયાના નાશ પછી (એટલે કે કયામત પછી પણ વ્યવસ્થા અને સત્તા તેની જ હશે).

૨૬૨. અર્થાત દુનિયાના દિવસોના હિસાબે અને તે દિવસ કયામતનો દિવસ છે. કયામતના દિવસની લંબાઇ અમુક કાફિરો માટે હજાર વરસ જેટલી હશે અને અમુક માટે પચાસ હજાર વરસ જેટલી જેવું કે સૂરએ મઆરિજમાં ફરમાવાયું છે કે તઅરિજુલ મલાઇકતુ.....

અને મુઅમિન માટે તે દિવસ એક ફર્ઝ નમાઝ કરતાં પણ વધારે હળવો હશે જે તે દુનિયામાં પઢતો હતો જેવું કે હદીષ શરીફમાં ફરમાવાયું છે.

૨૬૩. સર્જનહાર વ્યવસ્થા કરનાર.

હતા[૨૮૧], અમે તમને ત્યજી દીધા,[૨૮૨] હવે હમેશાંનો અઝાબ ચાખો પોતાના કરતૂતોનો બદલો (૧૪) અમારી આયતો પર તેઓ જ ઇમાન લાવે છે કે જ્યારે તે એમને યાદ અપાવવામાં આવે છે ત્યારે તેઓ સિજદામાં પડી જાય છે[૨૮૩] અને પોતાના રબના વખાણ કરતાં કરતાં તેની પવિત્રતા વર્ણવે છે અને ઘમંડ કરતા નથી (૧૫) તેમનાં પડખાંઓ શયનખંડથી અળગાં રહે છે[૨૮૪] અને બ્હીતાં બ્હીતાં તેમજ આશા બાંધતાં પોતાના રબને પોકારે છે[૨૮૫] અને અમારાં આપેલામાંથી ખૈરાત કરે છે (૧૬) તો કોઇ જીવને (તેની) ખબર નથી જે આંખોની ઠંડક તેમના માટે સંતાડી રાખી છે[૨૮૬], તેમના કામોનું વળતર[૨૮૭] (૧૭) તો શું જે ઇમાનવાળો છે તે તેની જેવો થઇ જશે જે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર છે?[૨૮૮] એ (બન્ને) સમકક્ષ નથી (૧૮) જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં તેમનાં માટે તેમનાં કામોના બદલામાં મહેમાનદારી રૂપે રહેવાના બગીચાઓ છે[૨૮૯] (૧૯) રહ્યા તેઓ જે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર છે[૨૯૦] (તો) તેમનું ઠેકાણુ આગ છે. જ્યારે કદી તેમાંથી નીકળવા ઇચ્છા કરશે ત્યારે પાછા તેમાં જ ફરી નાખવામાં આવશે અને તેમને કહેવામાં આવશે; 'આ આગનો અઝાબ ચાખો જેને તમે જૂઠાડતા હતા (૨૦)

اتل ما اوحی ۲۱ — السجدة ۳۲

بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿١٤﴾ إِنَّمَا يُؤْمِنُ بِآيَاتِنَا الَّذِينَ إِذَا
ذُكِّرُوا بِهَا خَرُّوا سُجَّدًا وَسَبَّحُوا بِحَمْدِ رَبِّهِمْ وَهُمْ
لَا يَسْتَكْبِرُونَ ﴿١٥﴾ تَتَجَافَىٰ جُنُوبُهُمْ عَنِ الْمَضَاجِعِ
يَدْعُونَ رَبَّهُمْ خَوْفًا وَطَمَعًا وَمِمَّا رَزَقْنَاهُمْ يُنْفِقُونَ ﴿١٦﴾
فَلَا تَعْلَمُ نَفْسٌ مَا أُخْفِيَ لَهُمْ مِنْ قُرَّةِ أَعْيُنٍ جَزَاءً
بِمَا كَانُوا يَعْمَلُونَ ﴿١٧﴾ أَفَمَنْ كَانَ مُؤْمِنًا كَمَنْ كَانَ
فَاسِقًا لَا يَسْتَوُونَ ﴿١٨﴾ أَمَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا
الصَّالِحَاتِ فَلَهُمْ جَنَّاتُ الْمَأْوَىٰ نُزُلًا بِمَا كَانُوا
يَعْمَلُونَ ﴿١٩﴾ وَأَمَّا الَّذِينَ فَسَقُوا فَمَأْوَاهُمُ النَّارُ كُلَّمَا
أَرَادُوا أَنْ يَخْرُجُوا مِنْهَا أُعِيدُوا فِيهَا وَقِيلَ لَهُمْ
ذُوقُوا عَذَابَ النَّارِ الَّذِي كُنْتُمْ بِهِ تُكَذِّبُونَ ﴿٢٠﴾

૨૬૪. બુધ્ધિના તકાદા અનુસાર બનાવી દરેક જાનદારને એવી આકૃતિ આપી જે તેને યોગ્ય હોય અને તેને એવા અવયવો આપ્યાં જે તેના માટે રોજી ઢુંઢવામાં સહાયક બને.

૨૬૫. હઝરત આદમ અલયહિસ્સલામને તેમાંથી બનાવીને.

૨૬૬. અર્થાત વિર્યબુંદથી.

૨૬૭. અને તેને જડ અને નિર્જીવ હોવા પછી ચેતવંત અને સજીવ કર્યો.

૨૬૮. જેથી સાંભળો જુઓ અને સમજો.

૨૬૯. કયામતમાં ઉઠવાનો ઇન્કાર કરનારાઓ.

૨૭૦. અને માટી બની જઇશું અને આપણા કણો માટીમાંથી નોખા નહિ રહે.

૨૭૧. અર્થાત મૃત્યુ પછી ઉઠવાનો અને જીવતા થવાનો ઇન્કાર કરીને તેઓ એટલી હદે પહોંચી ગયા છે કે આખેરતની બધી જ બાબતોનો ઇન્કાર કરવા માંડયા છે એટલે સુધી કે અલ્લાહ સમક્ષ હાજર થવાનો પણ.

૨૭૨. ને ફરિશ્તાનું નામ ઇઝરાઇલ છે (અલયહિસ્સલામ), તેઓ અલ્લાહ તઆલા તરફથી જીવ કાઢવા માટે નિયુક્ત થએલા છે પોતાના કામમાં લાપરવાઇ કરતા નથી, જેનો સમય આવી લાધે છે તેનો જીવ બેધડક કાઢી લે છે. બયાન કરવામાં આવ્યું છે કે મોતના ફરિશ્તા માટે આખું જગત હાથની હથેળી જેવડુ કરી આપવામાં આવ્યું છે તો તેઓ પૂર્વ પશ્ચિમના લોકોના જીવ વગર તકલીફે ઉપાડી લે છે અને રહમત તેમજ અઝાબના બીજા ઘણા ફરિશ્તાઓ તેમના હાથ નીચે કામ કરતા હોય છે.

૨૭૩. અને હિસાબ તેમજ બદલા માટે જીવતા કરી ઉઠાવવામાં આવશો.

૨૭૪. અર્થાત કાફિરો અને મુશરિકો.

૨૭૫. પોતાનાં કર્મો અને કર્તવ્યો પર શરમિંદા થઇને અને કહેતા હશે.

૨૭૬. મૃત્યુ પછી ઉઠવાને તારા વાયદા વઇદની સત્યતાને જેનો દુનિયામાં અમે ઇન્કાર કરતા હતા.

૨૭૭. તારી પાસેથી તારા રસૂલોની સત્યતા બાબત તો હવે દુનિયામાં.

૨૭૮. અને હવે અમે ઇમાન લઇ આવ્યા. પરંતુ તે સમયે ઇમાન લાવવાથી તેમને કશો લાભ નહિ થાય.

૨૭૯. અને તેના પર એવી મહેરબાની કરત કે જો તે એને ધારણ કરતે તો માર્ગ મેળવી લેત, પરંતુ અમે એવું કર્યું નહિ કારણ કે કાફિરો વિશે અમે જાણતા હતા કે તેઓ કુફ્ર જ અખત્યાર કરશે.

૨૮૦. જેમણે કુફ્ર અખત્યાર કર્યું અને જ્યારે તેઓ જહન્નમમાં પ્રવેશશે ત્યારે જહન્નમના ફરિશ્તાઓ તેમને કહેશે.

૨૮૧. અને દુનિયામાં ઇમાન લાવ્યા ન હતા.

૨૮૨. અઝાબમાં ધકેલી દીધા હવે તમારી તરફ ધ્યાન આપવામાં નહિ આવે.

૨૮૩. આજેજી અને નરમાશથી અને ઇસ્લામ જેવી નેઅમત બદલ શુકર કરવા.

૨૮૪. અર્થાત આરામની ઊંઘ આપનારી પથારીઓમાંથી ઉભા થઇ જાય છે અને પોતાના આરામ રાહતને તિલાંજલી આપે છે.

૨૮૫. અર્થાત તેના અઝાબથી ડરે છે અને તેની રહમતની આશા ધરાવે છે. આ બયાન તહજ્જુદ પઢનારાઓની હાલતનું છે.

**શાને નુઝૂલ** :- હઝરત અનસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું છે કે; આ આયત અન્સારીઓ વિષે ઉતરી કે અમે મગરિબની નમાઝ પઢીને પોતાના ઘરોમાં પાછા આવતા ન હતા જ્યાં સુધી કે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે ઇશાની નમાઝ પઢી ન લઇએ.

૨૮૬. જેનાથી તેઓ રાહત પામશે અને તેમની આંખો ઠંડી થશે.

૨૮૭. અર્થાત જે આજ્ઞા પાલન તેઓ દુનિયામાં કરતા હતા તેનું.

૨૮૮. એટલે કે કાફિર છે.

**શાને નુઝૂલ** :- હઝરત અલી મુર્તઝા રદીયલ્લાહુ અન્હૂ સાથે વલીદ બિન અકબા બિન અબી મુઈત કોઇ બાબતમાં ઝઘડી રહ્યો હતો, વાતચીત દરમ્યાન તે બોલ્યો; 'ચૂપ થઇ જાઓ ! તમે છોકરવાદ છો અને હું વૃધ્ધ છું, હું ઘણો ઝબાનદરાઝ છું મારી ભાલાની અણી તમારા કરતાં વધારે ધારદાર છે અને હું તમારાથી વધારે બહાદૂર છું તેમજ હું મહામાનવબળનો ધણી છું' હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું; 'ચૂપ થઇ જા ! તુ ફાસિક છે' આપનો હેતુ એ હતો કે જે બાબતો પર તુ નાઝ કરે છે મનુષ્ય માટે તેમાંની એક પણ વખાણના કારણરૂપ બનવા લાયક નથી, માનવીની ઇજ્જત અને શ્રેષ્ઠતા તેનું ઇમાન અને પરહેઝગારી છે જેની પાસે એ દોલત નથી આખરકાર તે ઇજ્જતહિન છે, કાફિર, મોઅમિન જેવો હોઇ શકે નહિ. અલ્લાહ તઆલાએ હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂના ટેકામાં આ આયત ઉતારી.

૨૮૯. અર્થાત સાલેહીન મોઅમિન લોકોની જન્નતુલ મઅવામાં ઇજ્જત અને સન્માન સાથે મહેમાનદારી કરવામાં આવશે.

وَلَنُذِيقَنَّهُمْ مِّنَ الْعَذَابِ الْأَدْنَىٰ دُونَ الْعَذَابِ
الْأَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُونَ ﴿٢١﴾ وَمَنْ أَظْلَمُ مِمَّن ذُكِّرَ
بِآيَاتِ رَبِّهِ ثُمَّ أَعْرَضَ عَنْهَا ۚ إِنَّا مِنَ الْمُجْرِمِينَ
مُنتَقِمُونَ ﴿٢٢﴾ وَلَقَدْ آتَيْنَا مُوسَى الْكِتَابَ فَلَا
تَكُن فِي مِرْيَةٍ مِّن لِّقَائِهِ ۖ وَجَعَلْنَاهُ هُدًى
لِّبَنِي إِسْرَائِيلَ ﴿٢٣﴾ وَجَعَلْنَا مِنْهُمْ أَئِمَّةً يَهْدُونَ
بِأَمْرِنَا لَمَّا صَبَرُوا ۖ وَكَانُوا بِآيَاتِنَا يُوقِنُونَ ﴿٢٤﴾
إِنَّ رَبَّكَ هُوَ يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ الْقِيَامَةِ فِيمَا
كَانُوا فِيهِ يَخْتَلِفُونَ ﴿٢٥﴾ أَوَلَمْ يَهْدِ لَهُمْ كَمْ
أَهْلَكْنَا مِن قَبْلِهِم مِّنَ الْقُرُونِ يَمْشُونَ فِي
مَسَاكِنِهِمْ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ ۖ أَفَلَا يَسْمَعُونَ ﴿٢٦﴾

અને અવશ્ય અમે તેમને કંઇક નજીકનો અઝાબ ચખાડીશું[૨૯૧] પેલા મહા અઝાબ પહેલાં[૨૯૨] જેને જોનાર એવી આશા ધરાવે કે તેઓ હમણાં જ (કુફ્રમાંથી) પાછા ફરશે (૨૧) અને તેનાથી વધીને જાલિમ કોણ જેને તેના રબની આયતો દ્વારા નસીહત કરવામાં આવી, પછી તેણે એનાથી મોઢું ફેરવી લીધું[૨૯૩]? બેશક ! અમે મુજરિમો પાસેથી બદલો લેનાર છીએ (૨૨) અને બેશક ! અમે મૂસાને કિતાબ[૨૯૪] આપી તો તમે તે મળવા બાબત શંકા કરો નહિ[૨૯૫] અને અમે તેને[૨૯૬] બની ઇસરાઇલ માટે હિદાયત કરી (૨૩) અને અમે તેમનામાંથી[૨૯૭] અમુક ઇમામ બનાવ્યા કે (તેઓ) અમારા હુકમથી (સાચો માર્ગ) દેખાડતા[૨૯૮] (હતા) જ્યારે તેમણે સબર કરી[૨૯૯], અને તેઓ અમારી આયતો પર શ્રદ્ધા ધરાવતા હતા (૨૪) બેશક ! તમારો રબ કયામતના દિવસે તેમની વચ્ચે ફેંસલો કરી આપશે[૩૦૦] જે વાતમાં તેઓ મતભેદ ધરાવતા હતા[૩૦૧] (૨૫) અને શું તેમને[૩૦૨] એનાથી બોધ ગ્રહણ ન થયો કે અમે તેમનાથી પહેલાં કેટલાંએ જુથો[૩૦૩] નો નાશ કર્યો કે આજે તેઓ તેમનાં ઘરોમાં હરીફરી રહ્યા છે[૩૦૪], બેશક ! એમાં અવશ્ય નિશાનીઓ છે તો શું સાંભળતા નથી[૩૦૫]? (૨૬)

૨૯૦. નાફરમાન કાફિર છે.

૨૯૧. દુનિયામાં જ કતલ, ઘરપકડ, દુકાળ અને બીમારીઓ વિગેરેમાં સપડાવીને. જેમ કે એવું જ બન્યું, હુઝૂરની હિજરત પહેલાં કુરેશીઓ બીમારીઓ અને મુસીબતોમાં પકડાયા અને હિજરત પછી બદ્રમાં કતલ થયા, કેદ પકડાયા અને સાત વરસ સુધી દુકાળની એટલી ભારે મુસીબતમાં પકડાયા કે હાડકાંઓ અને મરેલાં કૂતરાંઓ સુધ્ધાં ખાઇ ગયા.

૨૯૨. અર્થાત આખેરતના અઝાબ પહેલાં.

૨૯૩. અને આયતોમાં વિચાર કર્યો નહિ અને તેના ખુલાસાઓ તેમજ હિદાયતોથી લાભ ઉઠાવ્યો નહિ અને ઇમાનનો ફાયદો મેળવ્યો નહિ.

૨૯૪. અર્થાત તવરાત.

૨૯૫. અર્થાત મૂસા અલયહિસ્સલામને કિતાબ મળવા બાબત. અથવા એ અર્થ છે કે મૂસા અલયહિસ્સલામ સાથે મુલાકાત થવા અને તેમને મળવા બાબત શંકા કરો નહિ, જેમકે મેઅરાજની રાતે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મુલાકાત હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે થઇ જેવું કે હદીસોમાં વર્ણવાયું છે.

૨૯૬. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામને અથવા તવરાતને.

૨૯૭. અર્થાત બની ઇસરાઇલમાંથી.

૨૯૮. લોકોને અલ્લાહના હુકમનું પાલન કરવાનું અને અલ્લાહના દીન અને શરીઅત મુજબ

اتل ما اوحي ٢١ — الاحزاب ٣٣

أَوَلَمْ يَرَوْا أَنَّا نَسُوقُ الْمَاءَ إِلَى الْأَرْضِ الْجُرُزِ فَنُخْرِجُ
بِهِ زَرْعًا تَأْكُلُ مِنْهُ أَنْعَامُهُمْ وَأَنفُسُهُمْ أَفَلَا
يُبْصِرُونَ ﴿٢٧﴾ وَيَقُولُونَ مَتَىٰ هَٰذَا الْفَتْحُ إِن كُنتُمْ
صَادِقِينَ ﴿٢٨﴾ قُلْ يَوْمَ الْفَتْحِ لَا يَنفَعُ الَّذِينَ
كَفَرُوا إِيمَانُهُمْ وَلَا هُمْ يُنظَرُونَ ﴿٢٩﴾ فَأَعْرِضْ
عَنْهُمْ وَانتَظِرْ إِنَّهُم مُّنتَظِرُونَ ﴿٣٠﴾

سُورَةُ الْأَحْزَابِ

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

يَا أَيُّهَا النَّبِيُّ اتَّقِ اللَّهَ وَلَا تُطِعِ الْكَافِرِينَ وَالْمُنَافِقِينَ
إِنَّ اللَّهَ كَانَ عَلِيمًا حَكِيمًا ﴿١﴾ وَاتَّبِعْ مَا يُوحَىٰ إِلَيْكَ
مِن رَّبِّكَ إِنَّ اللَّهَ كَانَ بِمَا تَعْمَلُونَ خَبِيرًا ﴿٢﴾

અને શું જોતા નથી કે અમે સુકી ધરતી તરફ[૩૦૬] પાણી મોકલીએ છીએ પછી તેનાથી ખેતી કાઢીએ છીએ કે તેમાંથી તેમનાં જાનવરો અને તેઓ પોતે ખાય છે[૩૦૭] તો શું તેમને સુઝતું નથી?[૩૦૮] (૨૭) અને કહે છે કે; 'જો તમે સાચા હોઉ તો એ ફેંસલો ક્યારે થશે?[૩૦૯]' (૨૮) તમે કહી દો; 'ફેંસલાના દિવસે[૩૧૦] કાફિરોને તેમનું ઇમાન લાવવું ફાયદો નહિ આપે અને ન તેમને મહેતલ મળે[૩૧૧] (૨૯) તો એમના તરફથી મોઢું ફેરવી લો અને રાહ જુઓ[૩૧૨] બેશક ! એમને પણ રાહ જોવાની છે[૩૧૩] (૩૦)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેવાળો (છે)[૩૧૪]**

અય ગૈબની ખબરો આપનાર (નબી)[૩૧૫] આવી રીતે જ અલ્લાહનો ડર રાખતા રહેજો અને કાફિરો તેમજ મુનાફિકોનું સાંભળશો નહિ[૩૧૬]. બેશક ! અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો (છે) (૧) અને તમારાં રબ તરફથી તમને જે વહી થાય છે તેને અનુસરો, અય લોકો ! અલ્લાહ તમારાં કામો દેખી રહ્યો છે (૨)

ચાલવાનુ તવરાતના હુકમ માનવાનું સમજાવતા હતા અને એ બધા બની ઇસરાઇલના નબીઓ હતા અથવા નબીઓના તાબેદારો હતા.

૨૯૯. પોતાના દીન પર અને દુશ્મનો તરફથી આવતી મુસીબતો પર.

ફાયદો :- આથી જણાયું કે સબરનું ફળ ઇમામત અને આગેવાની છે.

૩૦૦. અર્થાત નબીઓ અને તેમની ઉમ્મતો વચ્ચે અથવા મોઅમિનો અને મુશરિકો વચ્ચે.

૩૦૧. દીનની વાતોમાં અને હક્ક તેમજ બાતિલવાળાઓને જુદા પાડી દેશે.

૩૦૨. અર્થાત મક્કાવાસીઓને.

૩૦૩. કેટલીએ ઉમ્મતો જેમ કે આદ, ષમૂદ અને કોમે લૂત વિગેરે.

૩૦૪. અર્થાત મક્કાવાસીઓ જ્યારે વેપાર ધંધા અર્થે સિરીયાનો પ્રવાસ કરે છે ત્યારે તેમનાં (વેરાન) મકાનો અને ગામોમાંથી પસાર થાય છે અને તેમની બરબાદીની નિશાનીઓ જુએ છે.

૩૦૫. જેથી બોધ ગ્રહણ કરે અને શિખામણ મળવે.

૩૦૬. જેમાં ઘાસચારાનું નામનિશાન નથી.

૩૦૭. જાનવરો ઘાસચારો અને તેઓ પોતે ખોરાક.

૩૦૮. કે તેઓ આ બધું જોઇને અલ્લાહ તઆલાની કમાલ કુદરત પર દલીલ કરે અને સમજે કે જે મહાશક્તિશાળી સુકી જમીનમાંથી ખેતી કાઢવા શક્તિમાન છે તેના માટે મુર્દાઓને સજીવ કરવાં શું અઘરૂં છે?

૩૦૯. મુસલમાન કહેતા હતા કે; અલ્લાહ મુસલમાનો અને મુશરિકો વચ્ચે ફેંસલો કરશે અને ફરમાંબરદાર તેમજ નાફરમાનને તેમના આમાલ અનુસાર બદલો આપશે, આવું કહેવા પાછળ તેમનો આશય એ હતો કે અમારા પર રહેમ અને મહેરબાની થશે અને કાફિરો મુશરિકોને અઝાબમાં સપડાવવામાં આવશે. ત્યારે કાફિરો હાંસી ઉડાવવા ખાતર કહેતા હતા કે; એ ફેંસલો ક્યારે થશે અને એનો સમય ક્યારે આવશે? તે બાબત અલ્લાહ પોતાના હબીબને કહે છે.....

૩૧૦. જ્યારે અલ્લાહનો કેર ઉતરશે.

૩૧૧. તવબહ અને બહાના કાઢવાની. આ ફેંસલાના દિવસનો નિર્દેશ યા તો કયામતના દિવસ પ્રત્યે છે યા મક્કાના વિજયના દિવસ પ્રતિ અથવા બદ્રના દિવસ તરફ. જો કયામતનો દિવસ માનવામાં આવે તો ઇમાનનું ફાયદો ન આપવું જાહેર છે, કારણ કે ઇમાન તે જ સ્વીકારાય છે જે દુનિયામાં લવાયું હોય અને દુનિયામાંથી ગુજરી ગયા પછી ન તો ઇમાન લાવે તે સ્વીકારાઇ ન તો ઇમાન લાવવા માટે પાછું દુનિયામાં આવી શકાય. અને જો ફેંસલાનો દિવસ એટલે બદ્રનો દિવસ અથવા મક્કાના વિજયનો દિવસ માનવામાં આવે તો અર્થ એ થશે કે જ્યારે અઝાબ આવી લાગે અને તેઓ કતલ થવા માંડે ત્યારે કતલ થવાની પરિસ્થિતિમાં તેમનું ઇમાન લાવવું સ્વીકારાશે નહિ અને ન તો અઝાબની મુદ્દત લંબાવીને તેમને મહેતલ આપવામાં આવે. જેમ કે જ્યારે મક્કા મુકર્રમા જીતાયું ત્યારે બની કનાનાની કોમ નાસી છુટી, હઝરત ખાલિદ બિન વલીદે જ્યારે તેમને ઘેરી લીધા અને તેમણે જોયું કે હવે તો કલત માથા પર આવી પડયું; જીવવાની કોઇ આશા નથી, ત્યારે તેમણે ઇસ્લામ સ્વીકારવાની જાહેરાત કરી હઝરત ખાલિદે માન્યું નહિ અને તેમને કતલ કરી દીધા. (જુમલ)

૩૧૨. તેમના પર અઝાબ ઉતરવાની.

૩૧૩. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જુમ્માના દિવસે ફજરની નમાઝમાં આ સૂરહ સૂરએ સિજદહ અને સૂરએ દહર પઢતા હતા. તિરમિઝીની હદીષમાં છે કે જ્યાં સુધી હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ આ સૂરહ અને સૂરએ તબારકલ્લઝી બેયદિહિલ મુલ્ક પઢી ન લેતા ત્યાં સુધી સૂઇ જતા ન હતા. હઝરત ઇબ્ને મસઉદ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું કે; સૂરએ સિજદહ કબરના અઝાબથી બચાવે છે. (ખાઝિન, મદારિક).

૩૧૪. સૂરએ અહઝાબ મદનીય્યહ છે. એમાં ૯ રૂકૂઅ ૭૨ આયતો ૧૨૮૦ શબ્દો અને ૫૭૯૦ અક્ષરો છે.

૩૧૫. અર્થાત અમારી તરફથી ખબરો આપનાર અમારા ભેદોના અમાનતદાર અમારૂં સંબોધન અમારા વ્હાલા બન્દાઓને પહોંચાડનાર. અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લ-મને "યાઅય્યુહન્નબી" કહીને સંબોધન કર્યું જેનો અર્થ તે છે જે ઉપર (તર્જુમામાં) કરવામાં આવ્યો. આપનું નામ મુબારક "યા મોહંમદ" કહીને સંબોધન કર્યું નહિ જ્યારે કે બીજા નબીઓને તેમના નામો લઇને સંબોધન કરાયું છે, એનો હેતુ આપની ઇજ્જત સન્માન અને આપની શ્રેષ્ઠતા જાહેર કરવાનો છે. (મદારિક)

૩૧૬. **શાને નુઝૂલ** : અબૂ સુફયાન બિન હર્બ અને અકરમા બિન અબૂજહલ અને અબુલ અઅવર સલ્મી ઉહદની લડાઇ પછી મદીના મુનવ્વરા આવ્યા અને મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલના ઘેર ઉતર્યા, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે વાતચીત કરવા માટે અમાન મેળવી તેમણે કહ્યું; તમે લાત મનાત ઉઝ્ઝા વિગેરે મૂર્તિઓને જેમને મુશરિકો પૂજે છે તેમને કશું કહો નહિ અને

وَتَوَكَّلْ عَلَى اللّٰهِ وَكَفٰى بِاللّٰهِ وَكِيلًا ﴿٣﴾ مَا جَعَلَ اللّٰهُ
لِرَجُلٍ مِّنْ قَلْبَيْنِ فِي جَوْفِهٖ وَمَا جَعَلَ أَزْوَاجَكُمُ
الّٰئِي تُظٰهِرُوْنَ مِنْهُنَّ أُمَّهٰتِكُمْ وَمَا جَعَلَ أَدْعِيَآءَكُمْ
أَبْنَآءَكُمْ ذٰلِكُمْ قَوْلُكُمْ بِأَفْوَاهِكُمْ وَاللّٰهُ يَقُوْلُ الْحَقَّ
وَهُوَ يَهْدِي السَّبِيْلَ ﴿٤﴾ اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ هُوَ
أَقْسَطُ عِنْدَ اللّٰهِ فَإِنْ لَّمْ تَعْلَمُوْٓا اٰبَآءَهُمْ فَإِخْوَانُكُمْ
فِي الدِّيْنِ وَمَوَالِيْكُمْ وَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ فِيْمَآ
أَخْطَأْتُمْ بِهٖ وَلٰكِنْ مَّا تَعَمَّدَتْ قُلُوْبُكُمْ وَكَانَ
اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٥﴾ اَلنَّبِيُّ أَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ
أَنْفُسِهِمْ وَأَزْوَاجُهٗٓ أُمَّهٰتُهُمْ وَأُولُوا الْأَرْحَامِ بَعْضُهُمْ
أَوْلٰى بِبَعْضٍ فِيْ كِتٰبِ اللّٰهِ مِنَ الْمُؤْمِنِيْنَ

અને અય મહબૂબ ! તમે અલ્લાહ પર ભરોસો રાખો અને અલ્લાહ કામ બનાવનાર પૂરતો છે (૩) અલ્લાહે કોઇ માણસમાં બે દિલ મૂક્યાં નથી[૩૧૭], અને નથી બનાવી તમારી તે પત્નીઓને તમારી માં જેમને તમે 'માં બરાબર' કહી આપો[૩૧૮] અને ન તો તમારા દત્તક (પુત્રો)ને તમારાં (સગા) પુત્રો બનાવ્યા[૩૧૯] એ તો તમારા પોતાના મોઢાની વાત છે,[૩૨૦] અને અલ્લાહ સાચું કહે છે અને તે જ માર્ગ દેખાડે છે[૩૨૧] (૪) તેમને તેમના બાપના કહીને જ બોલાવો[૩૨૨] એ અલ્લાહ પાસે વધુ ઉત્તમ છે, પછી જો તમને તેમના બાપોની ખબર ન હોય[૩૨૩] તો તેઓ દીનમાં તમારા ભાઇઓ છે અને માનવતામાં તમારા પિત્રાઇઓ[૩૨૪]. અને અજાણતામાં તમારાથી જે કંઇ થઇ ગયું તે બદલ તમારા પર કશો ગુન્હો નથી[૩૨૫], હા ! દિલથી ઇરાદા પૂર્વક જે કરો તેમાં ગુન્હો છે[૩૨૬], અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૫) આ નબી મુસલમાનોના એમના પ્રાણો કરતાં (પણ) વધારે માલિક છે[૩૨૭] અને આપની પત્નીઓ એમની માંઓ છે.[૩૨૮] અને સગાઇ સંબંધવાળાઓ અલ્લાહની કિતાબમાં એક બીજાથી વધુ

એટલું કહીઆપો કે તેમની શફાઅત તેમને પૂજનારાઓ માટે છે અને (જવાબમાં) અમે તમને અને તમારા અલ્લાહને કશું કહીશું નહિં, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને એ વાત ઘણી અસહય લાગી અને મુસલમાનોએ તેમને કતલ કરી નાખવાનો ઇરાદો કર્યો પણ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કતલ કરવાની રજા આપી નહિ અને ફરમાવ્યું કે; 'હું એમને અમાન આપી ચૂક્યો છું તેથી કતલ કરો નહિ પણ મદીના શરીફમાંથી કાઢી મૂકો', પછી તેમને હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હૂએ હાંકી કાઢયા. તે બાબત આ આયત કરીમા ઉતરી એમાં સંબોધન તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ને કરવામાં આવ્યું છે પણ સંભળાવવામાં આવ્યું છે આપની ઉમ્મતને કે જ્યારે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અમાન આપી ચૂકયા છે તો તમે પણ તેના પાબંદ રહો અને વચનભંગનો ઇરાદો કરો નહિ અને કાફિરો મુશરિકોની શરીઅત વિરૂદ્ધની વાત માનો નહિ.

૩૧૭. કે એકમાં તો અલ્લાહનો ખોફ હોય અને બીજામાં કોઇ બીજાનો જ્યારે દિલ એક જ છે તો જોઇએ કે માત્ર અલ્લાહથી જ ડરે.

**શાને નુઝૂલ** :- અબૂ મુઅમ્મર હમીદ નહરીની સ્મરણ શક્તિ ઘણી સારી હતી, જે સાંભળતો તેને યાદ કરી લેતો હતો. કુરશીઓએ કહ્યું કે; એનાં બે દિલો છે અને દરેકમાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી વધારે બુધ્ધિ છે. જ્યારે બદ્રની લડાઇમાંથી મુશરિકો ભાગ્યા ત્યારે અબૂ મુઅમ્મર એવી રીતે ભાગ્યો કે તેનું એક પગરખું હાથમાં અને એક પગમાં હતું, અબૂ સુફયાન સાથે મુલાકાત થઇ ત્યારે અબૂ સુફયાનને પૂછયું કે; શું ખબર છે? તેણે કહ્યું કે; લોકો નાસી છુટયા. અબૂ સુફયાને પૂછયું કે; એક પગરખું

હાથમાં અને એક પગમાં કેમ છે? કહ્યું; એની તો મને ખબર જ નથી હું એમ જ સમજી રહ્યો છું કે બન્ને પગરખાંઓ પગમાં જ છે. ત્યારે કુરેશીઓને ખબર પડી કે જો બે દિલો હોત તો એક પગરખું જે હાથમાં હતું તે ભૂલી જાત નહિ.

અને એક કથન એવું છે કે મુનાફિકો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે કહેતા હતા કે; આપની અંદર બે દિલો છે અને કહેતા હતા કે એમનું એક દિલ તો અમારી સાથે છે અને એક પોતાના સહાબા સાથે.

અને અજ્ઞાન યુગમાં જ્યારે કોઇ પોતાની પત્નીને ઝેહાર કરતો ત્યારે તે લોકો એ ઝેહારને તલાક ગણતા અને પેલી સ્ત્રીને તેની માં જેવી ગણતા હતા. અને જ્યારે કોઇ માણસ કોઇને બેટા કહી દે તો ત્યારે તેને સગો પુત્ર ગણી લઇને વારસમાં તેને ભાગીદાર બનાવી દેતા હતા અને તેની પત્નીને પોતાના સગા દીકરાની પત્ની જેવી હરામ (તેણીના પતિના મરણ અથવા તલાક પછી પણ) ગણતા હતા. એ બધી વાતોના રદિયામાં આ આયત ઉતરી.

૩૧૮. અર્થાત 'માં જેવી' (અથવા 'માં બરાબર' અથવા માં સરખી અથવા માં) કહી દેવાથી પોતાની પત્ની માં જેવી હરામ થઇ જતી નથી. પોતાની પત્નીને કોઇ એવી સ્ત્રી સાથે સરખાવવી જે હમેશાં માટે હરામ હોય તેને 'ઝેહાર' કહે છે અને એ સરખામણી શરીરના એવા ભાગમાં હોવી જોઇએ જેનું દેખવું કે પકડવું જાઇઝ નથી. દા.ત. પોતાની પત્નીને એવું કહ્યું કે; તુ મારા માટે મારી માંની પીઠ અથવા પેટ બરાબર છે તો એવું કહેનાર મુઝાહિર (ઝેહાર કરનાર) થઇ ગયો.

**મસઅલો** :- ઝેહારના કારણે નિકાહ તૂટી જતો નથી, પણ કફ્ફારો આપવો જરૂરી બને છે અને કફ્ફારો આપતાં પહેલાં સ્ત્રીથી અલગ રહેવું અને તેણી સાથે સમાગમ ત્યજવો જરૂરી છે.

**મસઅલો** :- ઝેહારનો કફ્ફારો એ છે કે એક ગુલામ આઝાદ કરે અને એ ન કરી શકે તો લગાતાર બે મહીનાના રોઝા રાખે અને એ પણ ન કરી શકે તો ૬૦ ગરીબોને ખાવાનું ખવડાવે.

**મસઅલો** :- કફ્ફારો આપ્યા પછી સ્ત્રી સાથે સમાગમ હલાલ થઇ જાય છે. (હિદાયહ).

૩૧૯. ભલે લોકો તેમને તમારા પુત્રો કહેતા હોય.

૩૨૦. અર્થાત પત્નીને માં સમાન કહેવું અને પાલક પુત્રને પુત્ર કહેવું વાસ્તવિક્તા વિહોણું છે, ન તો પત્ની માં બની શકે છે ન બીજાનો દીકરો પોતાનો ફરઝંદ બની શકે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ જ્યારે ઝેનબ બિન્તે જહશ સાથે નિકાહ કર્યા ત્યારે યહૂદીઓ અને મુનાફિકોએ ઝબાન દરાઝી શરૂ કરી અને કહ્યું; મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે) પોતના પુત્ર ઝેદની પત્ની સાથે નિકાહ કરી લીધા. કારણ કે પહેલાં હઝરત ઝેનબ હઝરત ઝેદના નિકાહમાં હતાં. અને હઝરત ઝેદ હઝરત ઉમ્મુલ મુઅમેનીન ખદીજા સલ્લલ્લાહુ અન્હાના ખરીદેલા ગુલામ હતા, આપે હુઝૂરની ખિદમતમાં તેમને હદિયા રૂપે આપી દીધેલા હતા, હુઝૂરે તેમને આઝાદ કરી આપ્યા, છતાં તેઓ પોતાના બાપ પાસે ગયા નહિ હુઝૂરની સેવામાં જ રહ્યા. હુઝૂર તેમની ઉપર ખાસ મહેરબાની રાખતા હતા તેથી લોકો તેમનં હુઝૂરના દીકરા કહેવા માંડ્યા પણ એના કારણે તેઓ હકીકતમાં હુઝૂરના પુત્ર બની ગયા નહિ, તેથી યહૂદીઓ અને મુનાફિકોની બકવાસ અર્થહિન ઠરી. અલ્લાહ તઅલાએ અહીં મુનાફિકોનું જૂઠ જાહેર કર્યું અને તેમને ખોટા ઠેરવ્યા.

૩૨૧. સાચી વાતનો. તો દત્તકોને તેમનું પાલણ પોષણ કરનારાઓના પુત્રો ઠેરવો નહિ.

وَالْمُهٰجِرِيْنَ اِلَّآ اَنْ تَفْعَلُوْٓا اِلٰٓى اَوْلِيٰٓئِكُمْ مَّعْرُوْفًا
كَانَ ذٰلِكَ فِى الْكِتٰبِ مَسْطُوْرًا ۝٦ وَاِذْ اَخَذْنَا مِنَ
النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُّوْحٍ وَّاِبْرٰهِيْمَ وَمُوْسٰى
وَعِيْسَى ابْنِ مَرْيَمَ وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا ۝٧ لِّيَسْـَٔلَ
الصّٰدِقِيْنَ عَنْ صِدْقِهِمْ وَاَعَدَّ لِلْكٰفِرِيْنَ عَذَابًا
اَلِيْمًا ۝٨ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ
جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا وَّجُنُوْدًا لَّمْ تَرَوْهَا
وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرًا ۝٩ اِذْ جَآءُوْكُمْ مِّنْ
فَوْقِكُمْ وَمِنْ اَسْفَلَ مِنْكُمْ وَاِذْ زَاغَتِ الْاَبْصَارُ
وَبَلَغَتِ الْقُلُوْبُ الْحَنَاجِرَ وَتَظُنُّوْنَ بِاللّٰهِ الظُّنُوْنَا ۝١٠
هُنَالِكَ ابْتُلِيَ الْمُؤْمِنُوْنَ وَزُلْزِلُوْا زِلْزَالًا شَدِيْدًا ۝١١

નજીક છે[૩૨૯] બીજા મુસલમાનો અને મુહાજિરો કરતાં[૩૩૦]. પરંતુ એ કે તમે પોતાના મિત્રો પર કોઇ ઉપકાર કરો,[૩૩૧] આ કિતાબમાં લખ્યું છે[૩૩૨] (૬) અને અય મહબૂબ ! યાદ કરો જ્યારે અમે નબીઓ પાસેથી વાયદો લીધો[૩૩૩] અને તમારી પાસેથી[૩૩૪] અને નૂહ અને ઇબ્રાહીમ અને મરયમનો પુત્ર ઇસા પાસેથી અને અમે તેમની પાસેથી પાકો વાયદો લીધો (૭) જેથી સાચાઓને[૩૩૫] તેમના સત્ય વિષે પૂછે[૩૩૬] અને તેણે કાફિરો માટે દુ:ખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૮) અય ઇમાનવાળાઓ ! તમારા પર અલ્લાહનું જે એહસાન છે તે યાદ કરો[૩૩૭]; જ્યારે તમારા પર અમુક લશ્કરો ચઢી આવ્યાં[૩૩૮] ત્યારે અમે તેમના પર વંટોળીયો અને એવાં લશ્કરો મોકલ્યાં જે તમને દેખાયાં નહિ[૩૩૯], અને અલ્લાહ તમારાં કાર્યો જુએ છે[૩૪૦] (૯) જ્યારે કાફિરો તમારી ઉપરથી અને તમારી નીચેથી[૩૪૧] તમારા પર ચઢી આવ્યા અને જ્યારે આંખો ઝંખવાઇ ગઇ[૩૪૨] અને હૃદયો ગળા પાસે આવી લાગ્યાં[૩૪૩] અને તમે અલ્લાહ પર જાત જાતના વિચારો કરવા લાગ્યા (આશા નિરાશાના)[૩૪૪] (૧૦) તે એવી જગ્યા હતી જ્યાં મુસલમાનોની કસોટી થઇ[૩૪૫] અને સખત રીતે હલાવી દેવામાં આવ્યા (૧૧)

૩૨૨. જેમનાથી તેઓ જન્મ્યા.

૩૨૩. અને તેથી જો તમે તેમને તેમના બાપો સાથે સંબંધિત કરી શકો નહિ.....

૩૨૪. તો તમે તેમને ભાઇ કહો અને જેમના દત્તક હોય તેમના પુત્રો ન કહો.

૩૨૫. મનાઇ આવતાં પહેલાં. અથવા એ અર્થ છે કે ભૂલથી વગર ઇરાદે તેમને જો તેમને પાલવનારાઓના દીકરા કહી દેવાય અથવા કોઇ બીજાના દીકરાને માત્ર જીભની ભૂલના કારણે બેટા કહી દીધું તો તે હાલતોમાં ગુન્હો નથી.

૩૨૬. મનાઇ થયા પછી.

૩૨૭. દુનિયા અને દીનની તમામ બાબતોમાં. અને નબીનો હુકમ તેમના પર લાગુ પડે છે અને નબીની આજ્ઞાનું પાલન કરવું અનિવાર્ય છે અને નબીના હુકમ વિરૂદ્ધ પોતાની મનેચ્છા મુજબ અનુસરવાને ત્યજવું અતિ જરૂરી છે. અથવા એ અર્થ છે કે નબી મોઅમિનો પર તેમના પ્રાણો કરતા વધારે રહેમત કૃપા મહેરબાની ફરમાવે છે અને અતિ લાભ પહોંચાડનાર છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; 'હું દરેક મોઅમિન માટે દુનિયા અને આખેરતમાં બધાંથી વધારે અવલા (વધુ માલિક અથવા બધુ નજીક) છું જેની ઇચ્છા હોય તે આ આયત પઢે અન્નબીય્યુ અવલા બિલ મુઅમિનીન...' હઝરત ઇબ્ને મસઊદની કિરઅતમાં મિન અનફુસિહિમ પછી વહુવ અબુન લકુમ પણ છે. મુજાહિદે કહ્યું કે; બધા જ નબીઓ પોતાની ઉમ્મતોના બાપ હોય છે અને આ સંબંધના કારણે મુસલમાન પરસ્પર એકબીજાના ભાઇ કહેવાય છે કારણ કે તેઓ પોતાના નબીની દીની ઔલાદ હોય છે.

૩૨૮. તઅઝીમ અને હુરમતમાં તેમજ (નબીના નિકાહમાં આવી ગયા પછી) તેમની સાથે હંમેશ માટે નિકાહ હરામ હોવામાં. એ સિવાય બીજા હુકમોમાં જેમ કે વારસા વહેંચણી તેમજ પરદા વિગેરે બાબતોમાં એમનો અને બીજી સ્ત્રીઓનો હુકમ સરખો છે. અને એમની પુત્રીઓને મોઅમીનોની બહેનો તેમજ તેમના ભાઇઓ અને બહેનોને મોઅમીનોની માસીઓ તેમજ મામાઓ કહેવામાં નહિ આવે.

૩૨૯. વારસા વહેંચણીની બાબતમાં.

૩૩૦. **મસઅલો** :- આથી જણાયું કે ઉલુલ અરહામ (ગર્ભાશયની સગાઇવાળાઓ) એકબીજાના વારસદાર બને છે અને કોઇ અજાણ્યો માત્ર દીની બિરાદર હોવાના કારણે વારસદાર બની શકે નહિ.

૩૩૧. એ રીતે કે જેના માટે ઇચ્છો તેના માટે કંઇક વસીય્યત કરી જાવ તો વસિય્યત એક ત્રુત્યાંશ ભાગમાં વારસા વહેંચણીમાં પ્રથમ લાગુ પાડવામાં આવશે. સારાંશ એ કે માલ પ્રથમ ઝવી ફૂરૂઝ (કુરઆને જે લોકો માટે ભાગ નક્કી કરી આપ્યા છે તેઓ) ને આપવામાં આવશે પછી અસ્બાત (બાપ તરફના સગાઓ)ને અપાશે પછી ઝવીલ ફૂરૂઝને પછી નસ્બી ઝવીલ અરહામને અને પછી જિંદગી દરમ્યાન વારસો પ્રાપ્ત કરવાનો જેની સાથે કરાર કર્યો હોય તેને મળશે. (તફસીરે અહમદી)

૩૩૨. અર્થાત લવહે મહફૂઝમાં.

૩૩૩. રિસાલત પહોંચાડવાનો અને સત્ય દીન તરફ બોલવાનો.

૩૩૪. ખાસ કરીને.

**મસઅલો** :- સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું બયાન બીજા અમ્બિયા કરતાં પહેલું કરવાથી બીજા અમ્બિયા પર આપને જે શ્રેષ્ઠતા છે તે જાહેર થાય છે.

૩૩૫. અર્થાત પૈગમ્બરોને અથવા તેમના ટેકેદારોને.

૩૩૬. એટલે જે તેમણે પોતાની કોમને કહ્યું અને પહોંચાડયું તે બાબત પૂછે અથવા મોઅમીનોને તેમણે આપેલા ટેકા બાબત પૂછે. અથવા એ અર્થ છે કે પૈગમ્બરોને તેમની ઉમ્મતોએ જે જવાબ આપ્યો તે વિશે પૂછે. અને એ પૂછપરછનો હેતુ કાફિરોને અપમાનિત કરવાનો અને તેમને રડાવવાનો છે.

૩૩૭. જે તેણે અહઝાબની લડાઇ વખતે કર્યું જેને ખંદકની લડાઇ પણ કહે છે જે ઉહદની લડાઇ પછી એક વરસે થઇ હતી, જ્યારે કે મુસલમાનોને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સહીત મદીના શરીફમાં ઘેરી લેવામાં આવ્યા હતા.

૩૩૮. કુરેશ, ગત્ફાન અને કુરેઝાના યહૂદીઓ તેમજ નુદેરનાં.

૩૩૯. અર્થાત ફરિશ્તાઓનાં લશ્કરો.

**અહઝાબના યુદ્ધનો ટૂંકો હેવાલ** :- એ લડાઇ શવ્વાલ હિ.સ. ૪ અથવા ૫ માં થઇ જ્યારે બની નુદેરના યહૂદીઓને દેશ નિકાલ કરવામાં આવ્યા હતા ત્યારે તેમના આગેવાનો મક્કા મુકર્રમામાં કુરેશ પાસે ગયા અને તેમને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સામે યુધ્ધે ચઢવા ઉશ્કેર્યા અને વાયદો કર્યો કે અમે તમારી મદદ કરીશું ત્યાં સુધી કે મુસલમાનોનું નામ નિશાન ભૂંસાંઇ જાય. અબૂસુફયાને આ ચળવળને વધાવી લીધી અને ક્હયું કે; જે મોહમ્મદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની અદાવતમાં અમારો સાથ આપે તે અમને દુનિયામાં સર્વેથી વધારે વ્હાલો છે. પછી કુરેશીઓએ યહૂદીઓને પૂછ્યું કે; તમે આગલી કિતાબ-વાળાઓ છો, તમે અમને કહો કે અમે સત્ય પર છીએ કે મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)? યહૂદીઓએ કહ્યું કે; તમે જ સત્ય પર છો. ત્યારે કુરેશીઓએ બહું ખુશી વ્યક્ત કરી, ત્યારે જ "અલમ તર

ઇલલ્લઝીન ઉતૂ નસીબમ મિનલ કિતાબ... વાળી આયત ઉતરી (જેનો માયનો એ છે કે; શું તમે તે લોકોને જોયા નહિ જેમને કિતાબમાંથી અમુક આપવામાં આવ્યુ કે તેઓ મૂર્તિઓ પર ઇમાન લાવે છે?)

પછી યહૂદીઓ ગતફાન, કેસ અને ગીલાનના કબીલાઓમાં ગયા, ત્યાં પણ લોકોને આવી જ ઉશ્કેરણી કરી, તે બધા પણ એમની સાથે થઇ ગયા. આવી જ રીતે તેમણે દરેક ઠેકાણે પ્રવાસ કરીને અરબના એક એક કબીલાને મુસલમાનો વિરૂધ્ધ લડવા તૈયાર કર્યો. જ્યારે બધા જ તૈયાર થઇ ગયા ત્યારે ખઝાઆ કબીલાના અમુક માણસોને સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ કાફિરોની આ મહા તૈયારીના સમાચાર પહોંચાડી દીધા. આ સમાચાર મળતાં જ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરત સલ્માન ફારસીના મશ્વરાથી મદીનાના બચાવ માટે ખાઇ (ખંદક) ખોદાવવાનું શરૂ કર્યું, આ ખાઇ ખોદવામાં મુસલમાનોની સાથે સાથે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જાતે પણ કામ કર્યું. મુસલમાનો ખાઇ ખોદીને હજુ તો પરવાર્યા જ હતા કે મુશરિકો ૧૨૦૦૦ના સૈન્ય સાથે તેમના પર તુટી પડયા અને મદીના શરીફને ઘેરી લીધું પણ ખાઇ મુસલમાનો અને તેમની વચ્ચે આડી આવી ગઇ આ જોઇને તેઓ અચરજ પામી ગયા અને કહેવા માંડયા કે; લડાઇની આ એક એવી રીત છે જેનાથી અરબો અત્યાર સુધી અજાણ હતા. હવે તેમણે મુસલમાનો પર તીરોની વર્ષા શરૂ કરી અને આ ઘેરો પંદર કે ચોવીસ દિવસ સુધી ચાલ્યો. મુસલમાનોમાં ભય પેઠો, તેઓ ગભરાયા અને ખૂબ પરેશાન થયા, ત્યારે અલ્લાહ તઅલાએ મદદ કરી અને મુશરિકો પર વંટોળીઓ મોકલ્યો ખૂબજ ઠંડી અને અંધારી રાતે એટલા જોરથી પવન ફૂંકાયો કે તેમના તંબુઓ ઉખડી ગયા, દોરડાંઓ તોડી નાખ્યાં, ખુંટાઓ ઉખેડી ફેંક્યા, હાંડલીઓ ઉધામી ફેંકી, માણસો જમીન પર પછડાવા લાગ્યા અને ઉપરથી અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓ મોકલી આપ્યા જેમણે મુશરિકોને હચમચાવ્યા અને તેમના હૃદયોમાં બ્હીક ઘુસાડી દીધી, પણ એ લડાઇમાં ફરિશ્તાઓએ લડાઇ કરી ન હતી.

પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હુઝેફા બિન યમાનને ખબર કાઢવા મોકલ્યા. ખૂબ ઠંડી હતી તેઓ શસ્ત્ર સજ્જ થઇને નીકળ્યા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે નીકળતી વખતે તેમના મોઢા અને શરીર પર પોતાનો હાથ મુબારક ફેરવ્યો જેનાથી તેમને ઠંડીનો અસર થયો નહિ અને તેઓ દુશ્મનોના સૈન્યમાં પહોંચી ગયા, ત્યાં તોફાની પવન ફૂંકાતો હતો અને કાંકરાઓ ઉડી ઉડીને લોકોને વાગી રહ્યા હતા, આંખોમાં ધૂળ પેસી જતી હતી, અજબ પરેશાનીનો સમય હતો, કાફિરોના સૈન્યોના સેનાપતિ અબૂસૂફ્યાને એલાન કરાવ્યું કે જાસૂસોથી હોશિયાર રહેજો દરેક માણસ પોતાની સાથેવાળાને જુએ. આ એલાન થયા પછી દરેક માણસે પોતાની સાથેવાળાને ચપોટવાનું શરૂ કર્યું. હઝરત હુઝેફાએ હોશિયારી વાપરી પોતાની જમણી બાજુ વાળાને પૂછયું કે; તુ કોણ છે? તેણે કહ્યું.; હું ફલાણો ફલાણાનો છોકરો છું. ત્યાર બાદ અબૂસુફયાને બીજું એલાન કરાવ્યું કે; અય કુરેશીઓ ! તમે રહેવા લાયક જગ્યાએ નથી, ઘોડાઓ અને ઊંટો નાશ પામ્યાં છે, બની કુરેઝા પોતાના કરારમાંથી ફરી ગયા છે અને આપણને તેમના તરફથી શંકાશીલ સમાચાર સાંપડયા છે, પવને જે હાલત કરી છે તે તમે જોઇ રહ્યા છો. બસ, હવે અહીંથી કૂચ કરો, હું પણ રવાના થાઉ છું. અબૂ સુફયાન એટલું કહીને પોતાની ઉંટણી પર બેસી ગયા અને લશ્કરમાં અર્રહીલ અર્રહીલ એટલે કે ચાલો ચાલોનો ઘોંઘાટ મચી ગયો. પવન દરેક વસ્તુને ઊંધી નાખી દેતો પણ પવન તે લશ્કરની બહાર હતો નહિ. પછી તે લશ્કર ભાગી છુટયું અને સરસામાનનું વજન ઊંચકી જવાનું તેને કપરૂં લાગતાં ઘણો બધો સરસામાન પણ મૂકી ગયું. (જુમલ)

૩૪૦. અર્થાત તમારૂં ખાઇ ખોદવું અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની તાબેદારીમાં

અને જ્યારે મુનાફિકો કહેવા લાગ્યા અને તેઓ જેમના દિલોમાં રોગ હતો[૩૪૬]; 'અમને અલ્લાહ અને રસૂલે છેતરપીંડી સિવાય કશો વાયદો આપ્યો હતો નહિ[૩૪૭]' (૧૨) અને જ્યારે તેમનામાંથી એક જુથ બોલ્યું[૩૪૮]; 'અય મદીનાવાસીઓ ![૩૪૯] આ તમારા માટે (જામેલા) રહેવાની જગ્યા નથી[૩૫૦] તમે ઘેર પાછા ચાલો' અને તેમનામાંથી એક જુથ[૩૫૧] નબી પાસે (પાછા નાસી જવાની) રજા માંગતુ હતું એવું કહીને કે; 'અમારાં ઘરો અરક્ષિત છે' અને તેમનાં ઘરો અરક્ષિત ન હતાં પણ તેઓ તો નાસી છુટવાનું જ ઇચ્છતા હતા (૧૩) અને જો મદીનાની આજુબાજુથી તેમના પર સૈન્ય તૂટી પડત પછી તેમની માંગણી પુરી કરત[૩૫૨] અને એમાં થોડી આનાકાની સિવાય વધારે વાર લગાડત નહિ (૧૪) અને બેશક ! આથી પહેલાં તેઓ અલ્લાહ સાથે વાયદો કરી ચૂક્યા હતા કે તેઓ પીઠ ફેરવીને નહિ ભાગે. અને અલ્લાહના વાયદા વિષે પૃચ્છા થશે[૩૫૩] (૧૫) તમે કહી દો; નાસી છૂટવું તમને કદાપી લાભ નહિ આપે જો મૃત્યુ અથવા કતલથી નાસતા હોવ[૩૫૪], અને છતાં દુનિયા તમને વાપરવા નહિ દેવાય પણ (માત્ર) થોડી[૩૫૫]' (૧૬) તમે કહી દો; 'જો અલ્લાહ તમારૂં બુરૂં ઇચ્છે[૩૫૬] અથવા તમારા પર મહેર કરવા ઇચ્છે[૩૫૭] તો

الاحزاب ٣٣ — اتل ما اوحي ٢١

وَإِذْ يَقُولُ الْمُنَافِقُونَ وَالَّذِينَ فِي قُلُوبِهِم مَّرَضٌ
مَّا وَعَدَنَا اللَّهُ وَرَسُولُهُ إِلَّا غُرُورًا ﴿١٢﴾ وَإِذْ قَالَت طَّائِفَةٌ
مِّنْهُمْ يَا أَهْلَ يَثْرِبَ لَا مُقَامَ لَكُمْ فَارْجِعُوا ۚ وَيَسْتَأْذِنُ
فَرِيقٌ مِّنْهُمُ النَّبِيَّ يَقُولُونَ إِنَّ بُيُوتَنَا عَوْرَةٌ ۛ وَمَا
هِيَ بِعَوْرَةٍ ۖ إِن يُرِيدُونَ إِلَّا فِرَارًا ﴿١٣﴾ وَلَوْ دُخِلَتْ
عَلَيْهِم مِّنْ أَقْطَارِهَا ثُمَّ سُئِلُوا الْفِتْنَةَ لَآتَوْهَا وَمَا
تَلَبَّثُوا بِهَا إِلَّا يَسِيرًا ﴿١٤﴾ وَلَقَدْ كَانُوا عَاهَدُوا اللَّهَ
مِن قَبْلُ لَا يُوَلُّونَ الْأَدْبَارَ ۚ وَكَانَ عَهْدُ اللَّهِ
مَسْئُولًا ﴿١٥﴾ قُل لَّن يَنفَعَكُمُ الْفِرَارُ إِن فَرَرْتُم مِّنَ الْمَوْتِ
أَوِ الْقَتْلِ وَإِذًا لَّا تُمَتَّعُونَ إِلَّا قَلِيلًا ﴿١٦﴾ قُلْ مَن
ذَا الَّذِي يَعْصِمُكُم مِّنَ اللَّهِ إِنْ أَرَادَ بِكُمْ سُوءًا أَوْ

અટલ રહેવું.

૩૪૧. અર્થાત મેદાનના ઉપલા ભાગેથી પૂર્વ તરફથી બની અસદ અને ગતફાનના કબીલાઓ માલિક બિન ઔફ નસરી અને ઉયેયના બિન હસન ફઝારીની સરદારી હેઠળ એક હજારનું સૈન્ય લઇને અને તેમની સાથે તલીહા બિન ખુવૈલદ અસદી બની અસદનું ટોળું લઇને અને હય્ય બિન અખ્તબ યહુદી બની કુરૈઝાનું જુથ લઇને ચઢી આવ્યા તેમજ મેદાનની નીચાણના ભાગેથી પશ્ચિમ તરફથી કુરૈશ અને કનાના અબૂ સુફયાન બિન હર્બની સરદારીમાં ચઢી આવ્યા હતા.

૩૪૨. અને રૂઆબ ત્થા બ્હીકના કારણે આશ્ચર્ય ચકિત થઇ ગઇ.

૩૪૩. ભય અને ગભરાટ અંતિમ કક્ષાએ પહોંચી ગયો.

૩૪૪. મુનાફિકો તો એવું વિચારવા લાગ્યા કે મુસલામાનોનું નામ નિશાન રહેશે નહિ કાફિરોના આ મહાન સૈન્યો બધાનો સર્વનાશ કરી દેશે, અને મુસલમાનોને અલ્લાહ તઆલા તરફથી મદદ આવવાની અને પોતાના વિજયની આશા હતી.

૩૪૫. તેમની સબર અને અડગતાની પરખ કરવામાં આવી.

૩૪૬. અર્થાત એતેકાદની કમજોરી.

૩૪૭. આ વાત મુઅતબ બિન કશીરે કાફિરોનાં સૈન્યો જોઇને કહી હતી કે; મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) તો આપણને ઇરાન અને રોમના વિજયના વચનો આપે છે અને અહિં હાલત એ છે કે આપણામાંથી કોઇની એ હિમ્મત પણ નથી કે પોતાના પડાવની બહાર નીકળી શકે. તો એ વાયદાઓ

એવું કોણ છે જે અલ્લાહનો હુકમ તમારા પરથી ફેરવી નાખે? અને તેઓ અલ્લાહ સિવાય કોઇને તરફેણ કરનાર કે મદદગાર નહિ પામે (૧૭) બેશક ! અલ્લાહ તમારા તેમને જાણે છે જે બીજાઓને જિહાદથી રોકે છે અને પોતાના ભાઇઓને કહે છે કે; 'અમારી તરફ આવી જાવ[૩૫૮] અને (માત્ર) જુજ (માણસો) સિવાય (બીજા) લડાઇમાં આવતા નથી[૩૫૯] (૧૮) તમને મદદ આપવામાં કમી કરે છે પછી જ્યારે ભયનો સમય આવી લાગે ત્યારે તમે તેમને જોશો કે તેઓ તમારી તરફ એવી રીતે જોશે જાણે કે તેમની આંખો ભમી રહી છે જાણે કોઇના પર મોત છવાયું હોય, પછી જ્યારે ભયનો સમય પસાર થઇ જાય[૩૬૦] ત્યારે તમને ટોણા મારે ધારદાર જીભો વડે ગનીમતના માલની લાલચથી[૩૬૧]. એ લોકો ઇમાન લાવ્યા જ નથી[૩૬૨] તો અલ્લાહે તેમના અમલ અર્થહિન કર્યા[૩૬૩] અને અલ્લાહ માટે એ સહેલું છે (૧૯) તેઓ એવું સમજી રહ્યા છે કે કાફિરોના લશ્કરો હજુ ગયાં નથી[૩૬૪], અને જો લશ્કરો બીજીવાર આવે તો તેમની[૩૬૫] ઇચ્છા એ હશે કે કોઇ રીતે ગામડાઓમાં નીકળીને [૩૬૬] તમારા સમાચારો પૂછે[૩૬૭]. અને જો તેઓ તમારામાં રહેત તો પણ લડત નહિ પણ અમુક[૩૬૮] (૨૦)

اتل مآ اوحی ۲۱ الاحزاب ۳۳

اَرَادَ بِكُمْ رَحْمَةً ؕ وَلَا يَجِدُوْنَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ
وَلِيًّا وَّلَا نَصِيْرًا ⑰ قَدْ يَعْلَمُ اللّٰهُ الْمُعَوِّقِيْنَ مِنْكُمْ
وَالْقَآئِلِيْنَ لِاِخْوَانِهِمْ هَلُمَّ اِلَيْنَا ۚ وَلَا يَاْتُوْنَ الْبَاْسَ
اِلَّا قَلِيْلًا ⑱ اَشِحَّةً عَلَيْكُمْ ۖۚ فَاِذَا جَآءَ الْخَوْفُ رَاَيْتَهُمْ
يَنْظُرُوْنَ اِلَيْكَ تَدُوْرُ اَعْيُنُهُمْ كَالَّذِيْ يُغْشٰى عَلَيْهِ
مِنَ الْمَوْتِ ۚ فَاِذَا ذَهَبَ الْخَوْفُ سَلَقُوْكُمْ بِاَلْسِنَةٍ منزل ٥
حِدَادٍ اَشِحَّةً عَلَى الْخَيْرِ ؕ اُولٰٓئِكَ لَمْ يُؤْمِنُوْا فَاَحْبَطَ
اللّٰهُ اَعْمَالَهُمْ ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ⑲ يَحْسَبُوْنَ
الْاَحْزَابَ لَمْ يَذْهَبُوْا ۚ وَاِنْ يَّاْتِ الْاَحْزَابُ يَوَدُّوْا
لَوْ اَنَّهُمْ بَادُوْنَ فِي الْاَعْرَابِ يَسْاَلُوْنَ عَنْ
اَنْۢبَآئِكُمْ ؕ وَلَوْ كَانُوْا فِيْكُمْ مَّا قٰتَلُوْٓا اِلَّا قَلِيْلًا ⑳ ع ٢

નરી છેતરપિંડી જ ઠર્યા.

૩૪૮. અર્થાત મુનાફિકોનું એક ટોળું.

૩૪૯. એવું મુનાફિકો બોલ્યા હતા. તેમણે મદીના તય્યેબહને યષરબ કહ્યું.

**મસઅલો** :- મુસલમાનોએ યષરબ કહેવું જોઇએ નહિ. હદીષ શરીફમાં મદીના તય્યેબાને યષરબ કહેવાની મનાઇ આવેલી છે, હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ને એ ગમતું ન હતું કે મદીના પાકને યષરબ કહેવામાં આવે કારણ કે યષરબનો અર્થ સારો નથી.

૩૫૦. અર્થાત રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના લશ્કરમાં.

૩૫૧. અર્થાત બની હારેસા અને બની સલ્માના કબીલાવાલાઓ.

૩૫૨. અર્થાત ઇસ્લામથી ફરી બેસત.

૩૫૩. અર્થાત આખેરતમાં અલ્લાહ પાક એના વિષે પૂછશે કે એ શા માટે પુરો કરાયો નહિ?

૩૫૪. કારણ કે જે તકદીરમાં છે તે અવશ્ય થઇને જ રહેશે.

૩૫૫. અર્થાત જો (તમારા મૃત્યુનો) સમય નહિ આવ્યો હોય તો પણ નાસી છુટીને થોડા દિવસો જેટલી તમારી ઉંમર બાકી હશે તેટલી મુદ્દત સુધી જ દુનિયા વાપરશો અને એ માત્ર એક ટૂંકો ગાળો છે.

૩૫૬. અર્થાત તેને તમારી કતલ અને નાશ મંજુર હોય તો તેને કોઇ ટાળી શકતું નથી.

૩૫૭. શાંતિ અને સલામતી આપીને.

૩૫૮. અને સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને છોડી દો તેમની સાથે

بیشک ! તમાર માટે રસૂલુલ્લાહનું અનુસરણ[૩૬૯] બેહતર છે તેના માટે જે અલ્લાહ અને પાછલા દિવસની આશા ધરાવતો હોય અને અલ્લાહને ખૂબ યાદ કરે[૩૭૦] (૨૧) અને જ્યારે મુસલમાનોએ કાફિરોનાં સૈન્યો જોયાં (ત્યારે તેઓ) બોલ્યા; 'આ છે તે જેનો વાયદો અમને અલ્લાહે અને તેના રસૂલે કર્યો હતો[૩૭૧] અને અલ્લાહે અને તેના રસૂલે ખરૂં જ કહ્યું[૩૭૨] અને એના લીધે તેમના ઇમાન અને અલ્લાહની ખુશીમાં ખુશ રહેવા (ની આદત)માં વધારો થવા સિવાય તેમને અન્ય કશું લાધ્યું નથી (૨૨) મુસલમાનોમાં અમુક એવા મરદ માણસો છે જેમણે અલ્લાહ સાથે જે વાયદો કર્યો હતો તે સાચો કરી દેખાડયો[૩૭૩] તો એમનામાંથી કોઇ તો પોતાની મન્નત પૂર્ણ કરી ચૂકયું[૩૭૪] અને કોઇ રાહ જોઇ રહ્યું છે[૩૭૫] અને તેઓ જરા પણ બદલાયા નહિ[૩૭૬] (૨૩) જેથી અલ્લાહ સાચાઓને તેમના સત્યનો બદલો આપે અને જો ઇચ્છે તો મુનાફિકોને અઝાબ આપે યા તેમને તવબહ (ની તૌફીક) આપે. બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૪) અને પલ્ટાવી દીધા અલ્લાહે કાફિરોને[૩૭૭] તેમના દિલોની જલન સહિત એવી રીતે કે તેમને કશો લાભ થયો નહિ[૩૭૮] અને અલ્લાહ મુસલમાનો તરફથી લડાઇ બાબત પુરતો થઇ પડયો[૩૭૯] અને અલ્લાહ જબરદસ્ત ઇજ્જતવાળો છે (૨૫)

الاحزاب ٣٣ اتل مآ اوحى ٢١

لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللَّهِ أُسْوَةٌ حَسَنَةٌ لِّمَن
كَانَ يَرْجُو اللَّهَ وَالْيَوْمَ الْآخِرَ وَذَكَرَ اللَّهَ كَثِيرًا ﴿٢١﴾ وَلَمَّا
رَأَى الْمُؤْمِنُونَ الْأَحْزَابَ قَالُوا هَٰذَا مَا وَعَدَنَا اللَّهُ
وَرَسُولُهُ وَصَدَقَ اللَّهُ وَرَسُولُهُ وَمَا زَادَهُمْ إِلَّا
إِيمَانًا وَتَسْلِيمًا ﴿٢٢﴾ مِّنَ الْمُؤْمِنِينَ رِجَالٌ صَدَقُوا
مَا عَاهَدُوا اللَّهَ عَلَيْهِ فَمِنْهُم مَّن قَضَىٰ نَحْبَهُ وَمِنْهُم نصف
مَّن يَنتَظِرُ وَمَا بَدَّلُوا تَبْدِيلًا ﴿٢٣﴾ لِّيَجْزِيَ اللَّهُ
الصَّادِقِينَ بِصِدْقِهِمْ وَيُعَذِّبَ الْمُنَافِقِينَ إِن
شَاءَ أَوْ يَتُوبَ عَلَيْهِمْ إِنَّ اللَّهَ كَانَ غَفُورًا رَّحِيمًا ﴿٢٤﴾
وَرَدَّ اللَّهُ الَّذِينَ كَفَرُوا بِغَيْظِهِمْ لَمْ يَنَالُوا خَيْرًا
وَكَفَى اللَّهُ الْمُؤْمِنِينَ الْقِتَالَ وَكَانَ اللَّهُ قَوِيًّا عَزِيزًا ﴿٢٥﴾

જિહાદમાં ભાગ ન લો એમાં જીવનો ભય છે.

**શાને નુઝૂલ** :- આ આયત મુનાફિકો વિષે ઉતરી તેમની પાસે યહૂદીઓએ સંદેશો મોકલાવ્યો હતો કે તમે શા માટે તમારા જીવો અબૂસુફયાનના હાથે નાશ કરાવવા ઇચ્છો છો, તેના સિપાહીઓ આ વખતે જો તમને પકડશે તો કોઇને જીવવા નહિ દે, અમને તમારી ચિંતા છે તમે અમારા ભાઇઓ અને પડોશીઓ છો અમારી પાસે આવી જાવ.

આ સંદેશો સાંભળીને અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ મુનાફિક અને તેના સાથીદારો મોઅમિનોને અબૂસુફયાન અને તેના સાથીદારોનો ભય દેખાડીને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો સાથ આપવાથી રોકવા લાગ્યા અને એ માટે તેમણે ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ તેમણે જેટલી જેહમત ઉઠાવી મોઅમિનોની અડગતા અને મક્કમતા વધતાં જ ગયાં.

૩૫૯. અને આવે છે તે પણ દેખાવ પુરતા.

૩૬૦. અને શાંતિ તેમજ રાહત સાંપડે.

૩૬૧. અને એવું કહે કે; અમને વધારે આપો અમારા કારણે જ તમે જીત્યા છો.

૩૬૨. વાસ્તવમાં, ભલે તેમણે જબાનથી ઇમાન લાવવાની જાહેરાત કરી હોય.

૩૬૩. હકીકતમાં તેઓ મુસલમાન ન હતા તેથી તેમના તમામ જાહેરી અમલો જિહાદ વિગેરે બધું નાબૂદ કરી દેવાયું.

૩૬૪. અર્થાત મુનાફિકો પોતાના બાયલાપણાના લીધે હજુ એવું જ સમજી રહ્યા છે કે કુરૈશી કાફિરો

ગતફાનના કબીલાવાળાઓ અને યહૂદીઓ હજુ સુધી મેદાન છોડીને નાસી ગયા નથી અને સાચી વાત એ છે કે તેઓ નાસી છુટયા છે.

૩૬૫. અર્થાત મુનાફિકોની તેમના બાયલાપણાના કારણે...

૩૬૬. મદીના તય્યેબહ્ આવનાર જનાર લોકો પાસેથી...

૩૬૭. કે મુસલમાનોનું શું પરિણામ આવ્યું કાફિરો સામે તેમની કેવી હાલત થઇ?

૩૬૮. દેખાવ પુરતા અને બહાનું કરવા જેથી કહેવાનુ થાય કે અમે પણ તમારી સાથે લડાઇમાં સામેલ હતા.

૩૬૯. તેમના પગલે સારી રીતે ચાલો અને અલ્લાહના દીનની મદદ કરો અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ નો સાથ છોડો નહિ અને મુસીબતો પર સબર કરો અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની સુન્નતો પર ચાલો એ જ ઉત્તમ છે.

૩૭૦. દરેક મોકા પર તેની યાદ કરે, ખુશીમાં પણ અને ગમીમાં પણ સુખમાં પણ અને દુ:ખમાં પણ.

૩૭૧. કે તમને કષ્ટ અને બલા સાંપડશે અને તમારી કસોટી થશે અને આગલાઓની જેમ તમારા પર સખ્તાઇ આવી પડશે અને લશ્કરો એકત્ર થઇને તમારા પર ધસી આવશે પણ પરિણામમાં તમારો જ વિજય થશે અને તમારી મદદ કરવામાં આવશે, જેવું કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે; "અમ હસિબ્તુમ અન તદખુલુલ જન્નત વલમ્મા યઅતિકુમ મસલુલ્લઝીન ખલવ મિન કબ્લિકુમ" (શું તમે એવું સમજી બેઠા છો કે તમારા આગલાઓ પર જેવી મુસીબતો આવી હતી તેવી મુસીબતો વેઠયા વગર તમે જન્નતમાં પ્રવેશી જશો?) અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ કહ્યું છે કે; સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસ્સલમે પોતાના અસ્હાબને ફરમાવ્યું; આવતી નવ કે દશ રાતોમાં સૈન્યો તમારા પર ધસારો કરવાનાં છે. જ્યારે તેમણે જોયું કે એ મુદ્દતમાં સૈન્યો ધસી આવ્યાં ત્યારે તેઓ બોલ્યા; આ છે તે જેનો વાયદો અમને અલ્લાહ અને તેના રસૂલે કર્યો હતો.

૩૭૨. અર્થાત જેટલા એમના વાયદા છે તે બધા જ સાચા છે બધા જ ખરેખર પુરા થશે, અમારી મદદ પણ થશે, અમને વિજય પણ અપાશે અને મક્કા મુકર્રમા રોમ અને ફારસ પણ જીતાશે.

૩૭૩. હઝરત ઉસ્માન ગની અને હઝરત તલ્હા અને હઝરત સઇદ બિન ઝેદ અને હઝરત હમ્ઝા અને હઝરત મુસઅબ વિગેરે સહાબા રદીયલ્લાહુ તઆલા અન્હુમે નઝર માની હતી (મન્નત માની હતી) કે જ્યારે તેઓને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સાથે રહીને જિહાદ કરવાની તક સાંપડશે ત્યારે તેઓ શહીદ થઇ જતાં સુધી અટલ અને મક્કમ (લડાઇમાં) રહેશે. તેમના વિષે આ આયતમાં કહેવાયું કે તેમણે પોતાનો વાયદો સાચો કરી દેખાડયો.

૩૭૪. જિહાદમાં મક્કમ રહ્યા એટલે સુધી કે શહીદ થઇ ગયા જેવા કે હઝરત હમ્ઝા અને હઝરત મુસઅબ રદીયલ્લાહુ તઆલા અન્હુમા.

૩૭૫. અને શહાદતની પ્રતિક્ષા કરી રહ્યું છે જેવા કે હઝરત ઉસ્માન અને હઝરત તલ્હા રદીયલ્લાહુ અન્હુમા.

૩૭૬. પોતાના વચન પર અટલ રહ્યા શહીદ થઇ જનાર પણ અને શહાદતની રાહ જોનાર પણ, આમાં તે મુનાફિકોને ટોણું મરાયું છે જેઓ પોતાના વચન પર અડગ રહ્યા નહિ.

૩૭૭. અર્થાત કુરેશ અને ગતફાન વિગેરેનાં સેન્યોને જેમનું વર્ણન ઉપર થઇ ગયું.

અને જે એહલે કિતાબે તેમની (કાફિરોની) મદદ કરી હતી[૩૮૦] તેમને તેમના કિલ્લાઓમાંથી કાઢયા[૩૮૧] અને તેમના હૃદયોમાં રોફ નાખ્યો (કે) તેમનામાંથી એક જુથને તમે કતલ કરો છો[૩૮૨] અને એક જુથને કેદ પકડો છો[૩૮૩] (૨૬) અને અમે તમારા હાથમાં મૂકી દીધી તેમની જમીન અને તેમનાં ઘરો અને તેમનો માલ (દોલત)[૩૮૪] અને તે જમીન જેના પર હજુ તમે પગ મૂક્યો નથી[૩૮૫] અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનાર છે (૨૭) અય ગૈબ કહેનાર ! (નબી) પોતાની પત્નીઓને કહી દે; 'જો તમે દુનિયાનું જીવન અને તેનો શણગાર ઇચ્છતી હોઉ[૩૮૬] તો આવો ! હું તમને માલ આપુ[૩૮૭] અને સારી રીતે છોડી દઉં[૩૮૮] (૨૮) અને જો તમે અલ્લાહ અને તેના રસૂલ અને આખેરતનું ઘર ઇચ્છતી હોઉ તો બેશક ! અલ્લાહે તમારી નેકીવાળીઓ માટે મહાન બદલો તેયાર કરી રાખ્યો છે' (૨૯) અય નબીની પત્નીઓ ! તમારામાં જે સ્પષ્ટ રીતે હયા વિરૂદ્ધની ચેષ્ટા કરે[૩૮૯] તેના પર બીજાઓ કરતાં બમણો અઝાબ થશે[૩૯૦] અને એ અલ્લાહ માટે સહેલું છે (૩૦)

اتل مآ اوحي ٢١ — الاحزاب ٣٣

وَاَنْزَلَ الَّذِيْنَ ظَاهَرُوْهُمْ مِّنْ اَهْلِ الْكِتٰبِ مِنْ
صَيَاصِيْهِمْ وَقَذَفَ فِيْ قُلُوْبِهِمُ الرُّعْبَ فَرِيْقًا
تَقْتُلُوْنَ وَتَاْسِرُوْنَ فَرِيْقًا ﴿٢٦﴾ وَاَوْرَثَكُمْ اَرْضَهُمْ
وَدِيَارَهُمْ وَاَمْوَالَهُمْ وَاَرْضًا لَّمْ تَطَـُٔوْهَا وَكَانَ اللّٰهُ
عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرًا ﴿٢٧﴾ يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ
اِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا فَتَعَالَيْنَ
اُمَتِّعْكُنَّ وَاُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿٢٨﴾ وَاِنْ كُنْتُنَّ
تُرِدْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالدَّارَ الْاٰخِرَةَ فَاِنَّ اللّٰهَ اَعَدَّ
لِلْمُحْسِنٰتِ مِنْكُنَّ اَجْرًا عَظِيْمًا ﴿٢٩﴾ يٰنِسَآءَ النَّبِيِّ
مَنْ يَّاْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا الْعَذَابُ
ضِعْفَيْنِ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿٣٠﴾

૩૭૮. નિષ્ફળ અને નામુરાદ પાછા ગયા.

૩૭૯. કે દુશ્મનો ફરિશ્તાઓની તકબીરો (નારાઓ) અને પવનના તોફાનથી નાસી છુટ્યા.

૩૮૦. અર્થાત બની કુરેઝા જેમણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ની વિરૂદ્ધ કુરેશ અને બની ગતફાનની મદદ કરી હતી.

૩૮૧. આમાં "બની કુરેઝાની લડાઇ" નું બયાન છે જે ઝીલકાદ મહીનાની આખરમાં ચાર અથવા પાંચ હિ.સ. માં થઇ હતી. જ્યારે "ખંદક ની લડાઇ" માં રાત્રે શત્રુઓનાં લશ્કરો ભાગી છુટયાં જેનું વર્ણન ઉપરની આયતોમાં થઇ ગયું, તે રાતની સવારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબા મદીના શરીફમાં આવ્યા અને શસ્ત્રો ઉતાર્યાં તે દિવસે ઝોહર વખતે જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ નું માથું મુબારક ધોવાઇ રહ્યું હતું ત્યારે જિબ્રઇલ અમીન આવ્યા અને કહ્યું; હુઝૂરે તો શસ્ત્રો નાખ્યાં પણ ફરિશ્તાઓએ ચાલીસ દિવસોથી હથિયારો મૂક્યાં નથી, અલ્લાહ તઆલા આપને બની કુરેઝા તરફ જવાનો હુકમ કરે છે. હુઝૂરે એલાન કરી દેવાનું કહ્યું કે; જે ફરમાંબરદાર હોય તે અસરની નમાઝ બની કુરેઝામાં જઇને પઢે. હુઝૂર એટલું કહીને રવાના થઇ ગયા અને મુસલમાનોએ તે તરફ જવાનું શરૂ કરી દીધું અને થોડા થોડા થઇને હુઝૂરની પાસે પહોંચવા માંડયા, એટલે સુધી કે અમુક માણસો ઇશાની નમાઝ પછી પહોંચ્યા પણ તેમણે તે વખત સુધી અસરની નમાઝ પઢી હતી નહિ, કારણ કે હુઝૂરે અસરની નમાઝ બની કુરેઝામાં જઇને પઢવાનો આદેશ આપ્યો હતો એટલે તે દિવસે તેમણે અસર ઇશા પછી અદા કરી અને એ બાબત તેમને ન તો અલ્લાહ તઆલાએ ટોક્યા ન રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે. ઇસ્લામી લશ્કરે ૨૫ દિવસો

સુધી બની કુરેઝાને ઘેરો ઘાલ્યો એનાથી તેઓ કંટાળી ગવા અને અલ્લાહ તઆલાએ તેમનાં દિલોમાં રોફ પેસાડી દીધો. હુઝૂરે તેમને પૂછયું કે મારા હુકમથી તમે પોતાના કિલ્લાઓમાંથી બહાર નીકળશો? તેમણે ઇન્કાર કર્યો. ત્યારે હુઝૂરે તેમને પૂછયું કે; ઓસ કબીલાના સરદાર સઅદ બિન મુઆઝના ફેંસલા મુજબ તમારા કિલ્લાઓમાંથી નીકળશો? એ બાબત તેઓ સંમત થયા. ત્યારે સઅદ બિન મુઆઝને તેમનો ફેંસલો કરવા માટે નીમવામાં આવ્યા. હઝરત સઅદે ફેંસલો કર્યો કે; પુરૂષોને કતલ કરવામાં આવે અને સ્ત્રીઓ તેમજ બાળકોને કેદ કરવામાં આવે. અને મદીનાના ચોકમાં ખાઇ ખોદવામાં આવે અને ત્યાં લાવીને એ બધા (પુરૂષો) ને કતલ કરી દેવામાં આવે. તે લોકોમાં બની નુદેર કબીલાનો સરદાર હુય્ય બિન અખ્તબ અને બની કુરેઝાનો સરદાર કઅબ બિન અસદ પણ હતો અને કુલ એ લોકો ૬૦૦ અથવા ૭૦૦ હતા જેમની ગરદનો કાપીને ખાઇમાં નાખી દેવામાં આવ્યા. (મદારિક, જુમલ).

૩૮૨. અર્થાત લડાયક પુરૂષોને.

૩૮૩. સ્ત્રીઓ અને બાળકોને.

૩૮૪. રોકડ સરસામાન અને જાનવરો બધું જ મુસલામાનોના કબ્જામાં આવ્યું.

૩૮૫. તે જમીન એટલે ખૈબર જે બની કુરેઝાના વિજય પછી મુસલમાનોના કબ્જામાં આવ્યું અથવા દરેક તે પ્રદેશ જે કયામત સુધી મુસલમાનોના હાથે જીતાશે.

૩૮૬. અર્થાત જો તમને માલદારી અને એશઆરામનાં સાધનો જોઇતાં હોય.

**શાને નુઝૂલ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની બીબીઓએ આપની પાસે દુનિયાના સરસામાનની માંગણી કરી અને ખાધા ખોરાકીના ખર્ચમાં વધારી કરવાની ઇચ્છા દર્શાવી. પણ ત્યાં તો કમાલ દરજ્જાની દુનિયા તરફથી બેપરવાઇ સિવાય કશું હતું નહિ, દુનિયાનું ધન અને તેને ભેગું કરવું ગમતું જ ન હતું તેથી એ માંગણી આપના દિલને ગમી નહિ અને આ આયત ઉતરી અને બીબીઓને અખત્યાર આપવામાં આવ્યો, તે સમયે હુઝૂરની નવ બીબીઓ હતી, પાંચ કુરેશ ખાનદાનની હતી, તેમનાં નામો આ મુજબ છે હઝરત આઇશહ બિન્તે અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુમા, હઝરત હફસા બિન્તે ફારૂક રદિયલ્લાહુ તઆલા અન્હુમા, ઉમ્મે હબીબા બિન્તે અબી સુફયાન રદિયલ્લાહુ તઆલા અન્હા, ઉમ્મે સલ્મા બિન્તે ઉમય્યહ રદિયલ્લાહુ તઆલા અન્હા, સવદા બિન્તે ઝમ્અહ રદીયલ્લાહુ તઆલા અન્હા અને ચાર બીબીઓ બિન કુરેશ ખાનદાનની હતી તેમનાં નામો આ મુજબ છે, ઝેનબ બિન્તે જહશ અસદિય્યહ રદીયલ્લાહુ તઆલા અન્હા, મૈમૂના બિન્તે હારિશ હિલાલિયહ રદીયલ્લાહુ તઆલા અન્હા, સફિયહ બિન્તે હુય્ય બિન અખ્તબ ખૈબરિય્યહ રદીયલ્લાહુ તઆલા અન્હા, જુવેરિયહ બિન્તે હારિસ મુસ્તલકિય્યહ રદીયલ્લાહુ તઆલા અન્હા.

સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સૌ પ્રથમ હઝરત આઇશહ રદીયલ્લાહુ તઆલા અન્હાને આ આયત સંભળાવીને અખત્યાર આપ્યો અને કહ્યું કે; (નિર્ણય કરવામાં) ઉતાવળ કરવાની જરૂર નથી તમારાં માં-બાપ સાથે સલાહ મશ્વેરો કર્યા પછી જે નિર્ણય થાય તે મુજબ કરજો. તેમણે કહ્યું, હુઝૂરની બાબતમાં (વળી) સલાહ મશ્વેરો કેવો? હું તો અલ્લાહને અને તેના રસૂલને અને આખેરતને ઇચ્છું છું. બાકીની બીબીઓએ પણ આવા જ જવાબો આપ્યા.

**મસઅલો** :- જે સ્ત્રીને (યા તલાક યા પતિ એવો) અખત્યાર આપવામાં આવે અને તે પતિને પસંદ કરે તો તેને તલાક લાગુ પડતી નથી અને પોતાના નફ્સને પસંદ કરે તો આપણા મઝહબ અનુસાર તલાકે બાઈન લાગુ

પડે છે.

૩૮૭. જે સ્ત્રી સાથે નિકાહ પછી સંભોગ અથવા સંભોગ લાયક એકાંત થયું હોય અને તેને તલાક આપવામાં આવે તો તેણીને થોડોક સામાન આપવો મુસ્તહબ છે અને તે સામાન ત્રણ કપડાંઓનું જોડ (એક જોડ કપડાં) છે અહિં "માલ" નો એ જ મતલબ છે.

**મસઅલો** :- જે સ્ત્રીનો મહેર નક્કી કરવામાં ન આવ્યો હોય તેને સંભોગ અથવા સંભોગ લાયક એકાંત પહેલાં તલાક આપી તો તેવીને આ જોડ કપડાં આપવાં વાજિબ છે.

૩૮૮. કષ્ટ આપ્યા વગર.

૩૮૯. જેમકે પતિની ફરમાંબરદારીમાં સુસ્તી કરવી અને તેની સાથે ખરાબ રીતે વર્તવું. કારણ કે બદકારીથી તો અલ્લાહ તઆલા નબીની પત્નીઓને પાક રાખે છે.

૩૯૦. કારણ કે જેને શ્રેષ્ઠતા વધારે હોય તેવાથી જો કસૂર થઇ જાય તો તે બીજાના કસૂર કરતાં વધારે સખત કહેવાય છે.

**મસઅલો** :- તેથી જ આલીમોનો ગુન્હો જાહિલના ગુનાહથી વધારે ખરાબ ગણાય છે અને એટલા જ માટે આઝાદ માણસોની સજા શરીઅતમાં ગુલામોની સજા કરતાં વધારે હોય છે. નબી અલયહિસ્સલામની બીબીઓ તમામ જહાનની ઔરતોથી વધારે શ્રેષ્ઠતા ધરાવે છે તેથી તેમની જરા જેટલી વાત પણ સખત પકડને પાત્ર છે.

ફાયદો :- "ફાહેશા" (હયા વિરૂદ્ધનું કૃત્ય) શબ્દ જ્યારે "મારેફા" હોય ત્યારે તેનો અર્થ વ્યભિચાર અને પ્રકૃતિ વિરૂદ્ધનું કાર્ય હોય છે, અને જ્યારે એ "નકેરા ગૈર મૌસૂફા" તરીકે વપરાયો હોય ત્યારે એનો અર્થ બધા ગુનાહ થાય છે, અને જ્યારે "મૌસૂફ" થઇને આવે ત્યારે એનો અર્થ પતિની નાફરમાની અને કંકાસી જીવન થાય છે. આ આયતમાં "નકેરા મૌસૂફા" છે તેથી જ એનો અર્થ પતિની ફરમાંબરદારીમાં બેપરવાઇ અને ખરાબ વર્તન થાય છે જેવું કે હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે. (જુમલ).